




પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૮-૧-૨૦૨૫, શનિવાર
વર્ષઃ ૧૩, અંક : ૨૬૩

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia







# ૬૫ લાખ લોકોને જમીનની માલિકી અર્પણ કરતા વડાપ્રધાન

## ૧૨ જેટલા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના લોકોને એક જ દિવસમાં પ્રોપર્ટી કાર્ડનું વિતરણઃ ૨૩૦ જિલ્લામાં યોજાયો કાર્યક્રમઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વર્ચ્યુઅલી સંબોધન

**અબતક, નવી દિલ્હી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં વીડિયો કોન્ફરન્સિંગ મારફતે આજે શનિવારે સ્વામિત્વ પ્રોપર્ટી કાર્ડ્સનાં ઈ-વિતરણનો કાર્યક્રમ યોજાયો છે, આ કાર્યક્રમમાં છત્તીસગઢ, ગુજરાત, હિમાચલપ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મિઝોરમ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને બે કેન્દ્રશાસિત પ્રદેશો - જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખનાં ૫૦,૦૦૦થી વધારે ગામડાંઓમાં આશરે ૬૫ લાખ સ્વામિત્વ પ્રોપર્ટી કાર્ડ્સનું વિતરણ થયું છે.

આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહ, પંચાયતી રાજ મંત્રાલય, પંચાયતી રાજ રાજ્યમંત્રી પ્રો. એસ. પી. સિંહ બઘેલ અને એમઓપીઆરના સચિવ વિવેક ભારદ્વાજની ઉપસ્થિતિમાં પસંદ કરેલા લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કરાયો છે અને રાષ્ટ્રવ્યાપી સંબોધન કર્યું હતું. આ સમારંભમાં કેટલાંક કેન્દ્રીય મંત્રીઓ, મુખ્યમંત્રીઓ, સંબંધિત રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોનાં મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, પંચાયતનાં પ્રતિનિધિઓ અને દેશભરનાં મુખ્ય હિતધારકો પણ વર્ચ્યુઅલ રીતે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૨૩૦થી વધુ જિલ્લાઓમાં આયોજિત થનારા વિવિધ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં નાગરિકોએ પ્રોપર્ટી કાર્ડના ભૌતિક વિતરણમાં ભાગ લીધો હતો. આશરે ૧૩ કેન્દ્રીય મંત્રીઓ પ્રોપર્ટી કાર્ડના પ્રાદેશિક વિતરણ સમારોહની દેખરેખ માટે દેશભરમાંથી નિર્ધારિત સ્થળોએથી ભૌતિક રીતે જોડાયા હતા. સ્વામિત્વ યોજનાએ નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે, જેમાં

(અનુ. આઠમા પાને)

### ભારત માર્ચમાં આંતરરાષ્ટ્રીય કાર્યશાળા યોજી આ ટેકનોલોજીથી અન્ય દેશોને વાકેફ કરશે

સરકાર સ્વામિત્વ યોજનાની સફળતાને વૈશ્વિક પ્લેટફોર્મ પર પ્રદર્શિત કરવાની યોજના ધરાવે છે. માર્ચ, ૨૦૨૫માં એમઓપીઆરએ વિદેશ મંત્રાલય સાથે જોડાણમાં એક આંતરરાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરવાની યોજના બનાવી છે, જેમાં આફ્રિકા, લેટિન અમેરિકા અને દક્ષિણપૂર્વ એશિયાનાં આશરે ૪૦ પ્રતિનિધિઓ સામેલ થશે. આ વર્કશોપનો ઉદ્દેશ શ્રેષ્ઠ પદ્ધતિઓ અને અદ્યતન ડ્રોન તથા જીઆઈએસ ટેકનોલોજી વહેંચવાનો છે, જે વિશ્વભરમાં આ પ્રકારની પહેલો માટે જોડાણને પ્રોત્સાહન આપશે. મે ૨૦૨૫માં, મંત્રાલય ભારતની સિદ્ધિઓને પ્રકાશિત કરવા અને મોડેલના આંતરરાષ્ટ્રીય સ્વીકારને પ્રોત્સાહિત કરવા માટે વોશિંગ્ટનમાં વર્લ્ડ બેંક લેન્ડ ગવર્નન્સ કોન્ફરન્સમાં ભાગ લેવાની પણ યોજના બનાવી રહ્યું છે.



૩૧થી શરૂ થતાં બજેટ સત્રમાં સરકાર આવકવેરાનું નવું બિલ પ્રસ્તુત કરશે



વપરાયેલ મેડિકલ સાધનોની આયાત ઉપર રોક લગાવતી સરકાર



આગામી ગુરૂવારે કોહલી રાજકોટમાં રણજી રમવા આવશે!



અલ્હાહાબાદ હાઈકોર્ટના જજ વિરૂદ્ધ ગુનો દાખલ કરવા ચીફ જસ્ટિસને વરિષ્ઠ વકીલોની રજુઆત

# આઈડિયા, એરટેલ અને જીઓને રૂ.૧ લાખ કરોડની ‘રાહત’ આપવા સરકારની વિચારણા

## સુપ્રીમના આદેશ બાદ ટેલિકોમ કંપનીઓ ઉપર લગાવેલા એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ લેણાં પર રાહત મળે તેવી શક્યતા

**અબતક, નવી દિલ્હી**



સરકાર ૨૦૧૯ ના સુપ્રીમ કોર્ટના આદેશ બાદ વોડાફોન આઈડિયા અને ભારતી એરટેલ જેવી ટેલિકોમ કંપનીઓ પર લાદવામાં આવેલા એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ લેણાં પર ૫૦% વ્યાજ અને ૧૦૦% દંડ અને વ્યાજ માફ કરવાના પ્રસ્તાવ પર વિચાર કરી રહી છે. વિશ્લેષકો કહે છે કે જો આ પ્રકારનું પગલું અમલમાં મૂકવામાં આવે તો, તે ભારતમાં ટેલિકોમ વ્યવસાય માટે એક સીમાચિહ્નરૂપ સાબિત થશે અને બજાર ખાનગી ક્ષેત્રના એકાધિકારમાં ફેરવાઈ ન જાય તેની ખાતરી કરવામાં ઘણી મદદ કરશે. આ પગલાને અંતિમ સ્વરૂપ આપવામાં આવે તો, ટેલિકોમ કંપનીઓને રૂ. ૧ લાખ કરોડથી વધુની નાણાકીય રાહત મળશે, જેમાંથી અડધાથી વધુ રકમ કટોકટીગ્રસ્ત વોડાફોન આઈડિયાને મળશે.

ટેલિકોમ કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૬ થી સરકારનો એજીઆરના હજારો કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે, જે તેની કાર્યક્ષમતા પર પ્રશ્નો ઉભા કરે છે. પ્રસ્તાવિત રાહત હેઠળ, વિઆઈના એજીઆર લેણાંમાં રૂ. ૫૨,૦૦૦ કરોડથી વધુનો ઘટાડો થઈ શકે છે; આર્થિક રીતે મજબૂત ભારતી એરટેલ માટે, લગભગ રૂ. ૩૮,૦૦૦ કરોડ; અને ટાટા ટેલિસર્વિસિસ માટે, લગભગ રૂ. ૧૪,૦૦૦ કરોડ, એક બીજા વ્યક્તિએ જણાવ્યું.

રિલાયન્સ જિયો પાસે કોઈ વારસાગત એજીઆર બાકી નથી અને પ્રસ્તાવિત પગલાથી તેના પર કોઈ અસર થતી નથી. ટાટા ટેલી હવે રિટેલ મોબિલિટી સેવાઓ આપતી નથી, પરંતુ ફક્ત એન્ટરપ્રાઈઝ મોબિલિટી સેવાઓ પ્રદાન કરે છે. “આ દરખાસ્ત પર નાણા મંત્રાલય, ટેલિકોમ્યુનિકેશન વિભાગ અને કેબિનેટ સચિવાલય સહિત ઉચ્ચ સ્તરે ચર્ચા થઈ રહી છે,” વિગતોથી વાકેફ એક વ્યક્તિએ જણાવ્યું. લોકોએ જણાવ્યું હતું કે સરકાર તેના ૧ ફેબ્રુઆરીના બજેટમાં આ પગલાની જાહેરાત કરવા માટે કામ કરી રહી છે - સપ્ટેમ્બર ૨૦૨૧

(અનુ. આઠમા પાને)













# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો.હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

આ સપ્તાહે, જૂનાં કામકાજનો નિકાલ આવશે. સાથે નવા કામકાજ અને તકો મળવાની સંભાવનાઓ. ભારતના દક્ષિણી વિસ્તાર એવમ વિદેશ સાથે સંકળાયેલ ઔદ્યોગિક- વાણિજ્યક એકમ ના જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે, સાથે દોડધામ એવમ પ્રવાસ થવાની પણ સંભાવના. આ સિવાયના, અન્ય ઔધોગિક તથા વ્યાપાર-વાણિજ્યક એકમના જાતકો માટે દોડધામ વાળું સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ અતિ સાનુકૂળ નીવડશે. કુટુંબ-પરિવાર દ્વારા સાથ સહકાર યથાવત રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત, વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૨૪ તથા ૨૫ જાન્યુઆરી સરેરાશ નીવડશે.

### વૃષભ — બ,વ,ઉ

બ્રાંડેડ ગાર્મેન્ટ્સ એવમ રેડીમેડ ગાર્મેન્ટ્સનાં આઉટલેટના જાતકો, તથા ફેશન એસેસરીઝ, શુ વેર્સના ઉત્પાદક તથા વિક્રેતા તથા બ્યુટી પાર્લરનાં જાતકો માટે આ સપ્તાહ ખૂબ લાભકારક નીવડશે. વિચારકો, લેખકો, સાહિત્યકારો, પ્રોકલેમ સેલીબ્રીટી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ જણાશે. ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ લાભકારી રહેશે. વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ બહુ લાભદાયક નીવડશે. મિત્રો, સ્નેહીઓ તરફથી સાથ સહકારના સંયોગો. વર્કીંગ વૂમન, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ આરામદાયી અને સુખદાયક નીવડશે. ૨૧ તથા ૨૨ જાન્યુઆરી સાધારણ અથવા સાવ સરેરાશ રહેશે.

### મિથુન — ક,છ,ઘ

આ સપ્તાહ દરમિયાન ધંધા વ્યવસાય હેતુ પ્રવાસ, હળવો પરિશ્રમ રહેવાના સંયોગો. સર્વિસ બિઝનેસના જાતકો માટે પ્રવાસ એવમ પુષ્કળ ફાયદો થવાના સંયોગો. નાના ઔદ્યોગિક એકમ તથા મોટા વ્યાપાર-વાણિજ્યક એકમના જાતકો માટે આ સપ્તાહ દરમિયાન હળવા સંઘર્ષ સાથે સાનુકૂળતા જણાશે. છૂટક વ્યાપારી માટે લાભકારી સાથે દોડધામ જણાશે. ખાનગી શૈક્ષણિક સંસ્થાના જાતકો માટે આ સપ્તાહ પણ સામાન્ય રહેવાના સંયોગો. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ, યથાવત રહેશે. વિદ્યાર્થી, મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૦ જાન્યુઆરી મધ્યમ રહેશે.

### કર્ક — ડ,હ

આ સપ્તાહે નાનાં, મોટા દરેક ઔદ્યોગિક એકમના જાતકો તથા મોટા વ્યાપાર-વાણિજ્યક એકમના જાતકો માટે સાવ અણધાર્યો લાભ થવાની સંભાવના સાથે ધંધા વ્યવસાય હેતુ દેશ-વિદેશમાં પ્રવાસ થવાંની પણ સંભાવના જણાશે. સર્વિસ બિઝનેસ તથા ફાઈનાન્સ રીલેટેડ એકમના જાતકો તથા એજન્સીઝ, શરાફી પેઢી એવમ છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડવાના સંયોગો. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. કુટુંબ-પરિવાર તરફથી સુખ-શાંતિ એવમ સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા મહિલા કર્મી ગૃહિણી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨૨ જાન્યુઆરી સાવ મધ્યમ જણાશે.

### સિંહ — મ,ટ

આ સપ્તાહ દરમિયાન ધંધા વ્યવસાય હેતુ ભાગદોડ તથા પ્રવાસ થવાની શક્યતા સાથે સંઘર્ષપૂર્ણ જણાશે. સરકારી ક્ષેત્રના તમામ કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવા સંઘર્ષ વાળું તથા ચડાવ ઉતાર વાળું રહેવાના સંયોગો. દરેક પ્રકારના ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ પણ લાભકારી તથા સાનુકૂળ નીવડશે. કુટિર એવમ લઘુ ઉદ્યોગના જાતકો માટે આ સપ્તાહ લાભકારી તથા નવી નવી તકો વાળું નીવડશે. વ્યાપાર વણિજ એકમના જાતકો માટે આ સપ્તાહ ભાગ દોડ વાળું રહેશે. છૂટક વ્યાપારી માટે ભાગ-દોડ વાળું પરંતુ લાભકારી સપ્તાહ. રહેશે. સગા, સ્નેહી તરફથી સહકારના સંયોગો. છાત્રો, મહિલા કર્મી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આનંદમયી સપ્તાહ. ૨૪ તથા ૨૫ જાન્યુઆરી મધ્યમ જણાશે.

### કન્યા — પ,ઠ,ણ

સ્વગૃહી એવમ ઉચ્ચસ્થ ગુરુ તથા ઉચ્ચસ્થ શનિ વાળા આ રાશિના જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક રહેશે. ઓટોમોબાઈલ એકમના જાતકો તથા ધાતુ સંબંધિત સ્પેરપાર્ટસ ના ઔદ્યોગિક એકમનાં જાતકો માટે આ સપ્તાહ અર્ધ સાનુકૂળ નીવડશે. અન્ય, ઔદ્યોગિક એકમનાં જાતકો તથા વ્યાપાર વણિજનાં એકમના જાતકો માટે આ સપ્તાહ સંઘર્ષ પૂર્ણ નીવડશે. નાનાં તથા પરિશ્રમ વાળા વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ તથા આંશિક રીતે લાભદાયક પણ જણાશે. વિદ્યાર્થીઓ, નિવૃત્ત તથા મહિલા કર્મી, ગૃહિણી માટે સાનુકૂળ સપ્તાહ. ૨૦ જાન્યુઆરી સાધારણ જણાશે.

### તુલા — ર,ત

આભૂષણ, ઈમીટેશન્સ જવેલરીઝના એકમના જાતકો માટે આ લાભકારી સપ્તાહ. કોસ્મેટિક્સ સંબંધિત તમામ ઔદ્યોગિક કે વ્યાપારી એકમના જાતકો માટે લાભદાયી સપ્તાહ. ધંધા-વ્યવસાયના અધૂરા રહેલ કામ કાજ પૂરા થવાંની શક્યતા. સંયોગો. સ્મોલ સ્કેલ મશીનરી ઉદ્યોગ, નાના ઉદ્યોગ તથા વ્યાપાર વણિજના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ વધારે કામકાજ વાળું રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે ચડાવઉતાર વાળું સપ્તાહ. નજીકના સગા સ્નેહીઓ તથા મિત્રો દ્વારા સાથ સહકારના સંયોગો. મહિલા કર્મી ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે લાભદાયી સપ્તાહ. ૨૩ જાન્યુઆરી જ મધ્યમ જણાશે.

### વૃશ્ચિક — ન,ય

મોટા ઈંડ્સ્ટ્રીયલ એકમના જાતકો એવમ પોર્ટ ટ્રાન્સપોર્ટેશંસના એકમના જાતકો માટે આ સપ્તાહે હળવી દોડધામ જણાશે. હેવી હયુજ અને પરિશ્રમ વાળા દરેક એકમના જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતકો તેમજ વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ પણ સાનુકૂળ તથા ભાગદોડ વાળું નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. કુટુંબ તથા સ્નેહીઓ તરફથી સાથ સહકાર મળે યથાવત રહેશે. મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી એવમ નિવૃત્ત માટે સારું સપ્તાહ. ૨૪ જાન્યુઆરી નવેમ્બર સાવ સાધારણ જણાશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

નાનાં ઔદ્યોગિક એકમનાં જાતકો માટે લાભકારી સપ્તાહ. ઈલેક્ટ્રીસીટી રીલેટેડ પ્રોડક્શન્સના ઔદ્યોગિક-વ્યાપારી એકમનાં જાતકો માટે લાભદાયી સપ્તાહ. ડેરી એકમના જાતકો માટે લાભદાયી સપ્તાહ. મોટા ઔદ્યોગિક એકમનાં જાતકો માટે હળવું લાભકર્તા સપ્તાહ. જથ્થાબંધ વ્યાપારી એકમના તમામ જાતકો માટે લાભકારી સપ્તાહ. પરિશ્રમી વ્યાપારીઓ માટે લાભદાયી સપ્તાહ. સરકારી ક્ષેત્ર તેમજ અર્ધ સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ મધ્યમ અથવા સરેરાશ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભદાયી જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨૨ તથા ૨૪ જાન્યુઆરી સામાન્ય નીવડશે.

### મકર — ખ,જ

ખાનગી શરાફી પેઢી, નોન બેંકીંગ, ત્થા બેન્કિંગ ફાઈનાન્સ કંપની સાથે સંકળાયેલ તમામ જાતકો એવમ ખાનગી મેનેજમેન્ટ ફર્મસના જાતકો માટે મધ્યમ સપ્તાહ. માર્ગદર્શન પ્રદાન કરતા તમામ સર્વિસ બિઝનેસના જાતકો માટે સરેરાશ સપ્તાહ. ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજ એકમના જાતકો માટે આ હળવું લાભદાયી સપ્તાહ. છૂટક એવમ નાના વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક રહેશે. સરકારી ક્ષેત્ર એવમ ખાનગી કર્મચારીઓ માટે લાભદાયી સપ્તાહ. સ્નેહીઓ, મિત્રો સાથે ગેરસમજ થવાંની સંભાવના. કૌટુંબિક સુખ શાંતિ વધારો થવાંનાં સંયોગો. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી, મહિલા-કર્મી માટે લાભકારી સપ્તાહ. ૧૯ તથા ૨૦ જાન્યુઆરી મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય પરિશ્રમિકોને પૂરતું વળતર આપવું).

### કુંભ — ગ,શ,ષ

ફેબ્રીક ફર્નિશીંગ એકમનાં ઔદ્યોગિક એવમ વાણિજ્ય એકમના તમામ જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. કુટિર તથા નાના ઔદ્યોગિક એકમના જાતકો તથા છૂટક વ્યાપારીઓ માટે આ સપ્તાહ દોડધામ વાળું એવમ હળવું લાભકારી નીવડશે. આ સિવાયના અન્ય તમામ ઔદ્યોગિક એકમ તથા જથ્થાબંધ વ્યાપાર-વાણિજ્ય એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી એકમના તમામ કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. પ્રમોશનના સંયોગો. સગા સ્નેહીઓ સાથે મતભેદના સંયોગો. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૧૯ તથા ૨૧ જાન્યુઆરી સાવ મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

### મીન — દ,ચ,ઝ,થ

બ્રાંડેડ એવમ રેડીમેડ ગાર્મેન્ટ્સના આઉટલેટના જાતકો, તથા ફેશન એસેસરીઝ, કોસ્મેટિક્સના ઉત્પાદક તથા વિક્રેતા તથા બ્યુટી પાર્લરનાં જાતકો માટે આ સપ્તાહ ખૂબ લાભકારક નીવડશે. પ્રકાશકો, લેખકો, સાહિત્યકારો, પ્રોકલેમ સેલીબ્રીટી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ રહેશે. ઔદ્યોગિક એકમનાં જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રનાં કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સારું નીવડશે. મિત્રો, સ્નેહીઓ તરફથી ગેરસમજ થવાના સંયોગો. વર્કીંગ વૂમન, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે સપ્તાહ આરામદાયી ને સુખદાયી સપ્તાહ ૨૪ જાન્યુઆરી સાધારણ રહેશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન).

# પૃથ્વીના સાતેય ઉપખંડોમાં દસ હજારથી વધુ પ્રજાતિઓના પક્ષીઓનું અસ્તિત્વ

## ચીનનાં સ્વીફલેટ પક્ષી પોતાની લાળથી માળો બાંધે છે, જે ખૂબ જ સ્વાદિષ્ટ હોવાથી ચીની લોકો તેની વાનગી બનાવે છેઃ દુનિયામાં એક માત્ર પેંગ્વીન તેની પાંખોનો ઉપયોગ ઉડવા માટે નહીં તરવા માટે કરે છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આ પૃથ્વી ઉપર રંગબેરંગી સુંદર રૂપકડા પક્ષીઓથી વહેલી સવાર ખૂબ જ નયનરમ્ય નજારાથી કુદરતની સુંદરતામાં વધારો કરે છે. પક્ષીઓનો ઈતિહાસ પણ બહું રોચક છે. માનવ વસ્તી સાથે વણાયેલી પક્ષી દુનિયામાં તેમને સરળતા પાણી, ખોરાક મળી રહે તેની આસપાસ નિવાસસ્થાન કરે છે. તેની માળો બનાવવાની આવડત પણ ભિન્ન ભિન્ન જોવા મળે છે. દુનિયાભરમાં સુઘરીના માળા જેવી ગુંથણી બીજે ક્યાંય જોવા ન મળે તો આફ્રિકન ગ્રે પોપટ દુનિયામાં સૌથી વધુ બોલતા પોપટ છે, જે ૪૫૦ થી વધુ શબ્દો યાદ રાખે છે, ને માણસ જેવા અવાજથી ટૂંકા શબ્દો બોલે છે.

પક્ષીએ ગણ ગણતા વર્ગનું, ઉડી શકતું બે પગવાળું ગમે તે વાતાવરણથી ઘડાયેલ કરોડ ધરાવતુ પ્રાણી છે. જે ઈંડા મુકે છે અને પોતાની ગરમીથી ઈંડાને સેવવાની પ્રક્રિયા કરે છે. હાલ વિશ્વમાં દશ હજારથી વધુ પક્ષીઓની પ્રજાતિઓ છે. આ પક્ષીઓ શારીરીક ક્ષમતા મુજબ ઈકો સીસ્ટમમાં વસવાટ કરે છે. તેના કદ બે ઈંચથી દસ ફૂટના જોવા મળે છે. પૃથ્વી તમામ સાતેય ઉપખંડોમાં પક્ષીઓ જોવા મળે છે. અમુક પક્ષીઓ ઋતુ પ્રમાણે લાંબા કે ટૂંકાગાળાનું સ્થળાંતર કરે છે. અમુક તો પ્રજનન અને વંશવૃધ્ધી માટે હજારો કિલોમીટર દૂર સ્થળાંતર કરીને ફરી મૂળ સ્થાને જાય છે. પક્ષી ક્યારેય રસ્તો ભૂલતું નથી.

આજથી બસો વર્ષ પહેલા જ્યુરાસિકના ગાળા દરમ્યાન પક્ષી જેવા પગવાળા ડાયનાસોરની જાતી વિકસતી આવી છે. સંશોધનમાં જોવા મળ્યું છે કે ૧૫૦ વર્ષ પહેલા મૃત જ્યુરાસિક આર્કા ઓપ્ટેરિક્સ પક્ષી જ હતું. આ જૈવિક જૂથો કરોડો વર્ષો પહેલા ભૂસ્તર યુગમાં ૬૫.૫ કરોડ વર્ષ પહેલા અસ્તિત્વ ધરાવતા હતા. તેથી મોટા ભાગના પક્ષી શાસ્ત્રીઓ તેને પક્ષી તરીકે ઓળખે છે.

આધુનિક પક્ષીઓ પીંછા, દાત વિનાની ચાંચ, કઠોર આવરણ વાળા ઈંડાઓના મુકવાથી, ચાર છીદ્રોવાળા હ્રદય સાથે હળવા પણ મજબૂત હાડપિંજરની રીતે અલગ પડે છે. મોટા ભાગના પક્ષીઓ ઉડવા માટે પાંખ ધરાવે છે. અમુક અપવાદમાં પેન્ગ્વિન અને બીજી પ્રકારનાં આઈસલેન્ડ પર જોવા મળે છે.

પક્ષીઓ વિશિષ્ટ પ્રકારની પાચન અને શ્વસનક્રિયા ધરાવે છે. પક્ષીઓ સામાજીક હોય છે તેઓ દાર્શનિક સંકેતો અવાજો અને ગીત ગાયને સંદેશા વ્યવહાર કરે છે. તે સહકાર યુક્ત સંવર્ધન અને શિકાર કે લૂંટફાટ માટે ટોળામાં રહે છે. આજે પક્ષીઓની વિવિધ જાતો લોકો પાળતા થયા છે. જેમાં તેની પાસેથી વિશિષ્ટ પ્રકારના કરતબ પણ કરાવાય છે. કબૂતરનો સંદેશાવાહક તરીકે સૌથી વધુ ઉપયોગ કરાયો છે. ખાતરમાં તેના ચરકનો ઉપયોગ થાય છે. પક્ષીઓ આપણી માનવ સંસ્કૃતિના તમામ પાસાઓ જેવા કે ધર્મ, કવિતા, સંગીત વિગેરેને આવરી લેવાયા છે. પ્રાચિન યુગના રેખા ચિત્રોમાં પક્ષીઓ જોવા મળે છે. ૧૭ મી સદી અને તેનાથી આગળના સો વર્ષોમાં માનવીય ગતિવિધિને કારણે ૧૩૦ જેટલી પક્ષીની જાતો નામશેષ થઈ ગઈ હતી, હાલમાં પણ ૧૨૦૦ જેટલી પક્ષી પ્રજાતિ ઉપર લુપ્ત થવાનું જોખમ કે રેડ કોર્નર છે. તેમના વર્ગીકરણ કામ ૧૬૭૬ થી થઈ રહ્યું છે. ૧૭૫૮ માં નવીન સુધારા કરાયા હતાં. પક્ષીઓની સૌથી વધુ વસ્તી, વૈવિધ્યતા એન્ટાર્કટિકાના ૪૪૦ કિલોમીટરમાં જોવા મળે છે. અમુક પક્ષીઓએ પાણી અંદર અને બહાર એમ બંને પ્રકારનાં જીવન અપનાવ્યા છે. વિશ્વભરનાં સમુદ્ર કિનારે ઘણી મોટી પ્રજાતિઓ વસવાટની સાથે વંશવૃધ્ધિ કરે છે. વાતાવરણ સાથે અનુકૂળતા હાંસલ કરીને બચ્ચાની આવા વાતાવરણમાં માવજત કરવામાં તેની મહારત આવી ગઈ છે. ગોળાકાર ગર્દન ધરાવતું તેતર આખા વિશ્વમાં ગેઈમ બર્ડ તરીકે રજૂ કરાયું છે. પ્રારંભે કેટલાય મોટા બર્ડ અન્ય વાતાવરણમાં વિકસીત થયા તો તેના કદ નાના પણ થતાં જોવા મળ્યા છે. પક્ષીઓની અમુક પ્રજાતિઓ બુલેટની ગોળી જેવી ઝડપ ધરાવે છે.



કેટલાક તો ઉડાન સાથે ખોરાકને ઝડપથી પાચન કરવા ટેવાયેલા હોય છે.પક્ષીઓ શ્વાસ લેતી વખતે ૭૫ ટકા તાજી હવાને ફેફસામાંથી પસાર કરે છે, તેનો અત્યંત સુવિકસીત ભાગ મગજનો હોય છે, જે તેને ઉડવામાં મદદ કરે છે. મોટા ભાગના પક્ષી સુંઘવાની નબળી ક્ષમતા ધરાવે છે. જળ પક્ષીઓની કિકી નાની હોવાથી હવા અને પાણીમાં યોગ્ય દ્રષ્ટિ પુરી પાડે છે. ઘુવડની આંખની રચનાને કારણે પહોળું દાર્શનિક ક્ષેત્ર ધરાવે છે. પક્ષીઓ નર-માદા એમ બે જાતિમાં વહેંચાયેલ છે. પક્ષીઓના પીંછા તેના શરીરના આવરણ માટે સાથે ઉડવામાં મદદ કરે છે. તેની ગોઠવણ, દેખાવને કારણે વધુ રૂપકડું લાગે છે. દર વર્ષે પીંછા બદલાય છે. પક્ષીઓ પોતાની ચાંચ વડે લગભગ શરીરના તમામ સ્થળેથી સ્વચ્છતા કરવા સમર્થ હોય છે. તે ચાંચ દ્વારા જ પીંછા સાફ કરે છે. પક્ષીઓ દિવસમાં જ જોવા મળે છે, અપવાદમાં ઘુવડ, ચીબરી, ચામાચીડિયા જેવા નિશાચર પક્ષીઓ રાત્રે જોવા મળે છે.પક્ષીઓના અલગ-અલગ ખોરાક હોય છે. મોટેભાગે ફળ, છોડ, બી, મધ, નાના જીવજંતુ કે પ્રાણીઓ ખાય છે.પક્ષીઓ દાંત ન હોવાથી તેમની પાચન વ્યવસ્થા ખોરાકને ચાવ્યા વગર ગળી શકે તેવી અનુકુળ હોય છે. પક્ષીઓને ખોરાકની સાથે પાણીની જરૂરિયાત પણ હોય છે. કેટલાય પક્ષીઓ રોકાણ વગર દસ હજારથી વધુ કિલોમીટર ઉડવાની ક્ષમતા ધરાવે છે. લાંબાગાળાના સ્થળાંતર કરનાર પક્ષીઓ ૬૪ હજાર કિલોમીટરનો પ્રવાસ ખેડે છે. અમુક તો તેના નિવાસના ખરાબ વાતાવરણને કારણે અન્ય જ્ગ્યાએ સ્થળાંતર કરીને ફરી તે જ સ્થળે આવી જાય છે. અમુક પક્ષીઓ તેના સ્થળેથી દૂર મૂકીને પ્રયોગ કરતાં માત્ર તેર દિવસમાં પાંચ હજારથી વધુ કિલોમીટરનો પ્રવાસ ખેડીને પરત મૂળસ્થાને આવી ગયું હતું. તેઓ રાત્રીના તારા અને દિવસે સૂર્યની ગતિવિધીને આંતરિક ઘડિયાલની જેમ ઉપયોગ કરે છે. મોટાભાગના પક્ષીઓ સુતી વખતે તેનું માથુ પાછળના ભાગમાં દબાવી દે છે.

### પક્ષી રસ્તો ક્યારેય ભૂલતું નથી !!

શારીરીક ક્ષમતા મુજબ ઈકો સીસ્ટમમાં પક્ષીઓ વસવાટ કરે છે. તેમનું કદ બે ઈંચથી દસ ફૂટ સુધી જોવા મળે છે. અમુક પક્ષીઓ ઋતુ પ્રમાણે ટૂંકુ કે લાંબુ સ્થળાંતર કરે છે, અમુક તો પ્રજનન અને વંશ વૃધ્ધિ માટે હજારો કિલોમીટર દૂર સ્થળાંતર કરીને ફરી મૂળ સ્થાને પરત આવે છે, પક્ષી રસ્તો ક્યારેય ભૂલતું નથી.

## સૂડોકુ -૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૩ | ૯ | | ૭ | ૮ | ૨ | |
| | ૯ | | ૫ | | ૩ | | ૭ | |
| | | | ૪ | | ૮ | | | |
| ૧ | ૩ | | | | | ૬ | | ૨ |
| | ૮ | ૨ | | ૩ | | ૫ | | ૭ |
| ૯ | | | ૨ | | | | ૩ | |
| | | ૬ | | ૭ | | ૨ | | |
| | ૨ | | | | ૯ | | ૫ | ૮ |
| | | | | | | ૩ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૫૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૩ | ૮ | ૯ |
| ૭ | ૯ | ૮ | ૪ | ૨ | ૩ | ૧ | ૬ | ૫ |
| ૩ | ૧ | ૬ | ૫ | ૯ | ૮ | ૭ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૯ | ૨ | ૧ | ૭ | ૪ | ૩ | ૮ |
| ૨ | ૭ | ૪ | ૮ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ |
| ૮ | ૩ | ૧ | ૯ | ૬ | ૪ | ૨ | ૫ | ૭ |
| ૬ | ૫ | ૭ | ૩ | ૪ | ૨ | ૮ | ૯ | ૧ |
| ૧ | ૮ | ૩ | ૭ | ૫ | ૯ | ૬ | ૪ | ૨ |
| ૯ | ૪ | ૨ | ૬ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ |

## અબતક પંચાગ

### તા.૧૯-૧-૨૦૨૫ રવિવાર

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ શાલીવાહન શકિઃ ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ |
| તિથી | પોષ વદ પાંચમ અમૃત સિધ્ધિયોગ સાંજે ૫.૩૦થી |
| નક્ષત્ર | ઉતરાફાલ્ગુની |
| યોગ | અતિગંડ કરણઃ ગર |
| સુર્યોદય | ૭.૨૯ સુર્યાસ્તઃ ૬.૨૬ |
| ચંદ્ર રાશી | કન્યા |
| રાશિ અક્ષર | પ.ઠ.ણ |
| દિશાશૂળ | પશ્ચિમ દિશા તરફ |
| રાહુકાળ | સાંજે ૪.૩૦ થી ૬ |
| દિવસનાચોઘડીયા | ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| રાત્રીનાચોઘડીયા | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૩૩ થી ૧.૧૭ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## કાર્યક્રમોની યાદી — અબતક CHANNEL

**તારીખ ૧૮-૦૧-૨૦૨૫ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (નાડી દોષ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (હમર વિથ પિતા બ્રેડ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (વિપસ્યના''સ્વ''ને ઓળખવાની અલોકિક ચાવી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (૫ સ્ટાર આન્ટી)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૯-૦૧-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મૂવી (લોચા લાપસી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (હરેમટર ડે નિમોના)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (દીપ ફેક સાયબર એટેક)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૦-૦૧-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

### તા.૧૯.૧.૨૦૨૫, રવિવાર, સંવંત ૨૦૮૧, પોષ વદ પાંચમ, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, અતિ, યોગ, ગર કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ દ કન્યા (પ,ઠ,ણ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** તબિયતની કાળજી લેવી,ખાવા પીવામાં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.
**વૃષભ (બ,વ,ઉ) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યકિતથી મુલાકાત થાય.
**મિથુન (ક,છ,ઘ) :** તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.
**કર્ક (ડ,હ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.
**સિંહ (મ,ટ) :** તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકલેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસેથી કામ લઈ શકો, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ) :** તમારા ક્ષેત્રમાં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.
**તુલા (ર,ત) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યાએ નાણાં રોકી શકો.
**વૃશ્ચિક (ન,ય) :** વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય, ધંધા રોજગારમાં સારું રહે, પ્રગતિ થાય.
**મકર (ખ,જ) :** ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.
**કુંભ (ગ,સ,શ) :** ભ્રમની સ્થિતિઓમાંથી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.
**મીન (દ,ચ,ઝ,થ) :** આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

## વર્ષ ૨૦૨૫માં જાસૂસી અને હેકિંગ તથા સાયબર ફ્રોડ ચરમસીમાએ પહોંચશે

અગાઉ લખ્યા મુજબ વર્ષ ૨૦૨૫ મંગળ અને કેતુનો પ્રભાવ ધરાવે છે અને એ મુજબ ચીન તરફથી હેકિંગની ચિંતા મોટા પાયે વધવા પામી છે અને વર્ષ ૨૦૨૫માં જાસૂસી અને હેકિંગ તથા સાયબર ફ્રોડ ચરમસીમાએ પહોંચશે તેવા સંકેતો ગ્રહો આપી રહ્યા છે. કેતુ અને મંગળ સાથે મળી યુદ્ધના વિવિધ અલગ અલગ રસ્તાઓ દર્શાવે છે જે લાંબાગાળે દુશમનને ખોખલા કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે તો મંગળ મહારાજ વક્રી ચાલે મિથુન રાશિમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે લાંબા સમય સુધી કર્ક અને મિથુનમાં ભ્રમણ કરતા મંગળ વારંવાર વાહન અને કમ્યુનિકેસ ડિવાઈસનો ઉપયોગ કરતા જોવા મળશે જે આ ભ્રમણ દરમિયાન અગાઉ પણ જોવા મળ્યું છે ફરી કમ્યુનિકેશન ડિવાઈસીસ અને ઈન્ટરનેટનો ઉપયોગ બીજા દેશ સામે પ્રોક્ષી વોરમાં થતો જોવા મળશે વળી ૨૦૨૫ના શરૂઆતના મહિનાનોમાં ગ્રહોના પરિવર્તન અનેક વૈશ્વિક ઘટનાઓને યુદ્ધના પરિપ્રેક્ષમાં બનતી જોવા મળશે અને શનિ મહારાજ માર્ચ અંતમાં ફાઈનાસીઅલ યરની સાથે સાથે રાશિ પરિવર્તનના કારણે પણ ઘણા ફેરફાર આપતા જોવા મળશે.

# ગુજરાત મેડિકલ ટુરિઝમ હબ તરીકે વિકસી રહ્યું છે: મુખ્યમંત્રી

## ગુજરાત સતત બે વર્ષથી 'સારૂ સ્વાસ્થ્ય અને સુવિધાઓ'ની શ્રેણીમાં પ્રથમ ક્રમે: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરના આઈઆઈપીએસ ખાતે હેલ્થ ડિપ્લોમસી અંગે સંવાદનો પ્રારંભ





**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારત વસુધૈવ કુટુમ્બકમની ભાવના ઉજાગર કરીને વિશ્વ મિત્ર તરીકે ઉભરી આવ્યું છે. કોરોના મહામારીના વિકટ સમયમાં ૧૦૦થી વધુ દેશોને વેક્સિન અને મેડિસીન પહોંચાડીને ભારતે પોતાની વિશ્વમિત્રની ભાવના વધુ પ્રબળ બનાવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિદેશ મંત્રાલયના પોલિસી પ્લાનિંગ અને રિસર્ચ ડિવિઝનના નેજા હેઠળ રાજ્ય સરકારના આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ તેમજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર દ્વારા આયોજિત હેલ્થ ડિપ્લોમસી અંગે સંવાદનો પ્રારંભ કરાવ્યો હતો.

આ સંવાદનો મુખ્ય હેતુ ગ્લોબલ સાઉથ દેશોમાં ભારતીય નીતિઓ અને શ્રેષ્ઠ પ્રણાલીઓના સંભવિત યોગદાન પર ચર્ચા-મંથન કરવાનો છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં ભારત ગ્લોબલ સાઉથના દેશોમાં જેનેરિક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં તેમજ ફાર્મસી રેગ્યુલેશન વર્કમાં સહયોગ પૂરો પાડી રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં સ્વાસ્થ્ય સંબંધી જટિલ સમસ્યાઓ વધી રહી છે તેના સમાધાન માટે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેમ છે. આ વૈશ્વિક પડકારો અને તેના સમાધાનરૂપે ભારતની બેસ્ટ પ્રેક્ટીસીસને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવા માટે આ સંવાદને મુખ્યમંત્રીએ યોગ્ય માધ્યમ ગણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પાછલા દસ વર્ષોમાં આરોગ્ય ક્ષેત્રે દેશમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. દરેક વ્યક્તિને ઉત્તમ સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ તે માટે પ્રિવેન્ટિવ હેલ્થ કેરને પ્રોત્સાહન, ગામડાઓમાં આધુનિક આરોગ્ય સુવિધાઓ, શહેરોમાં મેડિકલ કોલેજ અને રિસર્ચ સંસ્થાઓની સ્થાપના જેવા મુદ્દે વડાપ્રધાનના નેતૃત્વમાં દેશમાં એકસાથે કામ થઈ રહ્યું છ.

મુખ્યમંત્રીએ ગુજરાતની આરોગ્ય ક્ષેત્રની સિદ્ધિઓ વર્ણવતા કહ્યું હતું કે, ભારત

(અનુ. આઠમા પાને)

# ભુલકાઓથી માંડી વડીલોએ લગાવી સ્વિમિંગ પુલમાં ડુબકી

## ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રાજકોટમાં યોજાઈ શહેર કક્ષાની ભાઈઓની તરણ સ્પર્ધા





**અબતક, રાજકોટ**

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે. આ સ્પર્ધાઓમાં વિવિધ ઉંમરની કેટેગરીમાં ભાઈઓ તથા બહેનો ભાગ લઈને પોતાનો હુન્નર બતાવી રહ્યા છે. ત્યારે રાજકોટ શહેર કક્ષાની વિવિધ ઉંમરમા ભાઈઓની તરણ સ્પર્ધા સરદાર પટેલ સ્વિમિંગ પુલ ખાતે યોજાઈ હતી. જેમા નાના બાળકોથી લઈને સિનિયર સિટીઝનોએ સ્વિમિંગ પૂલમાં હરીફાઈની ડૂબકી લગાવી હતી.

આ સ્પર્ધામાં ૧૧ વર્ષની વય જૂથમાં, ૧૪ વર્ષ સુધીની વય જૂથમાં, ૧૭ વર્ષ સુધીની વય જૂથમાં, ઓપન એઈજમાં, ૪૦ થી વધુ ઉંમરની વય જૂથમાં તેમજ ૬૦ વર્ષથી વધુ ઉંમરની વય જૂથમાં એમ વિવિધ કેટેગરીમાં તરણ સ્પર્ધામા ૫૦ મીટરથી ૪૦૦ મીટર સુધીની તરણ સ્પર્ધા યોજાઈ હતી.

જેમા બેક સ્ટ્રોક, બટરફ્લાય સ્ટ્રોક, વ્યક્તિગત મિડલે, ફ્રી-સ્ટાઈલ તથા બ્રેસ્ટ સ્ટ્રોક સ્પર્ધા યોજાઈ હતી. આ અલગ અલગ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થયેલ સ્પર્ધકોના નામ નીચે મુજબ છે.

પ્રથમ નંબરે વિજેતા થયેલ ભાઈઓમાં ધીર શાહ, નિર ગામઠા, હારીત હાપલીયા, હવિશ રાવલ,જય પાણખાણીયા, ધ્રુવ ટાંક, કશ્યપ ચોવટીયા, પ્રિયાંશ દવે, દિવ્યરાજસિંહ ચુડાસમા, અશ્વિન લિંબાસીયા, શુભાંગ માકડ, હસમુખ જેઠવા, અશોક અઢિયા, સુરેશ રાઠોડ, અશોક પાનેરી, પ્રતીક નાગર તથા માનસ માકડીયા પ્રથમ નંબરે વિજેતા થયા હતા.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભમાં વિવિધ સ્પર્ધાઓમાં સ્પર્ધકો ભાગ લઈને પોતાનું કૌશલ્ય બતાવી રહ્યા છે.

# રાજકોટ ડિસ્ટ્રીકટ કોચની ખો-ખો વર્લ્ડકપમાં ટેકનિકલ ઓફિસર તરીકે પસંદગી



**અબતક, રાજકોટ**

જિલ્લા સ્પોર્ટસ સ્કુલ, જી.કે.ધોળકીયા સ્કુલમાં ફરજ બજાવતા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડિસ્ટ્રીકટ કોચશ્રી સુદિર ગ્રહસ્કરની દિલ્હી ખાતે યોજાનારી પ્રથમ ખો-ખો વર્લ્ડકપ-૨૦૨૫ માં ઈન્ટરનેશનલ ટેકનિકલ ઓફિસર તરીકે પસંદગી થયેલ છે. આ તકે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, રાજકોટ દ્વારા રાજકોટના કોચને વર્લ્ડ કપમાં સેવાની તક મળવા બદલ શુભકામનાઓ પાઠવવામા આવી છે.

# ગિફ્ટ સિટીમાં સ્ટાર્ટઅપ માટે નવતર અભિગમનો શુભારંભ

## ગિફ્ટ આઈ.એફ.આઈ. અને ગિફ્ટ આઈ.એફ.આઈ.એચ.નું ઉદ્દ્ઘાટન કરતા ભૂપેન્દ્રભાઈ પટેલ





**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીમાં સ્ટાર્ટઅપ માટેના એક નવતર અભિગમ રૂપે ગિફ્ટ ઈન્ટરનેશનલ ફિન્ટેક ઈન્સ્ટિટ્યૂટ (ગિફ્ટ-આઈ.એફ.આઈ.) અને ગિફ્ટ ઈન્ટરનેશનલ ફિન્ટેક ઈન્સ્ટિટ્યૂટ ઈનોવેશન હબ(ગિફ્ટ-આઈ.એફ.આઈ.એચ.)નું ઉદ્દઘાટન કર્યું હતું.

ગુજરાતમાં સ્પેસિફિક સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ઊભી કરવાની નેમ સાથે આ ઈનીસ્યેટીવઝ શરૂ થઈ રહ્યા છે તેમ આ તકે મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, પાછલા એક દશકમાં દેશમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ફિન્ટેક ક્રાંતિનો અનુભવ સૌ કોઈએ કર્યો છે.

આ ક્રાંતિને પરિણામે દેશમાં ફાઈનાન્સિયલ એક્ટિવિટીઝ મોટાભાગે ડિજિટલાઈઝડ થઈ ગઈ છે. એટલું જ નહીં, અફોર્ડેબલ ડેટા, રોબસ્ટ બેન્કિંગ સર્વિસીસ અને યુનિક ઈનોવેશનથી ભારત ફિન્ટેક સેક્ટરમાં ગ્લોબલ લીડર તરીકે ઉભરી રહ્યું છે એમ પણ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.

તેમણે જણાવ્યું કે, ગુજરાતનું ગિફ્ટ સિટી, ભારતને ગ્લોબલ ફિન્ટેક હબ બનાવવાના વડાપ્રધાનશ્રીના વિઝનનું ઉત્તમ ઉદાહરણ છે.

દેશનું એકમાત્ર ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર અને બુલિયન એક્સચેન્જ અહીં કાર્યરત છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીમાં શરૂ થઈ રહેલું ફિનટેક ઈનોવેશન હબ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આઈટી એટલે કે ઈન્ડિયા ટુમોરોના વિઝનને સાકાર કરશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, આ વિઝનને સાકાર કરવા સાથે જ આ ફિન્ટેક ઈનોવેશન હબ હજારો યુવા ઉદ્યમીઓને નવી તકો અને યંગ પ્રોફેશનલ્સને નવા રોજગાર અવસર પૂરા પાડશે.

આ યંગ પ્રોફેશનલ્સની સ્કિલ અને ઈનોવેશનથી ગુજરાત ૨૦૨૯ સુધીમાં ગ્લોબલ ફિન્ટેક રિવોલ્યુશનમાં અગ્રણી રાજ્ય બનશે એવી આશા મુખ્યમંત્રીએ દર્શાવી હતી.

ગિફ્ટ સિટીના ચેરમેન ડો. હસમુખ અઢિયાએ આ પ્રસંગે પોતાના વક્તવ્યમાં કહ્યું કે, ફિન્ટેક સેક્ટરમાં ટૂંકાગાળાની તાલીમ અને ઉદ્યમીઓને યોગ્ય સહયોગ મળી રહે તે માટે આ પ્રકારના ઈનોવેશન હબની ગુજરાતમાં આવશ્યકતા હતી.

ગિફ્ટ સિટીએ ફિન્ટેક સેક્ટરમાં યુવાનોને પોતાનું કૌશલ્ય બતાવવાની તક આપવા આ ઈનોવેશન હબ કાર્યરત કર્યું છે.

ગિફ્ટ સિટીએ ખૂબ ટૂંકા સમયમાં જ આ ફિનટેક ઈન્સ્ટિટ્યુટ અને ઈનોવેશન હબ રાજ્ય સરકારના સહયોગથી કાર્યરત કર્યા છે, તે માટે ડો. અઢિયાએ ગિફ્ટ સિટીના સૌને બિરદાવ્યા હતા.

ગિફ્ટ સિટીના એમડી અને સી.ઈ.ઓ. તપન રે એ સ્વાગત પ્રવચનમાં ઈનોવેશન હબનો

(અનુ. આઠમા પાને)

## ભારતીય વાયુ સેના દ્વારા

# વડોદરા, જામનગર, નલિયા અને ભુજમાં યોજાશે એર શો

## લૂપ્સ, શેલ્સ, હેડ ઓન ક્રોસ, બઝ અને ઈન્વર્ટેડ ફલાંઈગ જેવા શ્વાસ થંભાવી દેનારા એરોબેટિક દાવપેચ રજૂ થશે



**અબતક, રાજકોટ**

ભારતીય વાયુસેના દ્વારા ગુજરાતમાં વડોદરા, જામનગર, નલિયા અને ભૂજ ખાતે એર શો યોજાશે.

ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ, કે જેને સ્કાટ પણ ઓળખવામાં આવે છે, તેમણે વર્ષ ૨૦૨૫નો પ્રારંભ તેમના ગુજરાત પ્રવાસ સાથે કરવાની તૈયારી કરી લીધી છે. તેઓ ૨૧ અને ૨૨ જાન્યુઆરીના રોજ વડોદરામાં મંત્રમુગ્ધ કરી દેનારું એરોબેટિક પ્રદર્શન કરશે. ૧૯૯૬માં સ્કાટ ટીમની સ્થાપના કરવામાં આવી હતી. આ ટીમ એશિયામાં એકમાત્ર નવ વિમાનોની એરોબેટિક ટીમ હોવાનું પ્રતિષ્ઠિત બિરૂદ ધરાવે છે અને તે વિશ્વની અમુક શ્રેષ્ઠ ટીમોમાંથી એક ગણવામાં આવે છે. આ અસાધારણ ટીમે ભારતમાં તેમજ વિદેશમાં ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, સિંગાપોર અને યુએઈ જેવા દેશોમાં ૭૦૦ કરતાં વધુ પ્રદર્શનો કર્યા છે. આ ટીમ તેમના સૂત્ર ''સર્વદા સર્વોત્તમ'' દ્વારા માર્ગદર્શિત છે જેનો અર્થ છે 'હંમેશા શ્રેષ્ઠ' જે ઉત્કૃષ્ટતાની ભાવનાને સાકાર કરે છે.

સૂર્યકિરણ ટીમમાં ૯ હોક એમ.કે.૧૩૨ વિમાનો સામેલ કરવામાં આવ્યા છે, જે ભારતમાં ઉત્પાદિત અને લાઈસન્સ પ્રાપ્ત છે અને ૫ મીટર કરતાં ઓછા અંતરે ખૂબ જ નજીકથી ઉડાન ભરી શકે છે. ગ્રૂપ કેપ્ટન અજય દસરથી અને ડેપ્યૂટી લીડર ગ્રૂપ કેપ્ટન સિદ્ધેશ કાર્તિકના નેતૃત્વ હેઠળની ટીમમાં ૧૪ પાઈલટ છે. આ પાઈલટ્સ જટિલ એરોબેટિક દાવપેચમાં નિપુણતા મેળવવા માટે સઘન તાલીમ મેળવે છે અને તેમનું કૌશલ્ય અને દોષરહિત સંકલન નજીકના ફોર્મેશન ફ્લાઈંગનો પાયો તૈયાર કરે છે. તેમની ટેકનિકલ ટીમનું નેતૃત્વ વિંગ કમાન્ડર અભિમન્યુ ત્યાગી કરી રહ્યાં છે, જ્યારે ફ્લાઈટ લેફ્ટનન્ટ કંવલ સંધુ ટીમના કોમેન્ટેટર, એડમિનિસ્ટ્રેટર છે અને સ્ક્વોડ્રન લીડર સુદર્શન ટીમના ડોક્ટર છે. વડોદરા ખાતે યોજાનારા એર શો પછી ૨૫-૨૬ જાન્યુઆરી દરમિયાન જામનગર, ૨૯ જાન્યુઆરીએ નલિયા અને ૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરી એ ભુજમાં એર શોનું આયોજન કરવામાં આવશે. આ એર શો દરમિયાન આ સાહસિકો લૂપ્સ, રોલ્સ, હેડ-ઓન ક્રોસ, બઝ અને ઈન્વર્ટેડ ફ્લાઈંગ જેવા શ્વાસ થંભાવી દેનારા એરોબેટિક દાવપેચનું પ્રદર્શન કરશે જેથી દર્શકો માટે તે યાદગાર બની રહેશે. તેઓ લોકપ્રિય ડીએનએ દાવપેચ પણ રજૂ કરશે જેમાં ૫ વિમાનો સાથે મળીને આકાશમાં ડીએનએના માળખા જેવા હેલિક્સની રચના બનાવશે.

# સુરત એરપોર્ટના વધુ ડેવલપમેન્ટ માટે સી.આર.પાટીલે કમર કસી

## કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુ સાથે ચર્ચા



**અબતક, રાજકોટ**

સુરતના એરપોર્ટને વધુ ડેવલપ કરવા અને ગુજરાતની હિરાનગરી ગણાતી સુરતનગરને વધુમાં વધુ ઈન્ટરનેશનલ ફ્લાઈટ મળી રહે તે માટે નવસારીના સાંસદ ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે કમર કસી છે. તેઓએ આ અંગે તાજેતરમાં કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી સાથે બેઠક યોજી હતી અને સુરત એરપોર્ટમાં વધુ શું-શું સગવડતા વધારવાની આવશ્યકતા છે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સુરત એરપોર્ટથી જો વધુ ઈન્ટરનેશનલ ફ્લાઈટ ઉડાન ભરે તો ગુજરાતની જનતાની સુવિધાઓમાં વધારો થાય અને સારૂ એર ટ્રાફિક પણ મળી રહે આ તમામ બાબતો ઉડ્ડયન મંત્રી સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

દિલ્હી ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુજી સાથે સુરત એરપોર્ટના ડેવલપમેન્ટ મુદ્દે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ધારાસભ્ય સંદીપભાગ દેસાઈ, પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન અને એએસીના મેમ્બર પરેશભાઈ પટેલ, સુરેશભાઈ અગ્રવાલ, કેવલભાઈ શાહ અને કેયુરભાઈ ખેની ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી લેખ

# લોભીયા હોય ત્યાં ધુતારાઓ ભૂખ્યે ન મરે

ગુજરાતીમાં એક ખૂબ જ જાણીતી કહેવત છે કે લોભીયા હોય ત્યાં ધુતારાઓ ભૂખ્યા ન મરે અથવા બીજા શબ્દોમાં કહ્યે તો લોભીયાઓનું ધન ધુતારાઓ ખાય. વધુ વળતર મેળવવાની લાલચમાં વિવેકબુધ્ધિ ચુકી લોકો પોતાની મરણમૂડી ગુમાવી રહ્યા છે. રાજ્યમાં બી-ઝેડના કૌભાંડની સ્યાહી હજુ સુકાઈ ત્યાં રાજકોટમાં બી-ઝેડના કૌભાંડને આંટી મારે તેવું મહાકૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરી રોજ એક ટકા લેખે વળતર મેળવવાની લાલચમાં ગુજરાતના ૮,૦૦૦થી વધુ લાલચું રોકાણકારોના ૩૪૦ કરોડ રૂપિયા ભસ્મીભૂત થઈ ગયા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સતત એવા સંદેશા આપવામાં આવી રહ્યા છે કે વધુ વળતર મેળવવાની લાલચમાં તમારી મરણમૂડી વેડફી ન નાંખશો પરંતુ લાલચું લોકો પર આ સંદેશાનો કોઈ અસર થતી ન હોય તેવું લાગી રહ્યું છે. જેના કારણે ધુતારાઓને મોજે દરિયા થઈ ગયા છે. બી-ઝેડ કૌભાંડમાં ૬,૦૦૦ કરોડથી વધુ રૂપિયા ધુતારાઓ હજમ કરી ગયા છે. જેમાં એકના ડબલ કરવાની લાલચમાં આવેલા લોકો હાલ માથે પનીયા નાંખી આંસુ વહાવી રહ્યા છે. રાજ્યમાં આવું જ એક કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે જેમાં ક્રિપ્ટો કરન્સીમાં રૂ.૪.૨૫ લાખનું રોકાણ કરો અને રોજ ૧ ટકા લેખે વળતર મેળવી માત્ર ૪૦૦ દિવસમાં રૂ.૧૨.૭૫ લાખ મેળવો આ ઓનલાઈન સ્કિમનો ૮,૦૦૦થી પણ વધુ લોકો ભોગ બન્યા છે અને ધુતારાઓએ હસતાં મોંઢે પોતાના ગજવામાં ૩૪૦ કરોડ હળવેકથી મૂકી દીધા છે. સરકાર તથા આરબીઆઈ પણ આ ઘટનામાં કશું કરી શકે તેમ નથી. કારણ કે વધુ વળતર મેળવવાની લાલચમાં લોભીયાઓનું ધન ધુતારાઓ હજમ કરી જાય છે. જન જાગૃત્તિ માટેના અનેક પ્રયાસો ખૂદ સરકાર અને આરબીઆઈ દ્વારા કરવામાં આવે છે પરંતુ લોભીયાઓ પર તેની કોઈ જ અસર થતી નથી. તેઓ તો પોતાના નાણા કંઈ રીતે ડબલ થાય તેની પળોજણમાં જ પડ્યા રહે છે. જેના કારણે મરણમૂડી પણ ગુમાવે છે.

# સુત્રાપાડા: જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધાનો પુર્વમંત્રી જશાભાઈ બારડે કરાવ્યો પ્રારંભ

## જિલ્લા કક્ષાએ યોગાસનમાં પ્રથમ આવનારને કરાયા સન્માનીત

**અબતક,રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા મુકામે જિલ્લા કક્ષાનો ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત બહેનોના યોગાસનનો શુભારંભ કરાવતા પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ



ડો.ભરત બારડ શૈક્ષણિક સંકુલ સુત્રાપાડામાં ગુજરાત સરકારશ્રીના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવુતી વિભાગ ગાંધીનગર સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરના અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગીરસોમનાથના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાના ખલ મહાકુભ ૩.૦ અંતર્ગત બહેનોના યોગાસન સ્પર્ધાનો શુભારંભ સુત્રાપાડાના વતની અને ગુજરાત રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડના વરદ હસ્તે ડો ભરત બારડ શૈક્ષણિક સંકૂલમાં કરવામાં આવેલ. જેમાં ગીરસોમનાથ જિલ્લાની તાલુકા કક્ષા એ યોગાસનમાં પ્રથમ આવેલ સ્પર્ધકોએ ભાગ લીધેલ આ અવસરે પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડે જણાવેલ કે રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ ખેલ મહાકુંભ દ્વારા ગુજરાતનાં તમામ નાગરિકો સ્વસ્થ બને અને રમત ગમતમાં રુચિ રાખે અને તમામ લોકોને પોતાનામાં રહેલ સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાની તકો જિલ્લા રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષા એ પ્રાપ્ત થાય. આ ખેલમહાકુંભ ૩.૦ માં સમગ્ર જિલ્લામાંથી કુલ ૮૦ સ્પર્ધક બહેનોએ યોગાસન હરિફાઈમાં ભાગ લીધેલ હતો.આ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ વિજેતા થયેલ સ્પર્ધકને રાજ્ય કક્ષાએ મોકલવામાં આવશે. આ તકે પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડની સાથે બી.આર.સી. દિનેશભાઈ ઝાલા. શિક્ષક મહાસંઘના પ્રમુખ હરેશભાઈ મોરી, આચાર્ય નવઘનભાઈ નકુમ, એસ.બી.આઈ. મેનેજર આશીષભાઈ, ભરતભાઈ વાળા, ટિમ મેનેજર બહેનો, યોગના જિલ્લા કન્વીનર પિયુષભાઈ કાછેલા, શાળાના આચાર્ય જોશી, કન્યા શાળાના આચાર્ય અશ્વિનભાઈ, કોલેજના આચાર્ય પાઠક , વ્યાયામ શિક્ષક ગિરીશભાઈ બારડ વગેરે હાજર રહ્યા હતા સમગ્ર ખેલ મહાકુંભ નું આયોજન અને સંચાલન ડો ભરત બારડ શૈક્ષણિક સંકુલના વ્યાયામ શિક્ષક અને જિલ્લા કન્વીનર પિયુષભાઈ કછેલા દ્વારા કરવામાં આવેલ હતું.

# ઉપલેટામાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા કાલે આંખોનું ઓપરેશન: કોઈપણ દુ:ખાવાનો યોજાશે કેમ્પ

**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં જલારામ મંદિરમાં લોકોને ભોજન સેવામાં સહયોગ કરનાર સ્વ. ચીમનલાલ મંગળજી નથવાણી ના આત્મકલ્યાણ અર્થે માનવસવા ટ્રસ્ટ દ્વારા તારીખ ૧૯ ને રવિવારના ના રોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી જુલેલાલ હોલ વીજળી રોડ ઉપર એક કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં શહેરના સમાજ શ્રેષ્ઠીઓનું દાતા પરિવાર તેમજ શ્રી માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્ર તરફથી સન્માન કરવામાં આવશે.

જેમાં હિંમતલાલ દેકીવાડીયા ભારત વિકાસ પરિષદ, દિલીપભાઈ રાડીયા આરએસએસ સંયોજક, રમેશભાઈ પાનેરા ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ, અને લોહાણા સમાજના પ્રમુખ કૃષ્ણકાંત ચોટાઈનું સન્માન કરવામાં આવશે.જેમાં આંખોના ઓપરેશન દાંતને લગતા તમામ રોગો હાથ પગ કમર મણકાના દુખાવા, સૂજોક સારવાર થેરાપી તેમજ લેસર ગન થી કોઈપણ જાતના દુખાવાની સારવાર સ્થળ ઉપર કરી વિનામૂલ્ય કરી આપવામાં આવશે.આ કેમ્પમાં આંખના ઓપરેશન માટે આવનારે પોતાનું આધારકાર્ડ સાથે રાખવું અને આ કેમ્પમાં આવતા તમામ દર્દીઓ અને તેમજ તેમના સગાઓ માટે દાતા પરિવાર તરફથી માનવસેવાના રસોડે ભોજન પ્રસાદની સેવા રાખવામાં આવેલ છે.

તો આ કેમ્પ નો લાભ લેવા માટે જાહેર જનતાને જાહેર અપીલ કરવામાં આવે છે.

# ગોંડલ: દાહોદ પંથકમાં કોળી સમાજના ઈષ્ટદેવ માંધાતા દેવનું સ્થંભ તોડવાના વિરોધમાં અપાયું આવેદનપત્ર

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ કોળી સમાજ દ્વારા દાહોદ જીલ્લામાં માંધાતા ભગવાન નાં સ્થંભને ઉખેડીને ફેંકી દેવાની ઘટના માં



સંડોવાયેલા તત્વો સામે આકરી કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ સાથે પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયુ હતુ.

દાહોદ જિલ્લા મા ભગવાન માંધાતા પ્રાગટ્ય ઉત્સવના દિવસે દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં અંધારી કુણધા ત્રણ રસ્તા પાસે અને લીમખેડા થી દેવગઢ બારિયા રોડ પાલ્લી ત્રણ રસ્તા પાસે હિન્દુ આસ્થા નું પ્રતીક ભગવાન શ્રી માંધાતા ભગવાનના સ્તંભ નું અનાવરણ કરવામાં આવ્યું હતું. જેમાં જાતિવાદ ઊભો કરવાના ઈરાદે અજાણ્યા તત્વો દ્વારા શ્રી રામના પૂર્વજ ભગવાન માંધાતા ભગવાનના સ્તંભને ઉખાડી ને નજીક તળાવના પાણી માં ફેંકી દેવામાં આવ્યો હતો સમસ્ત કોળી સમાજ નહીં પરંતુ સમસ્ત હિન્દુ સમાજને પણ લાંછન લગાડે એવી દુઃખદ પ્રવૃત્તિ કરી છે. જેણે પણ આ કૃત્ય કર્યુ છે એવાં જાતિ વિવાદિત કૃતૈય કર્યુ છે એવાં પરિબળો ઉપર કાયદાકીય ધારા ધોરણ મુજબ જરૂરી પગલા લેવાય અને સમસ્ત હિન્દુ કોળી સમાજની લાગણી અને માંગણી છે કે કાનૂની કાર્યવાહી ઝડપથી થાય એવી માંગણી કરાઈ હતી.

# સિહોરમાં પીવાના પાણીની વ્યવસ્થા સુદ્દઢ બનાવવા કોંગ્રેસની માંગણી

## પાંચ વર્ષમાં પાણી માટેની કેટલી ગ્રાન્ટ આપી? કોંગ્રેસે માંગી માહિતી



**અબતક, આનંદ રાણા, શિહોર**

સિહોર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ભાજપના શાસન કાળ વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૩ દરમિયાન શહેરના લોકોને નિયમિત પાણી મળી રહે તે માટે ચા પગલા લેવામાં આવ્યા તથા તે દરમિયાન ગુજરાત સરકારની કેટલી ગ્રાન્ટ આવી અને કેટલી ગ્રાન્ટ જતી રહી તે અંગે આરટીઆઈ તથા લેખીત, મૌખિક રજૂઆત ચીફ ઓફિસરને કરવામાં આવી.

સિહોર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ જયદીપસિંહ ગોહિલ તથા નગરપાલિકાના પૂર્વ વિરોધ પક્ષના નેતા કિરણભાઈ ગેલડા પૂર્વ શહેર પ્રમુખ ધીરુભાઈ ચૌહાણ તેમજ કોંગ્રેસ સમિતિના આગેવાનો કાર્યકરો દ્વારા સિહોર નગરપાલિકા ખાતે ચીફ ઓફિસર પરાક્રમસિંહ મકવાણાને મળીને ભાજપના નગરપાલિકાના શાસનકાળ દરમિયાનના વર્ષ ૨૦૧૮ થી વર્ષ ૨૦૨૩ દરમિયાનમાં શહેરના લોકોને નિયમિત પાણી મળી રહે તે માટે શા પગલા ભરવામાં આવ્યા તેમજ તે સમય દરમિયાન ગુજરાત સરકારની કેટલી ગ્રાન્ટ આવી અને કેટલી ગ્રાન્ટ જતી રહી તે અંગે આરટીઆઈ તેમજ રૂબરૂ રજૂઆત કરવામાં આવી રજૂઆત દરમિયાન શિહોર શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ જયદીપસિંહ ગોહિલ તેમજ કોંગ્રેસ સમિતિના કાર્યકરો ઉપસ્થિત રહેલ.

# ગોંડલ ટપાલ વિભાગ દ્વારા ડાક ચોપાલનું આયોજન

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસની યાદી જણાવે છે કે પોસ્ટ ઓફિસ દ્વારા ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ પ્રજાસત્તાક દિવસ નિમિતે ગોંડલ ડિવિઝન ની દરેક સબ ઓફિસ તેમજ બ્રાન્ચ ઓફિસ એ ડાક ચોપાલ નું આયોજન કરવામાં આવેલ છે જેમાં પોસ્ટ ઓફિસ માં ચાલતી દરેક સ્કીમ જેવી કે બચત યોજના , સુકન્યા સમૃધી યોજના ના ખાતા ની માહિતી , પી એલ આઈ , આર પી એલ આઈ જેવી વીમા લક્ષી માહિતી , ઈન્ડિયા પોસ્ટ પેઈમેન્ટ બેંક દ્વારા ખોલવામાં આવતા ખાતા તેમજ વીમા અંગે ની માહિતી , પાર્સલ સુવિધા તેમજ બીજી અનેક સ્કીમ વિશે ની માહિતી આપવામાં આવશે. જેથી દરેક લાભાર્થીને નજીકની પોસ્ટ ઓફીસ માં જઈને ૨૬ જાન્યુઆરી ના રોજ યોજાનાર ડાક ચોપાલ નો લાભ લઈ શકશે.

# ધ્રાંગધ્રા: બસ સ્ટેન્ડમાં સ્વચ્છતાનો અભાવ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા એસ ટી બસ સ્ટેન્ડ સરકાર દ્વારા નવ નિર્માણ કરવામાં આવ્યું છે ત્યારથી આજ દિન સુધીમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહો છે અને મુસાફરોને હાલાકી ભોગવી રહા ત્યારે એસ ટી ડેપો સંડાશનો ખારકુવો છલકાય જતા ગંદુ પાણી બહાર નીકળતા સ્વચ્છતા ના અભાવના કારણે મુસાફરો માં રોશ વ્યક્ત પામ્યો હતો ત્યારે જાગૃત નાગરિક સોહિલ ભાઈ દ્વારા ડેપો મેનેજર ને અનેક



વખત રજૂઆત કરવા છતાં પણ અધિકારીઓનું પેટનું પાણી હલતું નથી ત્યારે લોકોમાં રોસ જોવા મળ્યો હતો.

# શાપર-વેરાવળના મુકેશભાઈ ડાભીને એએસઆઈ તરીકે પ્રોમોશન



શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ મુકેશભાઈ ડાભી ને એ.એસ.આઈ નું પ્રમોશન મળતા શાપર વેરાવળ પોલીસ સ્ટેશન માં આજરોજ શાપર વેરાવળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર બી રાણા સાહેબ દ્વારા પાઈપિંગ સેરેમની યોજવામાં આવેલ તેમજ સ્ટાફ તરફથી ખુબ ખુબ શુભેચ્છા આપવામાં આવી

# તાલુકાકક્ષાની ખેલ મહાકુંભમાં ઉપલેટાની એ.આર. ઘોડાસરા સ્કૂલ અગ્રેસર

**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**



ઉપલેટામાં સ્પોર્ટ્સ ઓથોરિટી દ્વારા ખેલ મહાકુંભ ૨૦૨૫ આયોજન કરેલ હતું જેમાં વિદ્યાર્થીઓએ પોતાનામાં રહેલું હુન્નર ,સાહસ અને ખેલદિલીની ભાવના બતાવવા માટે શાનદાર પ્રદર્શન કર્યું. જેમાં એ. આર .ઘોડાસરા સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરી સ્કૂલનું નામ રોશન કરેલું છે. આ ખેલ મહાકુંભમાં અલગ અલગ રમતમાં આઠ વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાએ નંબર મેળવી ઘોડાસરા સ્કૂલનું ગૌરવ વધારે છે તે બદલ શિક્ષકો અને વિદ્યાર્થીઓની અથાગ મહેનત જેમાં પી.ટી. ટીચર્સ પોતાની આગવી આવડત થી વિદ્યાર્થીઓને પ્લેટફોર્મ પૂરું પાડીને વિદ્યાર્થીઓનું સિલેક્શન કરી અને દરેક રમત ની ખૂબ સારી રીતે પ્રેક્ટિસ કરાવીને જહેમત ઉઠાવેલ છે જે બદલ ઘોડાસરા સ્કૂલ બધાને બિરદાવે છે અને દરેક શિક્ષકો અને વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

# અમરેલી: આઠમાં પગાર પંચની રચનાના નિર્ણયને આવકારતા પ્રો.જે.એમ. તલાવિયા

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી કેન્દ્ર સરકારની કેબીનેટમાં આગામી તા.૦૧/૦૧/૨૦૨૬ થી અમલમાં આવે તે રીતે આઠમા પગાર પંચની રચનાની જાહેરાત કરવામાં આવી છે. પ્રલાણીકા મુજબ દર દસ વર્ષે થતી આ પ્રક્રિયાથી કેન્દ્ર અને તે અનુસંધાને રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને



આનાથી મોટો લાભ થતો હોય છે. હાલ આ લાભ કેન્દ્રના ૧.૧૫ કરોડ કર્મચારીઓને થવાનો છે. ત્યાર પછી રાજ્ય સરકાર દ્વારા અમલવારી કરતા રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને લાભ મળશે. આ જાહેરાતને સ્થાનિક અધ્યાપક મંડળના પ્રમુખ પ્રા.જે.એમ.તલાવિયાએ આવકારી છે અને આશા રાખી છે કે ફિટમેંટ ફેક્ટર ઓછામાં ઓછું ૨.૮૬ રાખવામાં આવે.

# અમરેલીથી બાબરા માટે એક બસ વધારવા માટેની માંગ

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

અમરેલીથી બાબરા આવવા માટે બપોરના સમયમાં વિદ્યાર્થીઓ અને બાબરાના રહીશો અને બાબરા ના વિદ્યાથીઓ અભ્યાસ પૂર્ણ કરી આવવા માટે ૧૧:૩૦ ના સમય માં અમરેલી થી બાબરા લોકલ, ૧૧.૩૦ ની અમરેલી ભુજ,૧૧.૩૦ ની કતપર જામનગર,૧૧.૩૦ ની સાવરકુંડલા રાજકોટ, બસ હોય બાદ ૧૨.૪૫ સુધી બાબરા આવવા માટે એકપણ બસ ન હોવાથી લોકોના પ્રશ્નોને વાચા આપવામાં આવી હતી. એસ.ટી. ડેપો દ્વારા થોડા દિવસો માટે અમરેલી બાબરા સતાધાર જે ૧૧.૩૦ ઉપડે છે જે બસ થોડા દિવસ માટે ૧૨.૧૫ કરેલી ત્યારબાદ બંધ કરી દેવામાં આવેલ છે તો એક બસ નો સમય ફેર કરી ૧૨.૧૫ ની બસ આપવામા આવેતો બાબરા શહેર તેમજ આસપાસના ગામડામાં રહેતા લોકોને અને વિદ્યાથીઓને ઘણો અવર-જવર કરવામાં ફાયદો થશે.

# અમરેલી રસ્તાના કામો માટે રૂ.૧૩.૫૫ કરોડ મંજૂર કરાવતા ધારાસભ્ય કૌશિક વેકરિયા

## અમરેલી અને કુંકાવાવ તાલુકાના ૧૧ ગામોના ૨૮ જેટલા સ્ટ્રકચરના કામોને મળી મંજૂરી

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી વિધાનસભાના અમરેલી અને કુંકાવાવ તાલુકાના વિવિધ ગામોના રસ્તાના અલગ અલગ કામો જેવા કે, સ્લેબ ડ્રેઈન, પાઈપ કલ્વર્ટ અને કોઝવેના વિવિધ કામો મંજૂર કરાવવા માટે ધારાસભ્યશ્રીએ માનનીય મુખ્યમંત્રીને આગ્રહપૂર્વક રજૂઆત કરી હતી. જેને માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા સ્વીકાર થતાં કુલ રૂપિયા ૧૩ કરોડ ૫૫ લાખ જેવી માતબર રકમના ૨૮ જેટલાં સ્ટ્રકચરના કામોને મંજૂરી મળી છે. આ કામોમાં અમરેલી તાલુકાના ચાડિયા-લાપાળિયા રોડના લાપાળિયા, શંભુપુરા, કેરિયાચાડ,



સાજિયાવદરને લાભકર્તા સ્લેબ ડ્રેઈન અને પાઈપ કલ્વર્ટના કામો માટે ૩ કરોડ ૫૦ લાખ, જાળિયા-કેરાળા-હડાળા રોડના જાળિયા, કેરાળા હડાળા અને ખારી ખીજડિયા જેવા ગામોને લાભકર્તા પાઈપ કલ્વર્ટ અને સ્લેબ ડ્રેઈનના રૂપિયા ૬ કરોડ ૫૫ લાખના કામો તથા કુંકાવાવ તાલુકાના વાવડી ચોકી - લખાપાદર -ઈશ્વરિયા રોડના વાવડીરોડ, સનાળા, લખાપાદર, ઈશ્વરિયા અને ભાયાવદર જેવા ગામોને લાભકર્તા કોઝવેના કામ માટે રૂપિયા ૨ કરોડ ૮૦ લાખના કામને તથા અનીડા - ખજૂરી - મેઘા પીપળીયા રોડના સ્લેબ ડ્રેઈનના રૂપિયા ૭૦ લાખના કામને મંજૂરી મળેલ છે. આમ અમરેલી અને કુંકાવાવ તાલુકાના કુલ ૧૧ ગામોના ૨૮ જેટલા કામો માટે રૂપિયા ૧૩ કરોડ ૫૫ લાખ જેવી માતબર રકમ મંજૂર થતા આગામી દિવસોમાં આ કામોનો આરંભ થશે. જેથી આ વિસ્તારની ગ્રામ્ય પ્રજાને એનો સીધો જ લાભ મળી રહેશે.

# શ્રીકૃષ્ણની જીવનલીલાને રજૂ કરતું મેગા નાટક 'શાંતિદૂત કૃષ્ણ' ઉપલેટાનું ઘરેણું કહેવાતા માલદે આહીરે કલમ અને કંઠથી શણગાર્યું

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



તસવીર: શહેઝાદ બાદશાહ ઉપલેટા

ભગવાન શ્રીકૃષ્ણના જીવનની લીલાઓને અસલ ઢંગરંગ સાથે રજુ કરતુ અજોડ અદભુત સીનેમેટીક મેગા નાટક '' શાંતીદુત કૃષ્ણ'' એ ગુજરાતનુ પ્રથમ એવું નાટક છે કે જે સૌરાષ્ટ્રની અસલ તળધરતીની ભાષામા લખાયુ છે.

આ સિનેમેટિક નાટકમાં સૌરાષ્ટ્રના સીનીયર અને ટેલેન્ટેડ કલાકારોએ વોઈસ ઓવર આપ્યા છે. જેમા હસન મલેક,જયંતી જોષી,અરવિંદ રાવલ ( ગુજરાત ગૌરવ પુરસ્કૃત) ઉદઘોષક રાજુ યાજ્ઞીક ( ગુજરાત.ગૌરવ પુરસ્કૃત ) રમીઝ સાલાણી, વિરેન્દ્ર પુંજાણી,મહેશ કોટીચા,કાજલ જોષી,ચેતન દોષી,ચાર્મી, બંસી કોટક,પલ્લવી વ્યાસ,જેવા અનેક નામાંકીત કલાકારોનો સમાવેશ થાય છે.પ્રસિધ્ધ ડાયરેક્ટર આસીફ અજમેરી અને જાંબાજ કોર્યોગ્રાફર મેઘા વિઠલાણી સાથે નાટ્યના કુલ સીતેર કલાકારોનો કાફલો પોતાની આગવી કલાના કસબ બતાવશે. આ સિનેમેટિક નાટકને કલમ અને કંઠથી માલદે આહીરે શણગાર્યુ છે તેમની સાથે લલીતા ઘોડાદરા અને સાથીદારોએ પણ કંઠ પૂર્યો છે.

નાટકનુ તમામ સંકલન પાર્થ બેરીયા,અને ધ્રૃવ બેરીયા અને ડો.માંડી કરશે કરશે.ગુજરાત કલા કેન્દ્ર આ નાટક પ્રસ્તૃત કરવા જઈ રહ્યુ છે. જેના સંગીતકાર વિનીત બરોચીયા છે. હાલ માં જ તેનું રેકોર્ડીંગ રોકી જેસીંગ વ્રજ સ્ટુડીઓ ,રાજકોટ રેકોર્ડીંગ પુર્ણ થયુ છે અને ટૂંક સમયમાં જ તેને દર્શકો સમક્ષ પ્રસ્તુત કરવામાં આવશે

આ નાટકમાં ઉપલેટાનું ઘરેણું કહી શકાય તેવા માલદેભાઈ આહીરે કલમ અને કંઠ આ નાટકને આપીને પોતાના લેખન અને સ્વરનો ફરી એક વખત પરચો બતાવ્યો છે. તેમણે રાજ્ય તેમજ વિદેશમાં પણ અનેક અદભુત ગીતો ગાયા છે અને લોક ડાયરાઓ કર્યા છે. તેઓ સાહિત્ય ક્ષેત્રે બહુ ઊંડું જ્ઞાન ધરાવે છે. તેઓએ અનેક લોક ગાયકો અને રાજકીય નેતાઓને પોતાને સુમધુર વાણીનો લાભ પણ આપ્યો છે. તાજેતરમાં દેશ અને દુનિયામાં જે કાર્યક્રમનો ડંકો વાગ્યો હતો તે મહા આહીરાણી રાસોત્સવ કે જેમાં સમગ્ર ગુજરાતની લગભગ ૩૭૦૦૦ આહિર બહેનોએ પોતાનો પરંપરાગત પોશાક પહેરી દ્વારકામાં રાસ રમ્યા હતા, તે કાર્યક્રમમાં પણ તેઓની કલાનો મહત્તમ ઉપયોગ કરી આ કાર્યક્રમના સફળ બનાવવામાં તેઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# મોરબી: 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત ૨૭ મોબાઈલ મૂળ માલિકને પરત કરતી પોલીસ




**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા અરજદારોના ખોવાયેલ કે ચોરાયેલ ૨૭ જેટલા મોબાઈલ ફોન ઈઈઆઈઈ પોર્ટલના ઉપયોગથી શોધી કાઢી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત તમામ અરજદારોને પોલીસ મથકે બોલાવી પરત કરવામાં આવ્યા છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને મોરબી સીટી એ ડિવિઝન પીઆઈ એચ.એ.જાડેજાના સુપરવિઝન હેઠળ અરજદારોના ખોવાયેલ/ચોરાયેલ મોબાઈલ શોધી કાઢવા સુચના કરેલ હોય જેથી સર્વેલન્સ ટીમના એ.એસ.આઈ રાજદીપસિંહ રાણાએ CEIRપોર્ટલનો ઉપયોગ કરી CEIRમા એંટ્રી કરી સતત મોનીટરીંગ રાખી ટેકનીકલ વર્ક આઉટ કરી અરજદારોના ૨૭ જેટલા મોબાઈલ કિ..રૂ.૫,૦૨,૩૬૨/- ના શોધી કાઢવામાં સફળ થયા હતા, ત્યારે તમામ અરજદારોને સીટી એ ડિવિઝન પોલીસ મથકે એકસાથે બોલાવી તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ હેઠળ મોબાઈલ મૂળ માલીકને પરત આપી સુરક્ષા સાથે સેવાનુ ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે એ સુત્ર મોરબી સીટી એ ડીવીજન પોલીસે સાર્થક કરેલ છે.

# મોરબીમાં ખંડણીખોરે પોત પ્રકાશ્યુ: ફરિયાદ ખેંચવા વેપારીને આપી ધમકી

## યુવાન સાથે મિત્રતા કેળવી રોકડ, બુલેટ અને આઈફોન પડાવી લીધા તા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં ખંડણીખોરી કેસમાં જેલમાંથી શરતી જામીન ઉપર છૂટેલા માથાભારે શખ્સ દ્વારા ફરિયાદી કાપડની દુકાનના વેપારી યુવકને અનેકો વાર મોબાઈલમાં ફોન કરી ગાળો આપી ફરિયાદ પાછી ખેંચી લેવા દબાણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવતા હાલ સીટી એ ડિવિઝન પોલીસે આરોપી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર મોરબીમાં ગોકુળ-મથુરા સોસાયટી ગીતાંજલી એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૪૦૨ માં રહેતા દેવકુમાર ચેતનભાઈ સોરીયા ઉવ.૨૧ એ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી વિશાલ ઉર્ફે વિશલો વેલાભાઈ રબારી રહે.શનાળા ગામ મોરબી વાળા સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં આશરે ત્રણેક મહિના અગાઉ કાપડની દુકાન ધરાવતા યુવક સાથે મિત્રતા કેળવ્યા બાદ અપહરણ કરી ખંડણી ઉઘરાવી સમયાંતરે રોકડ, બુલેટ અને આઈફોન પડાવી લીધાના ચકચારી બનાવ બાબતે આરોપી વિશાલ રબારી વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ કરાઈ હતી. ત્યારે જે તે સમયે પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી આરોપીઓને જેલ હવાલે કરાયા હતા. જે બાદ આરોપી વિશાલ રબારીને કોર્ટમાંથી શરતી જામીન ઉપર મુક્ત કર્યો હોય. ત્યારે જેલમાંથી છૂટ્યાને થોડા દિવસોમાં માથાભારે ઈસમે પોત પ્રકાશી દેવકુમારને વારંવાર ફોન કરી બેફામ અપશબ્દો આપી કરેલ ફરિયાદ પરત ખેંચી લેવા જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી, હાલ ભોગ બનનાર દેવકુમારે માથાભારે શખ્સ સામે ફરિયાદ નોંધાવતા એ ડિવિઝન પોલીસે આરોપી વિશાલ રબારી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં જુના મનદુ:ખનો ખાર રાખી આધેડને માર માર્યો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના ત્રાજપર ખારી વિસ્તારમાં રહેતા આધેડને અગાઉ પાડોશી સાથે ગાળો બોલવા બાબતે બોલાચાલી થઈ હોય જેનો ખાર રાખી પાડોશી બે સગા ભાઈઓ દ્વારા આધેડને રસ્તામાં રોકી ગાળો આપી લોખંડના પાઈપ તથા ધારીયા વડે માથામાં માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી બંને ભાઈઓ સ્થળ ઉપરથી ચાલ્યા ગયા હતા. ત્યારે સમગ્ર બનાવ બાદ સારવાર પૂર્ણ થયે આધેડે બી ડિવિઝન પોલીસ મથકમાં બંને આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

મોરબીના સામાકાંઠે આવેલ ત્રાજપર ખારી વિસ્તારમાં રહેતા રમેશભાઈ બાબુભાઈ સાતોલા ઉવ.૪૬ ને આજથી બારેક મહિના પહેલા ત્રાજપર ખારીમાં રહેતા આરોપીઓ મહેશ ઉર્ફે મટો અમરશીભાઈ વરાણીયા અને રાજેશ અમરશીભાઈ વરાણીયા સાથે ગાળો બોલવા બાબતે બોલાચાલી થઈ હોય ત્યારે ગત તા.૧૪/૦૧ના રોજ રમેશભાઈ માતાજીના મંદિરે દર્શન કરીને પોતાના ઘર તરફ આવતા હોય ત્યારે ત્રાજપર ખારીના ચોરા પાસે બંને આરોપીઓ ઉભા હોય અને કોઈપણ કારણો કર વાંક વિના બંને ભાઈઓ રમેશભાઈને ગાળો આપી ધારીયાનો એક ઘા માથામાં ઝીંકી દીધો હોય જ્યારે અન્ય આરોપીએ લોખંડના પાઈપ વડે માર મારતા દેકારો થતા ત્યાં બાજુમાં રહેતા રમેશભાઈના સગા વ્હાલાઓએ વધુ મારથી છોડાવેલ ત્યારે જતા જતા બંને ભાઈઓએ જાનથી મારી નાખવાની ધમકી આપીને ચાલ્યા ગયા હતા.

# મોરબી: પોલીસમાં કરેલી અરજીનો ખાર રાખી વેપારી ઉપર હુમલો

## બે ભાઈ સહિત ત્રણ શખ્સે માર માર્યાનો નોંધાતો ગુનો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં રૂપિયાની લેતી દેતી મામલે નવડેલા રોડ ઉપર દુકાન ધરાવતા વેપારીએ તેની સામે દુકાન ધરાવતા બે ભાઈઓ સામે પોલીસમાં અરજી કરી હોય જે મામલે સમાધાન થઈ ગયું હતું. ત્યારે તે બાબતનો ખાર રાખી વેપારીને ગાળો આપી ત્રણ શખ્સોએ લાકડાના ધોકા અને મૂંઢ માર મારતા ઈજાગ્રસ્ત વેપારી દ્વારા ત્રણેય આરોપીઓ વિરુદ્ધ સીટી એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર મોરબીના શનાળા રોડ સત્યમ પાનવાળી શેરીમાં વિશ્વકર્મા પાર્ક બ્લોક નં.૮ માં રહેતા મિથુનભાઈ મોહનભાઈ કુંઢનાણી ઉવ.૩૯ એ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી ચિરાગભાઈ ઉર્ફે જીગો વિનોદભાઈ ખખ્ખર, કાનાભાઈ વિનોદભાઈ ખખ્ખર તથા જયરાજભાઈ કાનાભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે અગાઉ આરોપીઓ સામે પૈસાની લેતી દેતીમાં ફરિયાદી મિથુનભાઈએ પોલીસમાં અરજી કરી હોય જે મામલે સમાધાન થઈ ગયું હોય ત્યારે ગઈકાલે ફરિયાદી મિથુનભાઈ પોતાની નવડેલા સ્થિત ભગવતી ટ્રેડિંગ દુકાને હાજર હોય ત્યારે દુકાનની સામે મહાવીર ટ્રેડિંગ નામની દુકાન ધરાવતા આરોપી ચિરાગભાઈ ઉર્ફે જીગો અને આરોપી કાનાભાઈ ત્યાં આવી પોલીસમાં અરજી કેમ કર્યા અંગે જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ જેથી મિથુનભાઈએ ગાળો આપવાની ના પાડતા એકદમ ઉશ્કેરાઈ ઉપરોક્ત ત્રણેય આરોપીઓએ મિથુનભાઈને ઢીકા પાટુનો માર મારી લાકડાના ધોકા વડે મૂંઢ માર મારવા લાગ્યા ત્યારે દેકારો થતા આજુબાજુથી લોકો એકઠા થઈ જતા મિથુનભાઈને વધુ મારથી છોડાવ્યા હતા,

# વાંકાનેર: ચિત્રાખડા ગામે વૃધ્ધનો આપઘાત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તથા વાંકાનેરના ચિત્રાખડા ગામે એમ બે અલગ અલગ સ્થળોએ બે અપમૃત્યુના બનાવમાં ૩૯ વર્ષીય યુવક તથા બીજા બનાવમાં ૬૨ વર્ષીય વૃદ્ધનું અકાળે મોત નિપજતા બંને બનાવ બાબતે પોલીસે અ. મોતની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## મોરબીમાં યુવક પટકાતા મોત

મોરબીની માળીયા વનાળીયા સોસાયટીમાં રહેતા શામજીભાઈ ગોવિંદભાઈ સોલકી વહેલી સવારના સમયે પડી જતા શામજીભાઈને શરીરે ઈજા ગંભીર થતા પ્રથમ મોરબી અને વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પીટલ ખાતે ૮/૧ ના રોજ સારવાર દરમ્યાન શામજીભાઈ મરણ થતાંફ

વાંકાનેરના ચિત્રાખડા ગામે રહેતા ૬૨ વર્ષીય ઉદાભાઈ લાખાભાઈ ઠાકોર નામના વૃદ્ધએ ગઈ તા. ૦૩/૦૧ના રોજ ચીત્રાખડા ગામે કોઈ કારણોસર ઝેરી દવા પી જતા પ્રથમ સારવાર વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે બાદમાં વધુ સારવાર માટે સાણંદ નવજીવન ડોકટર હોસ્પીટલ ખાતે સારવારમાં લાવવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૧ ના રોજ ફરજ પરના ડોકટરે ઉદાભાઈને મરણ ગયેલનું જાહેર કરતા વાંકાનેર તાલુકા પોલીસે અ. મોત રજીસ્ટર કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી: કારે બે બાઈકને હડફેટે લેતા ચાર ઈજાગ્રસ્ત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના રાજપર શનાળા રોડ ઉપર એક ફોર વ્હીલ કારના ચાલકે પોતાની કાર પુરપાટ ગતિએ અને બેદરકારી રીતે ચલાવી આગળ જતાં બે બાઈકને વારા ફરથી હડફેટે લીધા હતા, જેમાં ડબલ સવારી બંને બાઈકમાં સવાર કુલ ચાર વ્યકિતઓને ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી,

મળતી માહિતી અનુસાર, મોરબીના થોરાળા ગામના રહેવાસી માવજીભાઈ કેશુભાઈ પરમાર ઉવ.૪૪ દ્વારા અકસ્માત સર્જનાર ફોરવ્હીલ કાર રજી. જીજે-૦૩-ડીએન-૬૬૧૩ ના ચાલક વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેમાં જણાવ્યા અનુસાર ગઈ તા.૧૩/૦૧ના રોજ આરોપીએ પોતાના હવાલાવાળી ફોરવ્હિલ ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી ચલાવી બે મોટર સાયકલને હડફેટે લીધા હતા જેમાં ફરિયાદીના દીકરા મહેશભાઈના મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-એડી-૯૭૩૩ તથા બીજા મોટર સાયકલ ચાલક ચેતનભાઈના મોટર સાયકલ રજી.નં- જીજે-૩૬/એએચ-૧૫૪૩ ની સાથે ઉપરોક્ત કાર ચાલકે ટક્કર મારતા બંન્ને મોટર સાયકલ રોડ ઉપર પડી જતા તમામ ઘાયલ થયા છે.

# તેરા તુજકો અર્પણ અંતર્ગત

# ચોટીલા પોલીસે ખોવાયેલા મોબાઈલ મુળ માલીકને પરત કર્યા

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા પોલીસ મથકમાં મોબાઈલ ખોવાયાના બનાવો નોંધાતા હતા જેને લઈને ચોટીલા પોલીસે ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી સાયલાના કમલેશ ધીરજલાલ રાઠોડ ચોટીલામાં ધનજીભાઈ સોમાભાઈ દેલવાડીયા, રાજકોટનાં નરેશ પુંજાભાઈ પરમાર અને ચોટીલાનાં સુનીલભાઈ દેવાભાઈ વાઘેલાને તેમના ખોવાયેલા મોબાઈલ પરત કરી સરાહનીય કામગીરી કરી છે.



# વાંકાનેર: સુરેન્દ્રનગર - માટેલ રૂટની બસ બંધ કરાતા યાત્રિકોમાં કચવાટ

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરથી ૧૮ કી.મી. દુર આવેલ માટેલ ખાતે આવેલ જગ વિખ્યાત આઈશ્રી ખોડીયાર માતાજીના જયાં બેસણા તેવા યાત્રાધામમાં વર્ષોથી ચાલતી અને રાત્રી રોકાણ કરતી સુ.નગર - માટેલ રૂટની એસ.ટી. સુવિધાને તાજેતરમાં મકરસંક્રાંત સમયે બંધ કરાતા માંના દર્શને આવતા



દર્શનાર્થીઓમાં ભારે કચવાટ સાથે રોષ જોવા મળી રહયો છે.

જેની જાણ મંદિરના મહંત રણછોડદાસ દુધરેજીયાને થતાં મહંત દ્વારા શ્રધ્ધાળુઓનો કચવાટ દુર કરવા માટેલ- મંદિર દ્વારા સુ.નગર ડેપો મેનેજર તેમજ રાજકોટ ડીવીઝન કચેરીના અધિકારીને ઉપરોકત રૂટ શરુ કરવા લેખીત રજુઆત કરવામાં આવી હતી.

# વાંકાનેર: નજીક બોલેરોની ઠોકરે રીક્ષા સવાર ઈજાગ્રસ્ત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

રાજકોટ તાલુકાના હડાળા ગામે રહેતા ખેડૂત સંજયભાઈ રઘુભાઈ સીતાપરા પરિવાર સાથે ટંકારાના ટોળ ગામે સાળીના સગપણ જોવા માટે કુવાની રીક્ષા રજી.નં. જીજે-૦૩-સીટી-૫૩૯૯માં ગયા હોય ત્યારે ત્યાંથી ટોળ ગામેથી પરત આવતા હોય ત્યારે સંજયભાઈના સાસુ-સસરા વાંકાનેર રહેતા હોય જેથી વાંકાનેર માટે જતા હતા, ત્યારે વાંકાનેરના કોઠારીયા ગામે પહોંચતા રીક્ષા પાછળ આવતી બોલેરો રજી.નં. જીજે-૩૬-વી-૦૦૫૮ના ચાલકે પોતાના હવાલાવાળી ગાડી ફૂલ સ્પીડમાં ચલાવી રીક્ષાને પાછળથી ઠોકર મારતા રીક્ષામાં પાછળ બેઠેલ સંજયભાઈ, તેમનો દીકરો અને સાળાને ઈજાઓ પહોંચી હતી, જેમાં સંજયભાઈનો પગમાં ગંભીર ઈજાઓને કારણે લોહી નીકળવા લાગતા તેઓ બેભાન થઈ ગયા હતા.

# પડાણા: દુકાનમાંથી ૧૧ પેટી દારૂ સાથે શખ્સ પકડાયો

## પોલીસે રૂ. ૮૪૫૦૦ નો મુદામાલ કબ્જે કર્યો: વેપારી સહિત બેની શોધખોળ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ તાલુકાના પડાણા પંચરત્ન માર્કેટમાં આવેલી દુકાનમાંથી પોલીસે રૂા. ૮૪,૦૮૪ના વિદેશી દારૂ સાથે એક શખ્સને પકડી પાડયો હતો, જ્યારે મુખ્ય સૂત્રધાર બે શખ્સ હાથમાં આવ્યા નહોતા. પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ પડાણામાં રહેનાર મનુભા વાઘેલા નામનો શખ્સ પંચરત્ન માર્કેટની ડી ગલીમાં દુકાન નંબર-બેમાં અંગ્રેજી દારૂ રાખી મનોજ જયસ્વાલ દ્વારા તેનું વેચાણ કરતો હોવાની પૂર્વ બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરી હતી. દુકાન આગળથી મનોજ મોહન જયસ્વાલ નામનો શખ્સ હાજર મળી આવ્યો હતો. તેને સાથે રાખી દુકાનની તપાસ કરાતાં અંદરથી દારૂની ૧૧ પેટી મળી આવી હતી. પડાણામાં રહેનાર મનુભા વાઘેલા તથા જયપાલસિંહ ઉર્ફે શિવમ જાડેજા આ ગુનામાં સામેલ હોવાનું ખુલ્યું હતું. હાથમાં ન આવેલા શખ્સોને પકડી પાડવા આગળની કાર્યવાહી પોલીસે હાથધરી છે.

આ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એસ.વી.ગોજીયા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવેલ છે.

# અમરેલી: પુસ્તક વાંચન અને નિબંધ સ્પર્ધામાં કોમર્સ કોલેજની વિદ્યાર્થીનીએ પ્રાપ્ત કર્યો દ્વિતીય ક્રમ

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર - સંસ્થાના પ્રમુખ હરેશભાઈ મહેતા દ્વારા એક અનોખી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા ગોવિંદભાઈ ધોળકિયાની જીવનયાત્રાની ગુજરાતી આવૃત્તિ ''ડાયમંડ્સ આર ફોરએવર, સો આર મોરલ્સ'' પુસ્તક વાંચીને તેના પરથી ''આ પુસ્તકમાંથી મને શું પ્રેરણા મળી?''એ વિષય પર એક નિબંધ લખવાનો હતો. આ નિબંધ સ્પર્ધામાં અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં એસ.વાય.બી.બી.એ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. દિશા પરમાર તથા ટી.વાય.બી.બી.એ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. ખુશી પરમાર દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. બંને દ્વારા નિબંધ લખીને કોલેજને સબમીટ કરેલ હતો. જેમાંથી કોલેજની એકસપર્ટ પેનલમાં સમાવિષ્ટ પ્રા. જે. એમ. તળાવીયા, પ્રા. ડો. એ. બી. ગોરવાડીયા તથા પ્રા. ડબલ્યુ. જી. વસાવા દ્વારા નિબંધનો તલસ્પર્શી અભ્યાસ કરીને તેમાંથી કુ. ખુશી પરમાર દ્વારા લખવામાં આવેલ નિબંધ પસંદ કરવામાં આવ્યો હતો અને આ નિબંધ જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે મોકલવામાં આવેલ હતો. એમાંથી વિદ્યાગુરૂ ફાઉન્ડેશનની ચયન સમિતિ દ્વારા કુ. ખુશી પરમાર દ્વારા લખવામાં આવેલ નિબંધને દ્વિતીય ક્રમ આપવામાં આવ્યો ત્યારે ઈનામ વિતરણ સમારંભમાં ખુશી પરમારને પૂ.મોરારીબાપુ તથા ગોવિંદભાઈ ધોળકિયાના હસ્તે રૂ.૧૧,૦૦૦નો રોકડ પુરસ્કાર તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું. કોલેજ કક્ષાએ આ સમગ્ર સ્પર્ધાનું કોઓર્ડીનેશન કોલેજના એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડો. એ. બી. ગોરવાડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા વિદ્યાસભાના મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ અને કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. એમ. એમ. પટેલ દ્વારા વિદ્યાર્થીનીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તેમ આઈ.કયુ.એ.સી. કો-ઓર્ડીનેટર પ્રા. ભારતીબેન ફીણવીયાએ જણાવ્યું હતું.

# સુરેન્દ્રનગર: જંત્રીના નવા દરમાં ઘટાડો કરવા બિલ્ડર એસો. દ્વારા અપાયું આવેદન

## જંત્રી દર ઘટાડી લોક લક્ષી બનાવવા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર-વઢવાણ બિલ્ડર એસોશીએસન દ્વારા ના મુખ્યમંત્રીને સંબોધીને જંત્રીના વધારા બાબતે જરૂરી વાંધા તેમજ સુચનો અંગે જીલ્લા કલેકટરને લેખીત રજુઆત કરવામાં આવી હતી અને બિલ્ડરોના હિતને ધ્યાને લઈ યોગ્ય પગલા ભરવામાં આવે તેવી માંગ પણ કરી હતી.



સરકાર દ્વારા નવી જંત્રી જાહેર કરવામાં આવી છે જેનો બોજ ખુબ જ અસહ્ય છે જ્યારે એક વર્ષ પહેલા ડબલ જંત્રી કરવામાં આવી હતી ત્યારે પણ સુરેન્દ્રનગર વિસ્તારના મોટાભાગના વિસ્તારમાં બજાર કિંમત કરતા જંત્રી વધી ગઈ હતી અને હાલ તાજેતરમાં કરેલ જંત્રીનો ભાવ તેનાથી પણ અનેક ગણો વધારે રાખ્યો હોવાથી સુરેન્દ્રનગર શહેરનો વિકાસ અટકી જશે તેમજ શહેરની બહારના વિસ્તારનો પણ વિકાસ રૂંધાઈ જશે. જ્યારે દુધરેજની સીમમાં પહેલેથી જંત્રી વધારે હોવાથી એક વર્ષ પહેલા ડબલ જંત્રી થતા દુધરેજ બહારના વિસ્તારનો વિકાસ અટકી ગયો છે હાલ તેમાં પણ વધારો થતાં દુધરેજની સીમમાં જમીનની લે-વેચ સાવ બંધ થઈ જશે અને પરિણામે શહેરનો વિકાસ પણ અટકી જશે. નવા જંકશન પાછળ જ્યાં પ્લોટની કિંમત બજાર કિંમત મુજબ મીટરના ૧,૫૦૦થી ૨,૦૦૦ સુધી છે ત્યાં નવો ભાવ ૫,૦૦૦ થી ૭,૦૦૦ નક્કી કરવામાં આવ્યો છે. આવી પરિસ્થિતિમાં જમીનના સોદા થતાં બંધ થઈ જશે તેવી જ રીતે રતનપર બાયપાસ રોડ સહિતનો વિસ્તાર જે વિકસતો વિસ્તાર છે ત્યાં પણ નવા જંત્રીના ભાવ રૂા.૧૨,૦૦૦ થી ૧૩,૦૦૦ પ્રતિ મીટર નક્કી કરવામાં આવ્યા છે. આ ઉપરાંત જંત્રી માટે જે બ્લોક બનાવવામાં આવ્યા છે તે ખુબ જ મોટા હોવાથી બ્લોકની અંદર અનેક સર્વે નંબરોનો સમાવેશ થઈ જાય છે આથી રોડ પરની જગ્યા હોય તો તેની કિંમત આવતી હોય છે પરંતુ અંદરની જગ્યાની કિંમત રોડ સાઈડ જેવી આવતી નથી આથી જંત્રી માટે નાના બ્લોક બનાવવાની પણ માંગ કરી હતી અને રોડ સાઈડ તેમજ અંદરની સાઈડના ભાવ અલગ-અલગ નક્કી કરવા પણ જરૂરી છે. આ સિવાય સુરેન્દ્રનગરની ભૌગોલીક સ્થિતિને ધ્યાને લઈ માળ મુજબ જંત્રીના દરો નક્કી કરવાની પણ માંગ કરી હતી અને સ્ટેમ્પ ડ્યુટી જે હાલ ૪.૯૦ ઘણી વધારે છે તેમાં પણ ઘટાડો કરી ૩ ટકા સ્ટેમ્પ ડયુટી કરવી જોઈએ અને સરકારની ઈમ્પેકટ ફીની યોજનામાં અરજદારે જંત્રી મુજબ જે રકમ ભરવાની થાય તેમાં નવી જંત્રી ગણવામાં ન આવે અને અરજદારે જ્યારે પ્લાન રજુ કર્યો હતો તે સમયની જંત્રી ગણવામાં આવે તેવી માંગ સાથે રજુઆત કરવામાં આવી હતી.

# મોરબી: સ્પાની આડમાં ચાલતા કુટણખાનાનો પર્દાફાશ

## સ્પા સંચાલકની ધરપકડ: એકની શોધખોળ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ પોલીસ ટીમને મળેલ બાતમીને આધારે તાલુકાના રંગપર ગામ નજીક ગેલેક્સી વેલનેસ સ્પામાં દરોડો પાડી સ્પા સંચાલક એક આરોપીને પકડી લેવામાં આવ્યો છે, જ્યારે અન્ય એક આરોપીનું નામ ખુલતા કુલ બે આરોપીઓ સામે તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની તપાસ શરૂ કરી છે.

મોરબી તાલુકાના રંગપર ગામ નજીક શિવ વે બ્રિજ બાજુમાં યોગી કોમ્પ્લેક્સના પહેલા માળે આવેલ ગેલેકસી વેલનેસ સ્પામાં દેહ વ્યાપારની અનૈતિક પ્રવૃત્તિ ચાલુ હોવાની મળેલ બાતમીને આધારે મોરબી એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા રેઈડ કરવામાં આવી હતી, ત્યારે પોલીસે સ્થળ ઉપરથી સ્પા સંચાલક આરોપી ફારૂખભાઈ ઈબ્રાહીમભાઈ હાણિયા ઉવ.૨૬ રહે.હાલ મોરબી રણછોડનગર નીધીપાર્ક મુળરહે.રાજકોટ ૬૪-૨ લાલપરી મફતીયાપરા શેરી નં.૩ વાળાને રોકડા ૪,૪૦૦/-અને બે મોબાઈલ કિ.રૂ.૮,૦૦૦/- સહિત કુલ કિ.રૂ.૧૨,૪૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો, જ્યારે અન્ય એક આરોપી મહમદહુશેન ભીખુભાઈ સંધી રહે.મોરબી રણછોડનગર નીધીપાર્ક વાળો દરોડા દરમિયાન સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા તેને ફરાર દરસબાવી બંને આરોપીઓ સામે ધી ઈમોરલ ટ્રાફિક પ્રીવેંશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

### સાથિયા પુરાવો આજ દિવડા પ્રગટાયો રાજ

# સોમનાથ - વેરાવળ - પાટણ નગરપાલિકાનો કાલે લાખેણો જન્મદિવસ

## સાત દાયકાની સફરનો ભવ્ય ભૂતકાળ, ગૌરવવંતો ઈતિહાસ અને ઉજવળ ભવિષ્ય માટે સતત મહેનત કરી સ્થાનીક સ્વરાજય સંસ્થા તરીકે વેરાવળ પાટણ નગરપાલિકાનો અંદાજ અનોખો

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

વેરાવળમાં જુનાગઢ સ્ટેટ તરફથી તા. ૧-૯-૧૯૩૪ ના રોજ શહેર સુધરાઈ આપવામાં આવી હતી. પરંતુ તેના પ્રમુખ તરીકે વેરાવળ પોર્ટ ઓફીસરને બનાવવામાં આવ્યા હતા. અને બાકીના સભ્યોની પણ સ્ટેટ તરફથી નિમણુંક કરવામાં આવી હતી.

૧૯૪૭માં દેશ સ્વાતંત્ર્ય થતાં ૧૯૫૦માં વેરાવળને પ્રજાકિય શહેર સુધરાઈ આપવામાં આવી જેમાં ચુંટણી દ્વારા સભ્યોની પસંદગી થઈ જેના પ્રથમ પ્રમુખ તરીકે વકીલ હિરાચંદ કે. ગાંધીએ તા. ૧૯-૧-૧૯૫૦ ના રોજ ચાર્જ સંભાળ્યો.

ત્યારે શહેરનો વિસ્તાર ૯.૦૬૫ ચો. કિલોમીટર હતો અને વસ્તી ૭૫,૫૨૦ હતી સને ૧૯૭૧માં વસ્તી ગણત્રી મુજબ તે હતી.

૧૯૭૧ માં પ્રભાસ પાટણ નગરપાલિકાનું વેરાવળ સાથે જોડાણ થયું અને વેરાવળ પાટણ સંયુકત નગરપાલિકા બની.

આ પાલિકા અનેકો વાર ભૂતકાળમાં સુપરસીડ થઈ છે અને ૧૬ વખત વહીવટદાર શાશન આવી ચુકેલ છે.

એક સમયે સમગ્ર રાજયભરની નગરપાલિકાઓની એકી સાથે યોજાયેલી ચુંટણીમાં જયારે ભાજપનો કેસરીયો જંગી બહુમતીથી લહેરાયો હતો. ત્યારે એકમાત્ર વેરાવળમાં જનજાગૃતિ મંચનો તોતીંગ બહુમતીથી વિજય થયો હતો.

આ નગરપાલિકાએ સોમનાથ પ્રાણઃ પ્રતિષ્ઠા પસંગે આવેલા તત્કાલીન રાષ્ટ્રપતિ ડોકટર રાજેન્દ્રપ્રસાદનું વેરાવળના ગાર્ડનમાં ખાસ સન્માન કર્યુ હતું.

સોમનાથના ભાસ્કર વૈદ્ય યથા સ્મૃતિ વાગોળતા કહે છે. 'આ પાલિકાની ચુંટણીના ઈતિહાસમાં



કોઈને કોઈ વરસે એક જ પરિવારના બે પુત્રો અને પુત્રવધુ ચૂંટણીમાં વિજેતા બન્યાનો ઈતિહાસ છે.'

એટલું જ નહીં જેમાના કોઈ પ્રમુખ - ઉપપ્રમુખ કે સભ્યપદે બિરાજી ચુકેલાં છે.

વેરાવળ - પાટણ સંયુકત નગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમ મહિલા પ્રમુખ તરીકે ૧૯૯૮માં ભાનુબહેન કુહાડા ચુંટાઈ આવેલ હતા.

આવો જ બીજો ઈતિહાસ હમણા જ રચાયો કે વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકામાં પ્રભાસ પાટણના મહિલાને પ્રમુખપદ અપાયું અને પલ્લવીબેન જાની હાલ પ્રમુખપદે બિરાજમાન છે.

કિશોરભાઈ કુહાડા, રવિભાઈ ગોહિલ, પિયુસ ફોફંડી સહીતના ઘણા પ્રમુખોના શાશનને આજેય યાદ કરાય છે.

રવિભાઈ ગોહેલ પ્રમુખની ચેમ્બરમાં કાયમી ધોરણે ઠંડુ શરબત રાખતા અને કોઈ અરજદાર તેને મળવા આવે ત્યારે વાત પછી સાંભળે અને પ્રથમ ઠંડુ શરબત પાય પછી જ વાત સાંભળે અને તેનો પ્રશ્ન ઉકેલાણો કે નહી તેનો ફોલોઅપ ફોન સંપર્કથી કરતા જ રહે.

વેરાવળ - પાટણ નગરપાલિકા પ્રજાને શ્રેષ્ઠ સેવા આપતી થાય તે માટે ગીર-સોમનાથ જીલ્લા કલેકટર દિગ્વીજયસિંહ જાડેજા સતત પરિશ્રમ કરી દોડતા રહે છે.

ચોમાસુ પાણી દેવકાના પુલ નીચેથી સરળતાથી પસાર થાય અને તે માટે તનતોડ મહેનત કરી નદીના પટને સાફ સુફ કરાવ્યો, વેરાવળ ખાતે ચોપાટી ફેસ ટુ તુરંત જ શરુ થઈ જાય તે માટે ચીફ ઓફીસરના સંકલન સાથે પરિણામ લક્ષી કામગીરી કરી રહ્યા છે.

ગીર સોમનાથ જીલ્લા કલેકટર દિગ્વીજયસિંહ જાડેજાએ નગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમ વાર વોર્ડ સભા શરુ કરાવી અને તેમાં પોતે પણ હાજર રહી પ્રજાના પ્રશ્નોનો ઉકેલ કરાવ્યો.તાત્કાલીક પ્રમુખ પિયુષ ફોફંડીએ પાટણ દરવાજા પાસે રેલવે લાઈન પાસે રસ્તો પહોળો કરાવ્યો અને નગરપાલિકાનું નામ 'સોમનાથ' નગરપાલિકા બને તેવો સર્વનુમતે ઠરાવ પણ રાજય સરકારને મોકલ્યો.

# સુરેન્દ્રનગરના થાનમાં સીરામીક ફેકટરીમાં આગ લાગતા લાખોનો મુદામાલ બળીને ખાખ

## શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાનઃ સદનસીબે જાનહાની ટળી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં આગ લાગવાના બનાવો વધી રહ્યાં છે ત્યારે થાન શહેરી વિસ્તારમાં આવેલ એક સીરામીક કંપનીમાં મોડીરાત્રે આગનો બનાવ બનતા દોડધામ મચી જવા પામી હતી જો કે સદ્દનસીબે કોઈ જાનહાનીનો બનાવ ન બનતા દુર્ઘટના ટળી હતી જ્યારે આગને કારણે મશીનરી સહિતનો મુદ્દામાલ બળીને ખાખ થઈ જતા મોટાપાયે નુકશાન પહોંચ્યું હતું.

થાન તાલુકામાં મોટાપાયે સીરામીક ઉદ્યોગ ધમધમી રહ્યો છે જેમાં હજારોની સંખ્યામાં કામદારો કામ કરે છે ત્યારે થાન ખાતે આવેલ





એફ સેરા સીરામીકમાં રાતના સમયે અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી અને ગણતરીની મીનીટોમાં આગે ભિષણ સ્વરૂપ ધારણ કરતા ફેકટરીમાં અલગ-અલગ સીરામીક આઈટમોનો જથ્થો, મશીનરી સહિતના સાધનો સંપૂર્ણ બળીને ખાખ થઈ ગયા હતા તેમજ પ્લાસ્ટીક કવર અને પેકીંગ મટીરીયલ્સ સહિતની સામગ્રી પણ બળીને ખાખ થઈ ગઈ હતી. સદ્દનસીબે રાતના સમયે આગ લાગી હોવાથી સીરામીક ફેકટરીમાં કોઈ શ્રમીકો કે અન્ય સ્ટાફ નહિં હોવાથી દુર્ઘટના બનતા અટકી હતી જ્યારે આ બનાવની જાણ થતાં સીરામીક ફેકટરીના માલીક સહિતનો સ્ટાફ અને લોકોના ટોળેટોળા ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને આ અંગે પાલિકાની ફાયર ફાયટર ટીમને જાણ થતાં ફાયર ફાયટર દ્વારાપાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા જો કે આગ ભયંકર હોવાથી આગને બુઝાવવામાં લાંબો સમય લાગ્યો હતો. પ્રાથમિક તપાસમાં શોટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે

# આદિપુરમાં માર્ગ સલામતી સપ્તાહની મર્મસભર ઉજવણીઃ લોકોને જીવન સુરક્ષા માટે કરાયા સચેત

## આદિપુર પ્રભુદર્શન હોલમાં પોલીસ અધિક્ષક સાગર બાગમારેએ ટ્રાફિક અવરનેસ માટે આપી સમજણ

**અબતક,ભારતીમ માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામના આદિપુરમાં માર્ગ સલામતી સપ્તાહની મર્મસભર ઉજવણી કરી લોકોને જીવન સુરક્ષા માટે સચેત કરાયા હતા.

પૂર્વ કચ્છ જિલ્લા ટ્રાફિક પોલીસ, તોલાણી એફ.જી પોલીટેનિક કોલેજ આદિપુર અને આરટીઓના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫ની પ્રભુ દર્શન હોલ આદિપુર ખાતે ઉજવણી કરાઈ હતી. ૩૫ મુ રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ - ૨૦૨૫ અંતર્ગત પૂર્વ કચ્છ જિલ્લામાં ''સડક સુરક્ષા, જીવન રક્ષા -પરવાહમાટે રોડ સેફ્ટી સેમિનાર પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રભુ દર્શન હોલ આદિપુર ખાતે યોજાયો હતો.માર્ગ સલામતી માસના પ્રસંગે પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારે ''સડક સુરક્ષા, જીવન રક્ષા -પરવાહ



અભિયાન અન્વયે રોડ સેફ્ટી નિયમો અને રોડ અકસ્માતથી બચવા લોકોએ કેવી રીતે નિયમોનું પાલન કરવા અંગેની વિસ્તૃતમાં સમજ આપી હતી.

આ કાર્યક્રમમાં અંજાર એ.આર.ટી.ઓ ઈન્સ્પેકટર ડીપી.પટેલ દ્વારા રોડ સેફ્ટી માસ તથા કાર્યક્રમ અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર, ડીવાયએસપી મુકેશ ચૌધરી, ડીવાયએસપી એ.વી રાજગોર, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ ના મંત્રી મહેશભાઈ તીર્થાની, નગરપાલિકા પૂર્વ પ્રમુખ તેજસભાઈ શેઠ,એઆરટીઓ ઈન્સ્પેક્ટર ડી પી પટેલ,જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ. એ એન ગોહિલ, સિટી ટ્રાફિક ઉતશ વી આર પટેલ, રોડ સેફ્ટી એક્સપર્ટ ડો.અજયસિહ રાઠોડ, સામખિયાળી ટોલ વે થી શૈલેષ રામી, તોલાની કોલેજના મેનેજમેટ તથા સ્ટાફ, આર ટી ઓ ઈન્સ્પેકટર સંકેત મેવાડા, એસ એસ પઢિયાર, પી બી કેવડિયા તથા તોલાણી કોલેજના ટ્રસ્ટીઓ, પ્રાધ્યાપકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ ગાંધીધામ નગરપાલિકાના હોદ્દેદારો, અલગ અલગ એન.જી.ઓ.ના હોદ્દેદારો, જિલ્લા અને સીટી ટ્રાફિક સ્ટાફ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# પાટડીઃ રાજવી પરિવારની જમીનમાં દબાણ

## રોડ બનાવી ગેરકાયદે કબ્જો કરનાર સામે લેન્ડગ્રેબીંગ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં ગેરકાયદે દબાણ અને ખાનગી તેમજ સરકારી માલીકીની જમીન અને પ્લોટો પર દબાણ સહિતના બનાવો વધી રહ્યાં છે ત્યારે પાટડી ખાતે આવેલ માલીકીના ખુલ્લા પ્લોટમાં ગામતળ વાળી જમીન પર ગેરકાયદે કબ્જો અને દબાણ અંગે લેન્ડ ગેંબીંગ એક્ટ હેઠળ શખ્સ સામે ગુન્હો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ હાલ કલોલના રાચરડા ખાતે રહેતા અને મુળ પાટડીના રઘુવિલાસ પેલેસના ગોપાલસિંહ રાજેન્દ્રસિંહ દેસાઈની પાટડી ગામના સર્વે નંબર ૧૩૪૭ પૈકી-૩ તથા ૧૩૪૭ પૈકી-૪ ખાતા નં. ૧૩૮૮ અને ૧૩૪૭ પૈકી-૩ વાળી જમીન વડવા પ્રતાપસિંહજી નારણસિંહજી દેસાઈ (પાટડી સ્ટેટ)ના છેલ્લા રાજવીના ફરિયાદી સહિત ૧૧ જેટલા પરિવારજનો કાયદેસરના વારસદાર છે. આ વડીલોપાર્જીત જમીનમાં વર્ષોથી ખેતી કરતા હતા પરંતુ પાટડીનો વિકાસ થતાં ખેતીકામ બંધ કરી દીધા બાદ આ જમીન પર છેલ્લા બે વર્ષથી પાટડી ખાતે રહેતા ગીધાભાઈ મેરૂજી ઠાકોર દ્વારા માલીકીની જમીનમાં ગામતળના ખુલ્લા પ્લોટમાં પશુઓ બાંધી પતરાનો શેઈડ બનાવી ગેરકાયદે બાંધકામ કરવામાં આવેલ છે જે અંગે અનેક વખત ફરિયાદીએ આ જમીન ખાલી કરવા રજુઆત કરી હતી પરંતુ વડિલો પાર્જીત આ જમીન ખાલી કરવામાં ન આવતા તેમજ કબ્જો ન સોંપતા અંતે લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ગેરકાયદેસર કબ્જો કરનાર ગીધાભાઈ મેરૂજી ઠાકોર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ધ્રાંગધ્રાઃ ડુમાણા ગામે આત્મહત્યાના આરોપીઓ નિર્દોષ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા તાલુકાનાના ડુમાણા ગામે પ્રરણીતાનાં આત્મહત્યા નો કેશ ૨૦૧૬ માં તાલુકા પોલીસ મથકે નોંધાયો હતો આ કેશ નવ વર્ષથી ધ્રાંગધ્રા મહે.એડી.સેશન્સ કોર્ટે માં ચાલી રહેલ હતો જેમાં પરિણીતા આત્મહત્યા કેશમાં પરિણીતાના પિતા દ્વારા જમાઈ તેમજ અન્ય ૪ વ્યક્તિઓ ઉપર શારીરિક માનસિક ત્રાસ થી મજબૂર કરી આત્મહત્યા કરેલ હોય એવી ફરિયાદ નોંધવામાં આવી હતી જેના લઈ પોલીસ દ્વારા તપાસ બાદ ચાર્જસીટ રજૂ કરવામાં આવી હતી આરોપી પક્ષે ધ્રાંગધ્રાના વકીલ સુખદેવસિંહ ઝાલા દ્વારા તમામ કેશને સત્યતા ની ઓળખ કરી ઊંડાણપૂર્વક વિશ્લેષણ તેમજ અભ્યાસ કરી અનુભવો ને આધારે એડી સેશન્સ કોર્ટ માં ધારદાર દલીલો ને કરવામાં આવી હતી જે સંદર્ભે ચોક્કસ પુરાવાઓ સાહિદો રજૂ કરવા માં આવ્યા હતા તમામ ને કોર્ટ દ્વારા સાંભળી તમામ પુરાવાઓ ને મૂલ્યાંકન કરી તેમજ ઉલટ તપાસ કરી નામ.કોર્ટ ઠરાવેલ કે આરોપીઓ સામે લગાવેલ શારીરિક અને માનસિક ત્રાસ અને તેના કારણે આત્મહત્યા કરેલ અને એકબીજા ને મદદગારી કરેલ તે આક્ષેપો સાબિત થતાં નથી આથી તમામ નું મૂલ્યાંકન કરી પાંચએ આરોપીઓને નામ.કોર્ટ દ્વારા છોડી મૂકવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

# ગાંધીધામઃ ડિજિટલ એરેસ્ટનો શિકાર બનતા પોર્ટ અધિકારી

## દુબઈ મોકલેલું પાર્સલ પોલીસે જપ્ત કર્યુ હોવાનું કહી ધમકીઃ ૩૬ લાખની ઠગાઈ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ શહેરના ગુરુકુળ વિસ્તારમાં રહેનાર ડી.પી.એ.ના ટ્રાફિક વિભાગમાં સહાયક ડાયરેકટર તરીકે ફરજ બજાવનાર આધેડને તમારા ઉપર ડ્રગ્સ, મની લોન્ડરિંગ આર.બી.આઈ.નો કેસ થયો છે, છુટકારા માટે ઠગબાજોએ વીડિયો કોલ કરી પોલીસના સ્વાંગમાં રહીને તેમને ભયમાં મૂકી તેમની પાસેથી રૂા. ૩૬,૬૩,૦૪૦ પડાવી લીધા હતા. શહેરના ગુરુકુળ વિસ્તાર ૧૦-એ-એમાં રહેનાર ફરિયાદી સાંઈ એસ. શાત્રી ડી.પી.એ.માં ફરજ બજાવે છે. ગત તા. ૧૧/૧ના સવારે ફરિયાદીને ઠગબાજ દીપકકુમારનો ફોન આવ્યો હતો. તેણે પોતે ઈન્ડિયા પોસ્ટ ઈન્ટરનેશનલ સર્વિસમાંથી વાત કરું છું કહી તમે દુબઈ પાર્સલ મોકલાવ્યું હતુ તે પોલીસે જપ્ત કર્યુ છે. તમારા આધારકાર્ડનો ગેરલાભ લેવાયો છે. પાર્સલનો રિસીવર શેખ અબ્દુલ ગફાર દુબઈવાળો હોવાની વાત કરી હતી. બાદમાં ઠગબાજે મુંબઈ પોલીસમાં ફોન ફોરવર્ડ કરવાનું કહી બીજા નંબર જોડયા હતા, જેમાં પાર્સલ અંગે વાત થયા બાદ ફરીથી મુંબઈ પોલીસ પી.આઈ. પ્રશાંત પાટિલ હોવાનું કહીને વાત કરી હતી. તમારા પાર્સલમાં પોલીસ ઓળખપત્ર, ડ્રગ્સ મળ્યા હોવાની વાત કરી ફરિયાદીને ભયમાં મૂકી ધમકી કરી હતી. બાદમાં અન્ય નંબરથી વીડિયો કોલ આવતાં સામે છેડે પોલીસ યુનિફોર્મમાં બેઠેલા શખ્સે પ્રશાંત પાટિલની ઓળખ આપી ડ્રગ્સ, મની લોન્ડરિંગનો કેસ થયો હોવાનું કહી કેસ નંબર વગેરે લખાણ મૂક્યું હતું. અમે મદદ કરશું તેવી હૈયાધારણ?પણ આપી હતી. બાદમાં ઠગબાજોએ આ વાત કોઈને ન કરવા ધમકી આપી રિમાન્ડમાં લઈ?ટોર્ચર કરવાની ધમકીઓ આપી હતી. અમને પૂછ્યા વગર ક્યાંય જવું નહીં તેમ કહી ફરિયાદીને સતત ફોન કરી તેમને ભયમાં મૂકી દીધા હતા. તા. ૧૩/૧ના પ્રાથમિક તપાસમાં તમારું નામ કાઢી, મુંબઈ ન આવવું પડે તે માટે તમારે રૂપિયા આપવા પડશે તેવી ધમકી આપી હતી. રૂા.૧૮,૩૧,૫૨૦નો આર.ટી.જી.એસ. ચેક મોકલી આપી હતી. ઠગબાજોએ વધુ રૂપિયા નહીં આપો તો તપાસ ચાલુ જ રહેશે તેવી ધમકીઓ આપી હતી. જેમાં પણ ભોગ બનનારે રૂા.૧૮,૩૧,૫૨૦ આર.ટી. જી.એસ. કર્યા હતા. બાદમાં ફરિયાદી વારંવાર તેમને ફોન કરતાં તપાસ ચાલુ હોવાનું રટણ કર્યુ હતું. અંતે તેમના ફોન ઉપાડવાનું બંધ કરી નાખ્યું હતું. પોતાની સાથે છેતરપિંડી થયાનું જણાતાં તેમણે સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ ઉપર ફરિયાદ કરતાં એ ડિવિઝન પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# વિસાવદર કોર્ટના સ્ટાફ માટે રહેવાના ક્વાર્ટર બનાવવા ટિમ ગબ્બરની માંગ

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

ટીમ ગબ્બર ગુજરાતના કાંતિ.એચ. ગજેરા તથા વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા મુખ્યમંત્રી, કાયદામંત્રી, સચિવ, આર.એન્ડ બી ( સ્ટેટ) કાર્યપાલક ઈજનેર, આર એંડ બી ડિપાર્ટમેંટ(સ્ટેટ) જુનાગઢ વિગેરેને લેખિત રજુઆત કરી જણાવેલ છે કે,વિસાવદરમાં આશરે ૧૦૦ વર્ષ ઉપરાંતથી કોર્ટ આવેલ છે પરંતુ આજદિન સુધી કોર્ટ સ્ટાફ માટે રહેવાના ક્વાર્ટર નથી કે આજદિન સુધી આ બાબતની કોઈ જગ્યા કે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. આઝાદીને વર્ષો વીતી ગયા છતાં કોર્ટ કર્મચારીઓ માટે જ ક્વાર્ટર બનાવવામાં આવેલ નથી હાલ વિસાવદરમાં બે બે કોર્ટ કાર્યરત છે સ્ટાફ છે પરંતુ રહેવા માટે ઘર નથી ત્યારે આ સંવેદનશીલ સરકાર પાસે કોર્ટના કર્મચારીઓની પણ અપેક્ષા હોય તેથી જુદી જુદી કેટેગીરીના સ્ટાફ મુજબ તથા કાયદા વિભાગની ગાઈડલાઈન મુજબ અને જરૂરિયાત મુજબની જગ્યાની ફાળવણી કરી નવા સ્ટાફ ક્વાર્ટર ફાળવવા અમારી ટિમ ગબ્બરની માંગ છે. ટીમ ગબ્બરની ઉપરોક્ત રજુઆતની ગંભીરતા ધ્યાને લઈ અમારી આ રજુઆત લાગુ પડતા વિભાગમાં રજુ કરી કરાવી આ પ્રશ્નનું તાત્કાલિક નિવારણ લાવવા ટીમ ગબ્બરની માગણી સાથે રજુઆત કરી છે.

# જસદણઃ પવન ચકકીના રૂમમાં તસ્કરોએ તાળા તોડયા

## ખડવાવડી અને રામળીયા ગામે ૨૯૦મીટર કોપર વાયરની ચોરી

**અબતક,રાજકોટ**

જસદણનાં ખડવાવડી ગામે અને રામળીયા ગામે આવેલા પવનચકકીના રૂમમાંથી રૂ.30 હજાર કિંમતના ૨૯૦ મીટર કોપર વાયરની ચોરી થયાની ફરિયાદ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ભાડલા પોલીસ મથકમાં નોંધાઈ છે.પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ જસદણના ખડવાવડી ગામે આવેલી સુઝલોન ગ્લોબલ કંપનીની ખડવાવડી ગામે પવનચકકીના રૂમમાંથી ૧૯૦ મીટર કોપર વાયર અને રામળીયા ગામે પવનચકકીનાં સર્વર રૂમમાંથી ૨૧૦ મીટર કોપર વાયર મળી રૂ.30 હજારના કોપર વાયરની ચોરી થયાની સિકયુરીટી સુપરવાઈઝર નરશીભાઈ ઉર્ફે કાળુભાઈ મેઘાભાઈ કાળેતરાની અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ફરિયાદ ભાડલા પોલીસે નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# ધોરાજી નગરપાલિકા વિસ્તારમાં પાણી વિતરણ વ્યવસ્થા સુદ્રઢ બનાવવા તંત્રની કવાયત

## વિવિધ ગ્રાન્ટમાંથી રૂ. ૬૦૦ લાખના કામો મંજૂર કરાયાઃ કામગીરી વેગવાન

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી નગરપાલિકા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા હલ કરવા માટે તંત્ર દ્વારા વિવિધ આયોજન વેગવાન બનાવાયા છે. હાલમાં પાણી વિતરણ વ્યવસ્થામાં થઈ રહેલી સતત સુધારણા સાથે આગામી દિવસોમાં નાગરિકોને દર બેથી ત્રણ દિવસે પાણી આપી શકાય તે પ્રકારની કામગીરી ગતિમાં છે.

ધોરાજી નગરપાલિકામાં જૂની વિતરણ વ્યવસ્થાથી નાગિરકોને નિયમિત પાણી ના મળતાની સમસ્યાને હલ કરવા માટે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી તથા રાજકોટ ઝોનની નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનર મહેશ જાની દ્વારા સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં આ સમસ્યાના કારણો જાણીને તેને વહેલાસર હલ કરવા આયોજન કરવામાં આવ્યું હતું.

ધોરાજી નગરપાલિકા વિસ્તારમાં પાણી વિતરણ વ્યવસ્થાનું નેટવર્ક સુદ્રઢ બનાવવા 'નલ સે જલ' અંતર્ગત ભૂખી હેડવર્ક્સ પર રૂ. ૨૦૨ લાખની રકમમાંથી ૨૦ લાખ લીટરની ઈ.એસ.આર. અને ડિસ્ટ્રીબ્યુશનની લાઈનનું કામ તેમજ ૧૫મા નાણાપંચની યોજના હેઠળ સેનવાડી હેડવર્ક્સ પર રૂ. ૧૦૪ લાખની અંદાજિત રકમમાંથી ૨૦ લાખ લીટરની ઈ.એસ.આર.નું કામ તથા ૧૫મા નાણાપંચ યોજના હેઠળ બગીચા હેડવર્ક્સ પર રૂ. ૧૯૦ લાખની અંદાજિત રકમમાંથી ૨૦ લાખ લીટરની ઈ.એસ.આર.નું કામ પૂર્ણ થઈ ગયું છે. જેના કારણે ધોરાજીમાં પાણી વિતરણ વ્યવસ્થામાં સુધારો જોવા મળ્યો છે.

આ ઉપરાંત ધોરાજી શહેર માટે પાણીનો મુખ્ય જથ્થો ફોફળ જળાશયમાંથી આવે છે. આ પાઈપ લાઈન ખૂબ જ જર્જરિત હોવાથી, સરકારશ્રીની અમૃત-૨ યોજનામાંથી ૪૨૬૭ લાખના ખર્ચે નવી પાઈપ લાઇનનું કામ મંજૂર કરવામાં આવ્યું છે. સામાન્ય નાગરિકોને પૂરા ફોર્સથી પાણી આપવા કુલ ૦૩ ઈ.એસ.આર. (એલિવેટેડ સ્ટોરેજ રિઝર્વિયર) તથા તેને સંબંધિત કામો અંગે સરકારશ્રીની જૂદી જૂદી ગ્રાન્ટમાંથી અંદાજે રૂ. ૬૦૦ લાખના કામો માટે એજન્સીની નિમણૂક કરી દેવામાં આવી છે અને આ કામો હાલ પ્રગતિમાં છે. આ બધા કામો થકી ધોરાજીમાં દરે બેથી ત્રણ દિવસે પાણી વિતરણ કરી શકાય તે પ્રકારે આયોજનો હાથ ધરાયા છે. જે સાકાર થતાં પીવાના પાણીના વિતરણનો પ્રશ્ન હલ થશે.

**ટચુકડી જાહેરાત**

**કસમાં મકાન વેચવાનું છે,**
શેરી નં.૫/૧૦ રોયલપાર્ક, ''ઓમ''
મો.નં.૯૯૦૯૬ ૧૨૬૯૯

# ધોરાજી-ઉપલેટા ખાતે દિવ્યાંગ સાધન સહાય એસેસમેન્ટ અને યુ.ડી.આઈ.ડી. કાર્ડ કેમ્પ યોજાશે

## દિવ્યાંગોએ જરૂરી આધાર પુરાવાઓ સાથે કેમ્પનો લાભ લેવા અનુરોધ

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ધોરાજી તથા ઉપલેટાની સરકારી હોસ્પિટલ ખાતે રાજકોટ તથા આજુબાજુના જિલ્લાના દિવ્યાંગોના લાભાર્થે દિવ્યાંગ સાધન સહાય એસેસમેન્ટ અને યુ.ડી.આઈ.ડી. કાર્ડ કઢાવવાના કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં અસ્થિ વિષયક ખામી, સાંભળવાની ક્ષતિ, અંધત્વ, સેરેબ્રલ પાલ્સી જેવી દિવ્યાંગતાની ચાર કેટેગરી મુજબ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સાધન સહાય આપવા માટે પસંદ કરાશે. તેમજ દિવ્યાંગજનની આરોગ્ય તપાસ કરીને યુનિક ડિસેબીલીટી આઈડેન્ટીટી કાર્ડ બનાવી અપાશે. આ કેમ્પ ભારત સરકારની A.D.I.P. યોજના તથા P.G.V.C.L. કંપનીના ફંડ અંતર્ગત એલીમ્કો કંપનીના સહયોગથી યોજાશે.

આ કેમ્પ તા. ૨૦ જાન્યુઆરીના રોજ સરકારી હોસ્પિટલ, ઉપલેટા ખાતે તેમજ તા. ૨૧ જાન્યુઆરીના રોજ સરકારી હોસ્પિટલ, ધોરાજી ખાતે સવારે ૦૯:૩૦ કલાકથી સાંજે ૦૫ કલાક સુધી યોજાશે.

કેમ્પ ખાતે દિવ્યાંગ લાભાર્થીએ સાધન સહાય મેળવવા માટે દિવ્યાંગતાની ટકાવારી દર્શાવિતા સર્ટીફિકેટની નકલ, ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અપાયેલા યુ.ડી.આઈ.ડી. કાર્ડની નકલ, વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨,૬૪,૦૦૦ સુધીના પ્રમાણપત્રની નકલ, આધારકાર્ડની નકલ, રેશનકાર્ડની નકલ અને પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ જેવા જરૂરી આધાર પુરાવાઓ સાથે લાવવાના રહેશે. દિવ્યાંગોએ આ કેમ્પનો લાભ લેવા માટે જિલ્લા વહીવટી તંત્રની યાદીમાં અનુરોધ કરાયો છે.

## જામનગર ક્રાઈમ ડાયરી

# ધ્રોલ: બીજલકા ગામના સરપંચે બીમારીથી કંટાળી કર્યો આપઘાત



**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના બીજલકા ગામના સરપંચે આજે વહેલી સવારે પોતાની વાડીએ ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધી છે. પોતાની બીમારી ના કારણે તેઓએ આ પગલું ભરી લીધા નું પોલીસમાં જાહેર થયું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના બીજલકા ગામના સરપંચ જયસુખભાઈ નરશીભાઈ મૂંગરા (ઉ.વ.૪૭) એ આજે વહેલી સવારે પોતાની વાડીએ જંતુનાશક દવા પી લઈ આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે.

આ બનાવ અંગે મૃતક સરપંચ ના નાનાભાઈ ધીરજભાઈ નરશીભાઈએ પોલીસને જાણ કરતાં ધ્રોલ ના પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.પી. વઘોર તેમની ટીમ સાથે બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહ નો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાંથી જાણવા મળ્યા અનુસાર મૃતક ને તાજેતરમાં કેન્સરની બીમારી ડિટેકટ થઈ હતી. જેના કારણે તેઓએ આ પગલું ભરી લીધું હોવાનું જાહેર થયું છે.

# યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

**અબતક, જામનગર**

જામનગરમાં રહેતા એક પરપ્રાંતિય યુવાને કોઈ અગમ્ય કારણોસર ગળા ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. પોલીસે આ બનાવવાનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

મૂળ પંજાબના અને હાલ જામનગરમાં વાયુસેના રોડ ઉપર આમ્રકુંજ સોસાયટી માં રહેતા અજય વિલિયમ્સ નામના ૩૪ વર્ષના યુવાને આજે સવારે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગેની જાણ થતાં જ પોલીસ કર્મચારી તપાસ અર્થે દોડી ગયા હતા અને આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

# ચેક પરત ફરવામાં પુનાના પ્રોપર્ટી બ્રોકરને એક વર્ષની સજા

**અબતક, જામનગર**

જામનગરના આસામીને આપવા આવેલ રૂપિયા ૧૮ લાખ નો ચેક પરત ફરવા નાં કેસમાં મહારાષ્ટ્ર નાં પ્રોપર્ટી બ્રોકર ને અદાલતે એક વર્ષ ની સજા હુકમ કર્યો છે.

જામનગર એરફોર્સમાં નોકરી કરતા રાજેશકુમાર ઠાકર પ્રસાદ ગુપ્તા કે જેઓ પુના પોસ્ટીંગ પર હતા ત્યારે ત્યાના પ્રોપર્ટી બ્રોકર સમીર સતપાલસિંહ ચારક (રે. ખરેડી, પુના મહારાષ્ટ્ર ) વાળા પાસે થી પુના જીલ્લા ના હવેલી તાલુકાના વાગોલી ગામે ૧૫૦૦ ચોરસ ફુટ નો પ્લોટ ખરીદેલ હતો જે પ્લોટ આરોપી સમીર ચારક દ્વારા ટાઈટલ કલીયર નહી થતા અને ફરયાદી રાજેશકુમાર ગુપ્તા ની જામનગર ટ્રાન્સફર થતા આ પ્લોટનો સોદો કેન્સલ થયો હતો. જેની અવેજની રકમ અઢાર લાખ પરત આપવા માટે સમીર ચારકે ચેક આપ્યો હતો. જે ચેક આરોપી સમીર ચારક ના બેંક ખાતામાં પુરતી બેલેન્સ નહી હોવા નાં કારણસર પરત ફર્યો હતો.

જેથી રાજેશ કુમાર ગુપ્તા એ જામનગર મા ચીફ.જયુડી.મેજી.ની કોર્ટમા ફરીયાદ દાખલ કરી હતી. જે ૭ માં એડી.ચીફ.જયુડી.મેજી. આર.બી. ગોસાઈ ની કોર્ટમા ચાલી જતા આરોપી સમીર સતપાલસિંઘ ચારકને એક વર્ષ ની સજા કરી ચેક ની રકમ રૂ. અઢાર લાખ નો દંડ કરી ચેકની રકમ ફરયાદીને વળતર સ્વરૂપે ચુકવી આપવા હુકમ કરેલ છે. ફરિયાદી તરફે વકીલ તરીકે અશોક એસ.ગાંધી રોકાયેલ હતા.

# મકાનનાં રદ્ થયેલા સોદા પેટે આપેલો ચેક પરત ફરવાનાં બિલ્ડરને એક વર્ષની સજા

**અબતક, જામનગર**

જામનગરના બિલ્ડરે ઠેબા બાયપાસ પાસે ની સોસાયટીમાં ટેનામેન્ટ વેચાણ કરી તે પેટે મેળવેલ ચેક પછી મકાનનો સોદો રદ થતા રકમ ની પરત ચૂકવણી માટે આપેલ ચેક પરત ફરવાના કેસ મા અદાલતે આરોપીને એક વર્ષની સજાનો હુકમ કર્યો છે.

જામનગરના ઠેબા બાયપાસ પાસે આવેલી સરદાર પાર્ક નામની સોસાયટીમાં ટેનામેન્ટ વેચાતું લેવા માટે ગીતાબેન જેરામભાઈ ખીમસુરીયા નામના મહિલાએ રૂપિયા સાડા સાત લાખમાં બિલ્ડર શૈલેષ ડાયાભાઈ પરમાર સાથે સોદો કર્યા પછી તેમાંથી રૂપિયા સાડા છ લાખ ચૂકવી આપ્યા હતા. આ વેળાએ બિલ્ડરે બાકી રહેતી રકમ મેળવી પાકો દસ્તાવેજ કરી આપવાનું જણાવ્યું હતું. મુદ્દત પૂર્ણ થતાં મકાનની ગીતાબેને માગણી કરતા બિલ્ડર શૈલેષ પરમારે તે ટેનામેન્ટ અન્ય આસામીને વેચી દીધાનું અને તમારી રકમ પરત આપુ છું તેમ કહી ખાનગી બેંકનો રૂપિયા સાડા છ લાખનો ચેક આપ્યો હતો.

તે ચેક બેંકમાં રજૂ કરાતા સહી ફરકના શેરા સાથે વગર વસૂલાતે પરત ફર્યો હતો તેથી જામનગરની કોર્ટમાં ગીતાબેને ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે બિલ્ડર શૈલેષ ડાયાભાઈ રાઠોડે તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ છ મહિનાની સજાનો હુકમ કરાયો છે. ફરિયાદી તરફથી વકીલ ક્રિપાલસિંહ જાડેજા, કુલદીપસિંહ ચૌહાણ રોકાયા હતા.

# ઈટ્રા દ્વારા સપ્તાહમાં ત્રણ વખત હાડકાની સમસ્યાની સારવાર

**અબતક, જામનગર**

આયુર્વેદ શિક્ષણ અને અનુસંધાન સંસ્થાન, જામનગરમાં અસ્થિસંધાન વિભાગ દ્વારા સપ્તાહમાં ત્રણ દિવસ સોમ, બુધ અને શુક્રવારે હાડકાં સંબંધી બાબતો માટે નિઃશુલ્ક નિદાન અને સારવાર ઉપલબ્ધ બનાવવામાં આવી છે, જેમાં શહેરના પ્રખ્યાત ઓર્થોપેડિક સર્જન ડો. એમ.એસ. ડાંગર પણ સેવા આપશે.

અહીં સાંધા અને હાડકાં ની તકલીફ જેવી કે, ગરદન, કમર, ખંભાનો દુઃખાવો હાથ-પગમાં ખાલી ચડવી અને બળતરા થવી, સાંધા માં પાણી ભરાવું, પગ ના મરોડ વગેરે ની સારવાર તથા ફ્રેકચરની સારવાર માટે કાચા અને પાકા પ્લાસ્ટર અને ઓપરેશનની સુવિધા, સાંધાના ખડી જવાની તકલીફની સારવાર આપવામાં આવશે. આ માટે દર્દીએ અસ્થિસંધાન વિભાગ ઓ.પી.ડી. નંબર ૧૯, પંચકર્મ ભવન, યુ.જી. હોસ્પિટલ, ધન્વન્તરિ પરિસર, હનુમાન ગેઈટ પોલીસ ચોકી પાસે, આઈ.ટી.આર.એ. પરિસરમાં દર સોમવાર, બુધવાર અને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧ દરમિયાન સંપર્ક કરવા અને નિદાન સારવારનો લાભ લેવા આરઈ.ટી.આર.એ.ના ઈન્ચાર્જ નિયામક પ્રો.બી. જે. પાટગીરી એ જણાવ્યું છે.

(પહેલા પાનાનું ચાલું)

### મોદી...

ભારતભરના ૩.૧૭ લાખ ગામડાઓમાં ડ્રોન સર્વેક્ષણ પૂર્ણ થયું છે. આમાં લક્ષદ્વીપ, લદ્દાખ, દિલ્હી, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ જેવા કેન્દ્રશાસિત પ્રદેશો તેમજ મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢમાં સંપૂર્ણ સંતૃપ્તિનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હરિયાણા, ઉત્તરાખંડ, પુડુચેરી, ત્રિપુરા, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને ગોવાના તમામ વસતી ધરાવતા ગામો માટે પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે, જે અમલીકરણમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે.

રાષ્ટ્રીય સ્તરે, આ યોજના હેઠળ કુલ ૩,૪૬,૧૮૭ ગામોને સૂચિત કરવામાં આવ્યા છે, જેમાં ૩,૧૭,૭૧૫ ગામોમાં ડ્રોન ઉડ્ડયન પૂર્ણ થયું છે, જે ૯૨% સિદ્ધિ દર્શાવે છે. રાજ્યની પૂછપરછ માટે નકશા સોંપવામાં આવ્યા છે અને ૧,૫૩,૭૨૬ ગામો માટે પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે, જેના પરિણામે લગભગ ૨.૨૫ કરોડ પ્રોપર્ટી કાર્ડ જારી કરવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોએ ૧૦૦ ટકા ડ્રોન સર્વેક્ષણ હાંસલ કર્યું છે, જેમાં પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં નોંધપાત્ર પ્રગતિ અનુક્રમે ૭૩.૫૭ ટકા અને ૬૮.૯૩ ટકા છે. હરિયાણા અને ઉત્તરાખંડ ડ્રોન સર્વેક્ષણ અને પ્રોપર્ટી કાર્ડ બંનેની તૈયારીમાં ૧૦૦% પૂર્ણતા સાથે અલગ છે. મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક અને રાજસ્થાને ડ્રોન સર્વેક્ષણમાં પ્રશંસનીય પ્રગતિ કરી છે, જેમાં મહારાષ્ટ્ર અને ગુજરાતે ૯૮ ટકાથી વધુની સિદ્ધિ હાંસલ કરી છે, જો કે પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં વધુ ઝડપની જરૂર છે. ગ્રામીણ અબાદીની કુલ ૬૭,૦૦૦ ર્તા.સળ જમીનનું સર્વેક્ષણ કરવામાં આવ્યું છે, જેની કિંમત રૂ. ૧૩૨ લાખ કરોડ છે, જે પહેલના આર્થિક મહત્વ પર ભાર મૂકે છે.

### આઈડિયા, એરટેલ અને જીઓ...

પછી દેવાના બોજ હેઠળ દબાયેલા ક્ષેત્ર માટે આ પ્રકારનું બીજું મોટું રાહત પેકેજ હોય શકે છે. ભૂતકાળના સ્પેક્ટ્રમ લેણાં માટે બેંક ગેરંટી સબમિટ કરવાની જરૂરિયાતને માફ કરવામાં આવી હતી, આ પગલાથી વિઆઈને સૌથી વધુ ફાયદો થયો હતો. હવે ૨૪,૮૦૦ કરોડ રૂપિયાની ગેરંટી જમા કરાવવાની જરૂર રહેશે નહીં, જેનાથી ધિરાણકર્તાઓ માટે એરલાઈનને ધિરાણ આપવાનો માર્ગ ખુલશે.

૨૦૧૬માં રિલાયન્સ જિયોના પ્રવેશ પછીથી સખત સ્પર્ધાને કારણે આર્થિક રીતે સંઘર્ષ કરી રહેલા ટેલિકોમ ઉદ્યોગને મોટો ફટકો પડ્યો જ્યારે સુપ્રીમ કોર્ટે ઓક્ટોબર ૨૦૧૯માં સરકારના મંતવ્યને સમર્થન આપતા ૧.૪૭ લાખ કરોડ રૂપિયાના એજીઆર લેણાં લાદ્યા. આમાં લાઈસન્સ ફી તરીકે ૯૨,૬૪૨ કરોડ રૂપિયા અને સ્પેક્ટ્રમ યુસેજ ચાર્જ તરીકે ૫૫,૦૫૪ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. બાકી રકમનો લગભગ ૭૫% હિસ્સો વ્યાજ, દંડ અને દંડ પર વ્યાજનો હતો.

# ઉપલેટામાં વ્યાજખોરને ૭૦ હજારની સામે ૫૦ હજાર ચૂકવી દીધા છતાં અઢી લાખની પઠાણી ઉઘરાણી

## ઘરે ધસી આવી પૈસા આપી દો નહીંતર દંપતીને જાનથી મારી નાખવાની ધમકી આપનાર વ્યાજંકવાદી વિરૂદ્ધ ગુનો દાખલ

**અબતક, રાજકોટ**

ઉપલેટામાં વ્યાજખોર શખ્સે રૂ. ૭૦ હજાર વ્યાજે આપી દંપતીને ત્રાસ આપ્યાનો બનાવ સામે આવ્યો છે. ૭૦ હજારની સામે ભોગ બનનારે ૫૦ હજાર ચૂકવી દીધા છતાં વ્યાજખોરે વધુ અઢી લાખની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં અંતે પ્રૌઢાએ ઉપલેટા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

મામલામાં ઉપલેટા પોલીસમાં શેરબાનુબેન આમદભાઈ ઉનડ (ઉ.વ.૪૫ રહે. ચોક ફળીયા, ખાટકીવાડા, ઉપલેટા)એ નોંધાવેલી ફરિયાદમાં સાહીલ હબીબભાઈ સમાનું નામ આપતાં જણાવ્યું હતું કે, આજથી આશરે સાડા ત્રણ વર્ષ પહેલા મારા પતિને લાકડાનો ધંધો કરવો હોય અને ધંધામાં પૈસાની જરૂરીયાત ઉભી થતાં અમે હાડફોડીના સાહિલભાઈ હબીબભાઈ સમા પાસેથી લાકડાના ધંધાના કામે વ્યાજેથી રૂ.૭૦,૦ ૦૦ લીધેલ હતાં. આ રૂપિયા મારા પતિએ કેટલા ટકા વ્યાજે લીધેલ તે મને ખબર નથી. થોડા સમય બાદ કટકે કટકે કરીને મેં તથા મારા પતિએ આ સાહિલભાઈ હબીબભાઈ સમાને આશરે રૂ.૫૦,૦૦૦ જેટલા પૈસા ચુકવી આપેલ છે. અને બાકી નિકળતા પૈસા આંઉં ચુકવી આપવા તૈયાર હતા.

દરમિયાન મને હૃદયની તકલીફ થતાં તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરેલ અને મારે બાયપાસ સર્જરી કરાવવાની ફરજ પડેલ જેથી અમે જમા કરેલ રૂપિયા મારી સારવારના ખર્ચમાં વાપરી નાખ્યા હતા. બાદમાં સાહિલભાઈ હબીબભાઈ સમા વારંવાર મારા ઘરે આવીને મને ધમકીઓ આપી જાય છે અને ભુંડી ગાળો બોલે છે.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈકાલે હું મારા કામથી બહાર જતી ત્યારે મારા ઘર પાસે ચોકમાં આ સાહિલભાઈ હબીબભાઈ સમા પોતાની કાળા કલરની સ્કોર્પિયો ગાડી લઈને ધસી આવ્યા હતા. તેણે આવીને કહ્યું હતું કે, તારો પતિ ક્યાં છે જીવે છે કે મરી ગયો ? અને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી મને કહેલ કે તમારી પાસે મુદ્દલ તથા વ્યાજ સહિત મારા અઢી લાખ નિકળે છે તે મને ચૂકવી આપો નહિંતર હું તને તથા તારા પતિને જાનથી મારી નાખીશ. તેમજ જો તારો પતિ ઉપલેટામાં પગ મુકશે તો મારાથી બચી નહીં શકે, હું તેને મારી નાંખીશ અને સાંજ સુધીમાં તારા આ મકાનનો કબ્જો હું ગમે તેમ કરીને મેળવી લઈશ. જો પોલીસમાં ફરિયાદ કરશો ટો પોલીસ પણ મારૂ કંઈ બગાડી શકશે નહિ.

વ્યાજખોરના ત્રાસના લીધે પતિ બે વર્ષથી ઘરે પણ આવ્યો નથી ત્યારે અંતે કંટાળી પ્રૌઢાએ અંતે ઉપલેટા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે હાલ વ્યાજખોરોની શોધખોળ શરૂ કરી છે.

# ધોરાજી: તત્કાલીન ટ્રાફિક વોર્ડનને દુષ્કર્મના કેસમાં ૨૦ વર્ષની સજા

## યુવતી પર દુષ્કર્મ આચરી અને તેના પરિવારો પર હુમલો કરવાનો ગુનો નોંધાયો હતો



**અબતક રાજકોટ**

ધોરાજી પંથકની યુવતી પર દુષ્કર્મ આચરી અને તેના પરિવારો પર હુમલો કરવાના ગુના નો કેસ ચાલી જતા અદાલત તે ભરત શેખવા ને તકસીરવાન ફેરવી ૨૦ વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ વધુ વિગત મુજબ ધોરાજી પંથકમાં રહેતી પરણીતાની પુત્રીને ધોરાજી પોલીસ મથકમાં જીઆરડી તરીકે ફરજ બજાવતા ભરત મગન શેખવા એ દુષ્કર્મ આચરી અને તેના પરિવારજનો ઉપર હુમલો કર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ભરત મગન શેકવાની ધરપકડ કરી જેની પ્રાથમિક પૂછપરછ માં વાડીએ જઈ યુવતી ને હવસનો શિકાર બનાવી તેના માતા, પિતા અને ફઈબા ને આરોપીના પરિવારજનો દ્વારા માર માર્યાનું તપાસમાં ખુલતા જેના આધારે તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જ સીટ રજૂ કરવામાં આવી હતી.

ટ્રાયલ ચાલી જતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે ભોગ બનનાર ની જુબાની તેની માતા ની જુબાની અને અન્ય સાહેદો સાયન્ટિફિક એપ્રોચ થી થયેલી તપાસ અને આરોપીને તકસીરવાન ઠરાવવા દલીલ કરી હતી. ભોગ બનનારે અદાલત સમક્ષ જુબાનીમાં જણાવેલ હતું કે આરોપી તેને ઘેનની ગોળી આપતો ધરારથી ભોગ બનનાર સાથે દુષ્કર્મ કરતો. સરકાર પક્ષે પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિકેય પારેખ તરફથી દલીલો કરવામાં આવેલી હતી, આરોપી ટીઆરડી જવા ન હોય વગનો દૂર ઉપયોગ કરેલો હોય આ તમામ પુરાવા અને સંજોગોને ધ્યાને લઈ અને ધોરાજીના એડિશનલ સેશન્સ એન્ડ ડિસ્ટ્રિક્ટ જજ તથા સ્પેશિયલ પોકસો જજ અલી હુસેન મોહીબુલા શેખ આરોપી ભરત મગન શેખવાને તકસીરવાન ઠરાવી અને ૨૦ વર્ષની સજા તથા દંડ ફટકારેલો છે.

# ચેક પરત ફરવાના કેસમાં મહારાષ્ટ્ર, પંજાબ અને નવસારીના પેઢીના સંચાલકને બે વર્ષની સજા

## એક પણ વખત કોર્ટ સમક્ષ આરોપી હાજર થયેલ નહી હોવા છતા એક તરફી ફરીયાદીની તરફેણમાં હુકમ કરતી કોર્ટ



**અબતક , રાજકોટ**

પડધરી સ્થિત સમ્રાટ પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ પાસેથી બાકીમાં લીધેલા માલ પેટે આપેલા ચેકો પરત ફરવા અંગેનો કેસ પડધરીના જયુડી. મેજી. આર.આર. બારીયાની કોર્ટ સમક્ષ કાર્યવાહી આગળ ચલાવી આરોપી પક્ષ એક પણ વખત કોર્ટ સમક્ષ હાજર થયેલ નહી હોવા છતા એક તરફી ફરીયાદીની તરફેણમાં હુકમ કરી મહારાષ્ટ્ર, પંજાબ અને નવસારીના પેઢીના સંચાલકને બે વર્ષની સજા અને ચેક મુજબની રકમ દિવસ-૩૦ માં વળતર તરીકે ફરીયાદીને ચુકવવા સૌ પ્રથમ વખતના ચુકાદાઓ જાહેર કરેલ છે.કેસની વિગતે પડધરી સ્થિત સમ્રાટ પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ નામની ભાગીદારી પેઢી પ્લાસ્ટીકના પાઈપ રસા નું ઉત્પાદન કરી દેશ વિદેશમા સપ્લાઈ કરતા હોય જેના વ્યાપારીક વ્યવહાર અન્વયેના બીલ મુજબના લેણી રકમ ચુકવવા પંજાબ, મહારાષ્ટ્ર અને ગુજરાતના નવસારી ના વેપારી ધ્વારા અપાયેલા ચેક સમય મર્યાદામાં વસુલાત અર્થે બેન્કમાં રજુ કરતા બેંક માંથી ચેક પરત ફરતા સમ્રાટ પ્લાસ્ટીક ઈન્ડ. ના ભાગીદાર બિપીનભાઈ કાસુન્દ્રાએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની કાર્યવાહી પડધરી કોર્ટ સમક્ષ કરેલી હતી. પડધરી કોર્ટ દ્વારા આરોપીઓને સમન્સ બજવણી થયેલી છતા કોર્ટ સમક્ષ હાજર નહી રહેતા. વોરંટ ઈસ્યુ કરેલું જે વોરંટની બજવણી પેનકેન પ્રકારે થવા નહીં દેતા હોય જેથી આરોપીની ગેરહાજરીમાં કાર્યવાહી ચાલી શકતુ ન હોય જેથી ફરિયાદ પક્ષના એડવોકેટ જયેન્દ્ર એચ. ગોંડલીયા ધ્વારા મહારાષ્ટ્રના આઝમી બર્પસના સહજ આઝમી, પંજાબના ગુરૂ રામદાસ સેનેટરી એન્ડ હાર્ડવેર સ્ટોરના ફરજ સિંધ અને નવસારીના કિંગ માર્કેટીંગના રમેશ ભીમાણીને ભાગેડુ જાહેર કરવા કાર્યવાહી કરી જાહેરનામાઓની બહોળી પ્રસિધ્ધી કરાવી હતી.જેથી આરોપીઓની ગેરહાજરીમાં પુરાવો ગ્રાહય રાખી આરોપીઓ વિરૂધ્ધ નો પુરાવો સાબીત માની અદાલતે એક પણ વખતની હાજરી વગર આરોપીઓને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદ તથા ચેકની દોઢી રકમ ફરીયાદીને હુકમ તારીખથી ૩૦-દિવસમાં ચુકવવા અને રકમ ન ચુકવે તો વધુ ૩ માસની સાદી કેદની સજા ફરમાવતો રાજયનો પ્રથમ મહત્વનો ચુકાદો જાહેર કરેલ છે. ફરીયાદી સમ્રાટ પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર બિપીનભાઈ કાસુન્દ્રા વતી ગોડલીયા એસોસીએટસના જયેન્દ્ર એચ. ગોડલીયા, તથા હિરેન ડી. લિંબડ, દિલીપસિંહ જાડેજા, મોનિષ જોષી, પારસ શેઠ, કુલદિપસિંહ વાઘેલા, કરણ ડી. કારીયા (ગઢવી), કાજલબેન ખસમાણી, શીરાકમુદ્દીન એમ. શેરશીયા, ખુશીબેન ચોટલીયા, નીરાલીબેન કોરાટ, વિરલ વડગામા, ક્રિષ્નાબેન પીઠડીયા, પીયુષ કોરીગા, મૌલીક ગોધાણી, સમીર શેરશીયા, ધારા બગથરીયા, પ્રિયંકાબેન સાગઘ્રા, કેતન રાખસીયા, દિક્ષીત કોટડીયા, મયુર ગોડલીયા, ધવલ જેઠવા, મનીપ ત્રીવેદી, મનીષ ઠાકર, યશ સોની, ભુમી મહેતા, દિપક રાઠોડ, કૌશીક ઉનાગર, યસ રાદડીયા તથા પ્રિયાસ પિનોરા, પદમાવતીબેન રોકાયેલ હતા.

(ત્રીજા પાનાનું ચાલું)

### મુખ્યમંત્રી...

સરકારની થિંક ટેન્ક સંસ્થા નીતિ આયોગના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સમાં ગુજરાત સતત બે વર્ષોથી સારુ સ્વાસ્થ્ય અને સુવિધાઓની શ્રેણીમાં પ્રથમ ક્રમે છે.

આરોગ્ય ક્ષેત્રે પાયાની સુવિધાઓ સાથે ગુજરાત આજે મેડિકલ ટૂરિઝમના હબ તરીકે વિકસી રહ્યું છે. રાજ્ય સરકારના આ પ્રયાસોના કારણે ગુજરાતના મેડિકલ ટૂરિઝમનો વિકાસ દર ૩૩ ટકા વધ્યો છે. આ વિકાસ દર રાષ્ટ્રીય સ્તરે મેડિકલ ટૂરિઝમ વિકાસ દર કરતા ૧૩ ટકાથી વધારે છે.

આ સંવાદ વૈશ્વિક સ્તરે મેડિકલ તેમજ સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ સાથે સંકળાયેલા તમામ પડકારોના સમાધાન માટે મહત્વપૂર્ણ વિચાર-વિમર્શનો મંચ બનશે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની આરોગ્ય વ્યવસ્થાઓ વિશ્વસ્તરીય બની છે.

બાળ મૃત્યુદર ,માતા મૃત્યુદર, બિનચેપી રોગોના અટકાવ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર થી લઈ સિવિલ હોસ્પિટલ સુધીની માળખાકીય સુવિધાઓનું સુદ્રઢ માળખું આજે ગુજરાતની ઓળખ બન્યું છે .

રાજ્યના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કોલેજ કાર્યરત કરવા સરકાર કટિબદ્ધ હોવાનું જણાવી રાજ્યના દુર્ગમ, પહાડી દૂરદરાજના વિસ્તારોમાં વસતા નાગરિકોને પણ સતત શ્રેષ્ઠતમ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે સરકાર પ્રયાસ રત હોવાનું મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ સિવિલ મેડિસિટીનું જોયેલું સ્વપન પૂર્ણતાના આરે છે એમ જણાવી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં ઝોન પ્રમાણે મેડિસિટી નિર્માણ કાર્ય આરંભાયુ હોવાનું મંત્રીએ ઉમેર્યું હતું.

રાજ્યમાં ઉપલબ્ધ ગુણવત્તા યુક્ત અને વિશ્વ સ્તરીય આરોગ્ય સેવાઓના પરિણામે જ આજે રાજ્યના મેડિકલ ટુરીઝમ માં સતત વધારો થઈ રહ્યો છે.

આરોગ્ય, શિક્ષણ, ઉદ્યોગ સહિતના ક્ષેત્રમાં ગુજરાતના સર્વાંગીણ વિકાસના પરિણામે વર્ષ ૨૦૪૭ પહેલાં જ ગુજરાત સમગ્ર દેશમાં મોડલ સ્ટેટ તરીકે ઉભરી આવશે

હેલ્થ ડિપ્લોમસી જેવા વિષય પર સંવાદનું આયોજન કરવા બદલ અભિનંદન આપતા મિનિસ્ટ્રી ઓફ એકસટર્નલ અફેર્સના આઈએફસી અધિકારી કજરી વિશ્વાસે જણાવ્યું હતું કે, ભારત આરોગ્ય ક્ષેત્રે હર હંમેશ આગળ રહ્યુ છે. આપણા દેશે ટેકનોલોજીના વિકાસની સાથે સાથે આયુર્વેદ, યોગ અને હોમિયોપેથી જેવી પ્રાચીન પદ્ધતિઓને પણ અપનાવ્યું છે. કોવિડ જેવી વૈશ્વિક મહામારીમાં સ્વદેશી વેકસીન બનાવીને ભારતે વિશ્વ આખાને અચરજમાં મુક્યું હતું. જી૨૦ની યજમાનીમાં પણ ભારતના આરોગ્ય ક્ષેત્રનું ઉત્તમ પ્રદર્શન પુરા વિશ્વએ જોયું છે. કોવિન જેવી એપલીકેશનની વિશ્વ આખાએ નોંધ લીધી છે.

હેલ્થ ડિપ્લોમસી સંવાદના ઉદ્ઘાટન સમારંભમાં પર્યટન વિભાગના સચિવ રાજેન્દ્ર કુમાર, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદી, ઈઈડઈઋના ડિરેક્ટર દિપક સકસેના, ઈઈડઈઋના રજિસ્ટાર ડો. અનિષ સિન્હા તથા પાર્ટનર કન્ટ્રીના એમ્બેસેડર, વિવિધ દેશોનાં પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

### ગિફ્ટ સીટી...

ઉદ્દેશ્ય સ્પષ્ટ કર્યો હતો. રાજ્યના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારે પણ પ્રાસંગીક પ્રવચન કર્યુ હતું.આ ઈનિશિયેટિવ્ઝના પાર્ટનર પ્લેટફોર્મ 'પ્લગ એન્ડ પ્લે'ના સહ-સ્થાપક જોજો ફ્લોરેસ, એકેડેમિક પાર્ટનર્સ અમદાવાદ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પંકજ ચંદ્રા, આઈ.આઈ.ટી.-ગાંધીનગરના ડિરેક્ટર રજત મુના અને યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના સ્કૂલ ઓફ કમ્પ્યુટિંગ, ઈન્ફોર્મેશન એન્ડ ડેટા સાયન્સના ઈન્ટ્રીમ ડીન રાજેશ ગુપ્તા, એ.ડી.બી.ના ડેપ્યુટી કન્ટ્રી ડાયરેક્ટર આરતી મેહરા વગેરેએ પણ સંબોધન કર્યા હતા.

આ ઉદઘાટન સત્રમાં ફિન્ટેક સેક્ટરના અગ્રણીઓ, યુવા ઉદ્યમીઓ અને છાત્રો તથા આમંત્રિતો સહભાગી થયા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### જે.પી.નડ્ડા...

મુલાકાતે હોય હવે ગમે ત્યારે નવા જીલ્લા અને મહાનગરોના પ્રમુખોના જાહેરાત થવાની શક્યતા છે.

ગુજરાત ભાજપમાં ૩૪ જિલ્લા અને ૧૭ મહાનગરોના પ્રમુખોનું કોકડું ગુંચવાયુ છે. કેન્દ્રીય મંત્રી અમિત શાહ તાજેતરમાં ગુજરાત પ્રવાસે હતા ત્યારે પણ એવી શક્યતા સેવાઈ હતી કે નામોની જાહેરાત કરવામાં આવે. પરંતુ આવું શક્ય બન્યું ન હતું. ભાજપના રાજકીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ ગુજરાતમાં છે. કાલે રવિવારે નડ્ડા ગુજરાતમાં હોવાથી હવે મનોમંથન બાદ જ જાહેરાત થશે તેવું લાગી રહ્યું છે.

### જીએસઆરટીસી...

કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ-૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સીટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી નિયત કરવામાં આવે છે.

### મહાકુંભ...

ઉપરાંત ખરીદી પણ કરી શકે તે હેતુથી ગુજરાતના વૈવિધ્યસભર હસ્તકલાના ૧૫ જેટલા સ્ટોલ પણ બનાવાયા છે.

પેવેલિયનમાં ગુજરાતની ગ્રામીણ મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા ૧૦ સ્ટોલ રાખવામાં આવ્યા છે. જેમાં યાત્રિકો સ્વાદિષ્ટ ગુજરાતી ભોજનનો આનંદ લઈ શકશે. આ પગલાંથી ગુજરાતના ગ્રામિણ વિસ્તારોમાં મહિલાઓ સ્વાવલંબી અને આત્મનિર્ભર બનશે. મહાકુંભ-૨૦૨૫માં સહભાગી થવા જતા ગુજરાતના શ્રદ્ધાળુઓ કોઈપણ જાતની અગવડ વિના યાત્રા કરી શકે તે માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ગુજરાત પેવિલિયન બનાવવામાં આવ્યું છે.

# રાષ્ટ્રીય સ્વયં સ્વયંસેવક સંઘના કમલેશભાઈ બલભદ્રનું અવસાન



**રાજકોટ:** સ્વ .ડાયાભાઈ બલભદ્રના સુપુત્ર કમલેશભાઈ ડાયાભાઈ બલભદ્ર (ઉ.વ. ૭૧) હવામાન ખાતાના પૂર્વ અધિકારી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક, તે હરેશભાઈ, મીનાબેન પારુલબેન અને પ્રતિભાબેનના ભાઈનું આજે અવસાન થયેલ છે.તેમનું બેસણું તા.૧૮ ને શનિવાર સાંજે ૪-૦૦ થી ૫-૦૦ શ્રી ફળેશ્વર મહાદેવ મંદિર બજરંગ વાડી રાજકોટ ખાતે રાખેલ છે.

શ્રી હરેશભાઈ બલભદ્ર ૯૪૨૬૭૭૨૦૫૩

શ્રી પારુલ બેન બલભદ્ર ૮૧૪૦૦૮૭૮૪૨

# દુઃખદ અવસાન

## સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** જેતપુર નિવાસી હાલ રાજકોટ સ્વ. જયંતિલાલ પિતાંબર શેઠના પુત્ર રાજેશભાઈ (રાજુભાઈ શેઠ) તે હિનાબેનના પતિ, અક્ષત, કુશલના પિતા, સ્વ. જયંતિલાલ નરશીભાઈ પટેલના જમાઈનું તા. ૧૭ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૧૯ ને રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે પારસધામ દેરાસર, ૧-જલારામ પ્લોટ, ફાયર બ્રિગેડની પાછળ રાજકોટ ખાતે રાખેલ છે. તેમની લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. સદગતે ચક્ષુદાન કરેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# બગદાણામાં બજરંગદાસબાપાની પુણ્યતિથિની ભકિતસભર ઉજવણી

## હજારો ભક્તોએ બાપાના ચરણ પાદુકા-ફોટાની પૂજા કરીઃ ઢોલ નગારા ડીજેની ધૂન કીર્તન સાથે યોજાઈ નગરયાત્રા





**અબતક રાજકોટ**

સંત ભૂમિ સૌરાષ્ટ્રમાં લાખો ભાવિકોની આસ્થાના પ્રતીક બજરંગદાસ બાપાની આજે પુણ્યતિથિની દેશભરમાં ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે, જેમાં આજે બગદાણામાં માનવ મહેરામણ'બાપા ' ને અંજલી આપવા ઉમટી પડ્યું હતું.

બજરંગદાસ બાપા એ એ બગદાણામાં ૧૯૫૧માં આશ્રમની સ્થાપના કરી હતી ૧૯૬૨ અને ૧૯૬૪ માં ચીન અને પાકિસ્તાનના યુદ્ધ વખતે બાપાએ આશ્રમની હરાજી કરીને લશ્કર ને મદદ કરી હતી.

બજરંગદાસ બાપા નો જન્મ ૧૯૦૬ માં થયો હતો બાપા ના ઈતિહાસ વિશે સૌ જાણે છે

પરંતુ ખૂબ જ ઓછા લોકોને એ વાતની ખબર છે કે બજરંગદાસ બાપા નું જન્મ સ્થળ ક્યાં છે? બગદાણા એ બજરંગદાસ બાપુની કર્મભૂમિ છે, તે લાખણકા રહેતા હતા, તેમનો જન્મ ભાવનગરથી ત્રણથી ચાર કિલોમીટરના અંતરે આવેલી હનુમાનજીની પૌરાણિક જગ્યા નજીક થયો હતો બજરંગદાસ બાપુ ના માતાનું નામ શિવકુવરબા અને પિતાનું નામ હરિદાસજી હતું હરિદાસજી વલભીપુરના લાખણકા ગામના વતની હતા ,બજરંગદાસ બાપા ના માતા નું પિયર માલપર છે એ જમાનામાં પાકા રસ્તાની સગવડ ન હતી,. માતાને પ્રસુતિની પીડા ઉપડતા ઝાંઝરીયા હનુમાન મંદિરે લવાયા હતા, અને ત્યાં જ બજરંગદાસ બાપા નો જન્મ થયો હતો. આ વાત ખૂબ જ ઓછા લોકો જાણે છે... બજરંગદાસ બાપાની જન્મભૂમિ બનેલ ઝાંઝરીયા હનુમાન મંદિર પૌરાણિક અને ૭૦૦/૮૦૦ વર્ષ જૂનો હોવાનું કહેવાય છે આજે આ સ્થળ બજરંગદાસ બાપાની જન્મભૂમિ તરીકે પૂજાય છે બાપા ૧૯૪૧માં બગદાણા આવ્યા ૧૯૫૧માં આશ્રમની સ્થાપના કરી ૧૯૫૯માં અન્ન ક્ષેત્ર ચાલુ કર્યું ૧૯૬૦માં ભૂદાન હવન કર્યું ૬૨માં હરાજી કરીને ભારત યુદ્ધ વખતે લશ્કરને મદદ કરી ૬૫ માં ફરીથી આશ્રમની હરાજી કરીને યુદ્ધ વખતે દેશને મદદ કરી૧૯૭૧માં પણ આશ્રમની હરાજી કરીને પાકિસ્તાનના યુદ્ધ વખતે લશ્કરને મદદ કરી હતી

આજે બજરંગદાસ બાપાની પુણ્યતિથિએ બગદાણામાં સવારથી જ માનવ મેદની ઊંમટી રહી છે બગદાણામાં દૂર દૂરથી ચાહકો ની સરવાની ચાલુ જ છે બાપા ની તરણ પાદુકા ન ખોટાની પૂજા કરીઅ લાખો એ દર્શન સાથે યાત્રા નો લાભ લીધો હતો બાપાના પ્રસાદથી લાખો ભાવિકો તૃપ્ત થયા હતા. બગદાણામાં સતત બાપાનો જય ઘોષ થઈ રહ્યો છે

# કલ્યાણપુરમાં આંગણવાડી વર્કર બહેનો માટે યોજાઈ પૌષ્ટિક વાનગી હરીફાઇ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

કલ્યાણપુર તાલુકાના ઘટક-૧ તથા ઘટક-૨ માં પોષણ ઉત્સવ-૨૦૨૪ અંતર્ગત આંગણવાડી કાર્યકર, વર્કર બહેનો વચ્ચે પૌષ્ટિક વાનગી હરીફાઈનું આયોજન કરેલ. આ કાર્યક્રમમાં કલ્યાણપુર તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ, વિસ્તરણ અધિકારી, આરોગ્યનો સ્ટાફ, પ્રોજેક્ટ તુષ્ટિનો સ્ટાફ તેમજ જિલ્લામાંથી આઈ.સી.ડી.એસ. ડી.પી.સી. હાજર રહ્યા હતા.

# સુરેન્દ્રનગર મહાપાલિકા દ્વારા ગેરકાયદે ખડકાયેલા-નડતરરૂપ દબાણો દુર કરાયા

## ૮૦ ફુટ રોડ અને બસ સ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં અંદાજે ૧૦થી વધુ પાકા દબાણો પર બુલડોઝર ફરી વળ્યું

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર સંયુકત નગરપાલિકામાંથી સરકાર દ્વારા મહાનગરપાલિકા જાહેર કરવામાં આવી છે ત્યારે નવનિયુકત મહાનગરપાલિકાની ટીમ દ્વારા ગેરકાયદેસર અને નડતરરૂપ દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને વર્ષો બાદ પાકા દબાણો તોડી પાડવામાં આવતા પ્રજાજનોએ પણ આ કામગીરીને બિરદાવી હતી.




આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર અને વઢવાણ સહિતના શહેરી વિસ્તારો તેમજ મુખ્ય માર્ગો પર ગેરકાયદેસર કાચા તેમજ પાકા દબાણોના કારણે ટ્રાફીક જામની સમસ્યા સર્જાતી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી તેમજ અગાઉ પણ તંત્ર દ્વારા દબાણો દુર કરાયા બાદ ફરી પરિસ્થિતિ તેમને તેમ યથાવત થઈ જતી હતી ત્યારે સંયુકત પાલિકામાંથી સુરેન્દ્રનગર મહાનગરપાલિકા જાહેર થતા જ નવનિયુકત અધિકારીઓની ટીમ દ્વારા શહેરી વિસ્તારોની સફાઈ તેમજ દબાણ બાબતે મુલાકાત લઈ નિરિક્ષણ કરવામાં આવ્યું હતું જેમાં ૮૦ ફુટ રોડ, રીવરફ્રન્ટ રોડ, મેઈન રોડ, એન.ટી.એમ.હાઈસ્કૂલ આસપાસ તેમજ ટાગોર બાગ પાછળના વિસ્તારમાં મુલાકાત અને નિરિક્ષણ કરાયું હતું. અને ત્યારબાદ ૮૦ ફુટ રોડ પર આવેલ કાચું મંદિર તેમજ ઘાસચારાનું વેચાણ કરતા ચાર થી પાંચ વરંડાઓ અને બસ સ્ટેન્ડ પાસે મેઈન રોડ પર ગંદા પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલ પાકી કુંડીઓ સહિતના ગેરકાયદેસર અને નડતરરૂપ દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. આ સમગ્ર કામગીરી દરમ્યાન મહનગરપાલિકાના ડેપ્યુટી કમીશ્નર અર્જુનસિંહ ચાવડા, એસ.કે.કટારા, કલ્પેશભાઈ ચૌહાણ, કે.જી.હેરમા, કેતનભાઈ શાહ સહિતની ટીમ અને કર્મચારીઓ જોડાયા હતા.

# સુરેન્દ્રનગરઃ લખતર રેલવે સ્ટેશન પર ચાલતી કામગીરીનું રેલવેના જનરલ મેનેજરે કર્યુ નિરીક્ષણ

## નિરીક્ષણ બાદ આગેવાનો, વેપારીઓ અને અધિકારીઓ સાથે પડતર પ્રશ્નો અંગે કરાઇ ચર્ચા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સમગ્ર દેશ સાથે રાજ્યમાં પણ સરકારના રેલ્વે વિભાગ દ્વારા અલગ-અલગ રેલ્વે સ્ટેશનોને વધુ સુવિધા યુક્ત અને આધુનિક બનાવવાની કામગીરી હાલ અમૃત ભારત હેઠળ ચાલી રહી છે જેના ભાગરૂપે સુરેન્દ્રનગર જીલ્લાના લખતર રેલ્વે સ્ટેશનનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને તેની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે ત્યારે આ કામગીરીના નિરિક્ષણ અને સમીક્ષા અર્થે પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર (જી.એમ.) સહિતના અધીકારીઓએ રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી હતી અને રૂટીન ઈન્સ્પેકશન કર્યુ હતું. ત્યારબાદ સુરેન્દ્રનગર રેલ્વે જંકશન ખાતે પણ જી.એમ.એ વિવિધ પ્રશ્નો અંગે રજુઆતો સાંભળી હતી.



ત્યારે આ કામગીરીના નિરિક્ષણ તેમજ રૂટીન ઈન્સ્પેકશન અર્થે પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર અશોકકુમાર મીશ્રા સહિતના અધિકારીઓએ સૌપ્રથમ લખતર રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી હતી જેમાં સ્ટેશન પર ચાલી રહેલ પ્લેટફોર્મ, સફાઈ, મુસાફરોને બેસવા માટેની સુવિધા, રેલ્વે સ્ટેશન પર સેફટીના સાધનો સહિતની કામગીરી અને રેલ્વે કોલોનીનું નિરિક્ષણ કરી જરૂરી સુચનાઓ સ્થાનીક અધિકારીઓને આપી હતી. તેમ જ કોરોના કાળ દરમ્યાન બંધ કરવામાં આવેલ લોકલ ઓખા અમદાવાદ વડોદરા અને ઓખા વિરમગામ મહેસાણા ટ્રેન પૂનઃ શરૂ કરવા માટે તેમજ અમદાવાદ તરફ અપડાઉન કરતા વિદ્યાથીઓ, નોકરીયાતો, વેપારીઓ, સિનિયર સીટીઝન સહિતને હાલાકી પડી રહી છે. તેમજ સુરત - જામનગર - ઈન્ટરસીટી એકસપ્રેસ ટ્રેનને લખતર રેલ્વે સ્ટેશન ખાતે સ્ટોપેજ આપવા તેમજ વિરમગામ-વલસાડ ટ્રેનને સુરેન્દ્રનગર સુધી લંબાવીને લખતર રેલ્વે સ્ટેશનને સ્ટોપ આપવાની માંગ લખતર વાસીઓનો પ્રશ્નને હલ કરવા માંગ સાથે વેસ્ટન રેલવેના જનરલ મેનેજરને લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી. લોકસભાના સાંસદ, નાયબ મુખ્ય દંડક સહિત રેલ્વે કમીટીના સભ્યો અનેજાગૃત નાગરિકો સાથે બેઠક યોજી રેલ્વેના વિવિધ પડતર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરી હતી અને વહેલી તકે પ્રશ્નોનું નિરાકરણ લાવવાની ખાત્રી આપી હતી.

# જસદણ નગરપાલિકામાં રાજકીય દબાણ વગર કોઈ કામ થતા નથી??

## સામાજીક આગેવાનોએ ધારાસભ્ય-મંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરતા તંત્ર દોડતું થયું

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ નગરપાલિકાના અધિકારીઓ રાજકીય દબાણ વગર કામ કરતા નથી જે આજે ફલીત થયું હતું. આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ જસદણ વોર્ડ નંબર પાંચમાં લાંબા સમયથી પાણી સફાઈ ગટર જેવી અનેક પ્રાથમિક કામોની સમસ્યા હતી આ અંગે રેહવાસીઓ દ્વારા જાણ કરવામાં આવી હોવા છતાં જસદણમાં કોઈ સમસ્યા જ નથી એવો સુર પાલિકાના સક્ષમ અધિકારીઓએ વહેતો કર્યો હતો પણ આખરે આ વિસ્તારના સામાજિક કાર્યકર સુરેશભાઈ છાયાણી દ્વારા ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને વિવિધ સમસ્યા અંગે બે પાનાનો પત્ર લખીને રજૂઆત કરવામાં આવતાં કાર્યાલય પરથી નગરપાલિકાને દબાણ થતાં સ્ટાફ તાબડતોપ પાણીની મશીનરી રીપેરીંગ કરવાં પહોંચી ગયો હતો. સુરેશભાઈએ પત્રમાં અનેક સમસ્યાઓથી પ્રજા પીડિત છે તે વિગતવાર લખ્યાં બાદ હાલના ચીફ ઓફીસર કોઈ કામ કરતાં ન હોય તો એમની બદલી કરવામાં આવે એવી માંગણી પણ કરેલ હતી.



# ઉનાઃ ગાયત્રી વિદ્યાલય પરિસરમાં સિંહે કર્યો રાતવાસો વર્ગ ખંડોમાં મારી લટાર

## સોસાયટી વિસ્તારમાં મારણ કરનાર સિંહ સીસીટીવી ફૂટેજમાં કેદ

**અબતક, ઉના**

ઊના શહેર મા સોસાયટી વિસ્તાર માં આવેલ ગાયત્રી વિદ્યાલય ના મેદાન મા સિહ ઘૂસી જઈ વાછરડી નો શિકાર કરતા શાળા મા ભય નો માહોલ છવાયો વન વિભાગ ના કર્મચારીઓ આવી સિહ ને બહાર કાઢી લોકો ને ભય મુક્ત કરાયા



ઊના શહેર માં વહેલી સવારે એક પુખ્ત વયનો સિહ પંચવટી સોસાયટી પાસે ભૂતડા દાદા ના મંદિર પાસે ઉભેલી ગાયો ના સમૂહ ઉપર શિકાર કરવા દોટ મુકતા એક વાછરડી હરસિધ્ધિ નગર મા આવેલ ગાયત્રી વિદ્યાલય ના ખુલ્લા દરવાજા માં ઘુસી ગય હતી અને સિહ તેમની પાછળ આવી વાછરડી ઉપર હુમલો કરી શિકાર કરેલ અને મોત નિપજાવી અને શાળા ના મેદાન મા આટા મારેલ શાળા ના બિલ્ડિંગ ના દાદરા ઉપર ચડી ગયેલ હતો જેના દ્રશ્યો શાળા માં લગાવેલ સી.સુ.ટી.વી. કેમેરા માં જોતા આ સમય શાળા ની ઓફીસ ના કાર્યાલય મા રહેલ શાળા ના શિક્ષક કિરણ ભાઈ ટ્રસ્ટી દિનેશ ભાઈ અને સ્ટાફ જોઈ જતા ગીર પૂર્વ વન વિભાગ ના ઊના મા આવેલ કચેરી ને જાણ કરી હતી. સદનસીબે વહેલી સવાર નો સમય હોય શાળા મા હજુ બાળકો આવેલ ના હોય વિદ્યાર્થીઓ ને શાળા ના ગેટ બહાર રહેવા સૂચના આપેલ હતી.વન વિભાગ ના કર્મચારીઓ આવીને જોતા. સિહ શાળા ના બિલ્ડિંગ ના પાછલા દરવાજે થી નદી કાઠે બાવળ ની વાડ માં જતો રહ્યો હતો. વન વિભાગ ના કર્મચારીઓ એ મારણ કરેલ ગાય ની વાછરડી નું પંચ નામુ કરી મૃત દેહ ને લઈ ગયા હતા.આ વિસ્તાર ગાયત્રી સોસાયટી, પંચવટી નગર,આશિર્વાદ સોસાયટી અને હરસિધ્ધિ નગર વિસ્તાર મા દીપડા તો અવાર નવાર આવી પશુ અને પ્રાણી નો શિકાર કરી જાય છે પરંતુ સિહ પ્રથમ વાર આવી ચડતા તેમાંય શાળા ના બિલ્ડિંગ મા ઘુશી જતા આ વિસ્તાર મા રહેતા લોકો મા ભય ફેલાઈ ગયો છે.

# સુત્રાપાડાઃ સંવિધાન ગૌરવ દિનની કરાશે ગૌરવપૂર્ણ ઉજવણી



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા ખાતે સુત્રાપાડા શહેરની મંડળની બેઠકની ''સંવિધાન ગૌરવ અભિયાન''ની આયોજન બેઠક સંવિધાન ગૌરવ અભિયાનના ઈન્ચાર્જ અને જિલ્લા મહામંત્રી દિલીપભાઈ બારડના અધ્યક્ષ સ્થાને યોજાઈ તેમાં ઉપસ્થિત પ્રવીણભાઈ આહમેંડા કાર્યક્રમના સહ ઈન્ચાર્જ અને જિલ્લા મંત્રી ભાજપ, સુરસિંહભાઈ મોરી સુત્રાપાડા શહેર ભાજપ પ્રમુખ, મનહરભાઈ બારડ સુત્રાપાડા નગરપાલિકા પ્રમુખ, દીપકભાઈ કાછેલા પૂર્વ પ્રમુખ સુત્રાપાડા શહેર ભાજપ અને ભારતીય જનતા પાર્ટીના મંડળના હોદેદારો, સક્રીય કાર્યકર્તાઓ, શક્તિકેન્દ્રના સંયોજક સહયોગી પ્રભારી નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા. સુત્રાપાડા શહેરમાં સંવિધાન ગૌરવ દીનની ગૌરવપૂર્ણ ઉજવણી કરવા નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઉપલેટાઃ પ્રજાપતિ સમાજનું ગૌરવ વધારતા પંકજ કોરિયા

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



રાજકોટ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા કલા મહાકુંભ સ્પર્ધા તાજેતરમાં દુમિયાની ગામે તાલુકા લેવલની સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતુંજેમા ઉપલેટા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સંતવાણી ભજન અને કીર્તનના કાર્યક્રમો આપનાર પંકજભાઈ કોરિયા તાલુકાના સ્પર્ધામાં પ્રથમ વિજેતા બનતા પ્રજાપતિ સમાજનું ગૌરવ વધાર્યું છે પંકજભાઈ કોરિયા આગામી તારીખ ૧૯ ના રોજ રાજકોટ મુકામે જિલ્લા કક્ષાની સ્પર્ધા નું આયોજન કરેલ છે તેમાં ઉપલેટા તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે પંકજભાઈ કોરિયાએ પ્રજાપતિ સમાજનું ગૌરવ વધારતા સમાજ ટ્રસ્ટીઓએ તેઓને શુભેચ્છા પાઠવી આગામી દિવસોમાં જિલ્લા લેવલે સ્પર્ધામાં પણ વિજેતા બની ઉપલેટા શહેરનું નામ રોશન કરે એવી આશા સાથે શુભેચ્છા આપી છે

# અલ્હાહાબાદ હાઈકોર્ટના જજ વિરુદ્ધ ગુનો દાખલ કરવા ચીફ જસ્ટિસને વરિષ્ઠ વકીલોની રજુઆત

## ૧૩ વરિષ્ઠ વકીલોએ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાને પત્ર લખી ફરિયાદ નોંધવા માંગ કરી

**અબતક, રાજકોટ**

સુપ્રીમ કોર્ટ કોલેજિયમે જસ્ટિસ શેખર કુમાર યાદવ દ્વારા મુસ્લિમોને નિશાન બનાવનાર તેમના એક નિવદેનને લઈને નોટિસ ફટકારી હતી. તે નોટિસના લગભગ એક મહિના બાદ અલ્હાબાદ હાઈકોર્ટના જજ શેખર કુમાર યાદવે ચીફ જસ્ટિસ સંજીવન ખન્નાને પત્ર લખીને પોતાના નિવેદન પર અડગ રહેવાની વાત કહી. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે 'મારા નિવેદનથી ન્યાયિક આચાર સંહિતાનું કોઈ ઉલ્લંઘન થયું નથી.' ત્યારે હવે આ મામલે ૧૩ વરિષ્ઠ વકીલોએ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાને પત્ર લખી જસ્ટિસ યાદવ વિરુદ્ધ ગુનો દાખલ કરવા સીબીઆઈને આદેશ આપવા માંગણી કરી છે. જસ્ટિસ યાદવે પોતાના નિવેદન અંગે જણાવ્યું હતું કે, 'મારું ભાષણ અમુક સ્વાર્થી તત્ત્વો દ્વારા ખોટી રીતે રજૂ કરવામાં આવી રહ્યું છે અને ન્યાયપાલિકાના તે સભ્ય જે જાહેરમાં પોતાની વાત મૂકી શકતાં નથી. તેમને સુરક્ષા આપવી જોઈએ. મે પોતાના નિવેદન પર અફસોસ પ્રગટ કર્યો નથી. મારું ભાષણ બંધારણમાં સહજ મૂલ્યોના અનુરૂપ સામાજિક મુદ્દા પર વિચાર વ્યક્ત કરવા માટે હતું. કોઈ સમુદાય પ્રત્યે નફરત ફેલાવવા માટે નહોતું.

ઉલ્લેખનીય છે કે ૮ ડિસેમ્બરે અલ્હાબાદ હાઈકોર્ટ બાર એસોસિએશનની લાઈબ્રેરીમાં આયોજિત વિશ્વ હિન્દુ પરિષદના કાનૂની સેલના કાર્યક્રમમાં બોલતાં જસ્ટિસ યાદવે સમાન નાગરિક સંહિતાને એક હિન્દુ વર્સેસ મુસ્લિમ ચર્ચાના રૂપમાં પ્રસ્તુત કર્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે 'હિન્દુઓએ સુધારા કર્યાં છે જ્યારે મુસ્લિમોએ કર્યાં નથી. તમારો એ ભ્રમ છે કે જો કોઈ કાયદો (યુસીસી) લાવવામાં આવ્યો તો તે તમારા શરિયત, ઈસ્લામ અને કુરાન વિરુદ્ધ હશે પરંતુ હું એક અન્ય વાત કરવા ઈચ્છું છું કે ભલે તે તમારો વ્યક્તિગત કાયદો હોય, અમારો હિન્દુ કાયદો હોય, તમારું કુરાન હોય કે અમારી ગીતા, જેમ મે કહ્યું અમે અમારી પ્રથાઓમાં બુરાઈઓનું સમાધાન કરી ચૂક્યા છે. અછૂત, સતી, જોહર, ભ્રૂણ હત્યા... અમે આ તમામ સમસ્યાઓનું સમાધાન કરી ચૂક્યા છે. પછી તમે આ કાયદાને કેમ ખતમ કરતાં નથી? આ હિન્દુસ્તાન છે. હિન્દુસ્તાનમાં રહેતાં બહુમતીના અનુસાર જ દેશ ચાલશે. તમે એ પણ નથી કહી શકતાં કે હાઈકોર્ટના જસ્ટિસ થઈને આવું બોલી રહ્યાં છો. કાયદો તો ભાઈ બહુમતીના આધારે જ ચાલે છે. પરિવારમાં પણ જુઓ, સમાજમાં પણ જુઓ. જ્યાં પણ વધુ લોકો હોય છે, જે કહે છે તેને જ માનવામાં આવે છે.' ત્યારે હવે આ મામલે અલગ અલગ ૧૩ વરિષ્ઠ વકીલોએ દેશના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખ્યો છે કે, જસ્ટીસ યાદવ વિરુદ્ધ સૂઓમોટો લેવામાં આવે તેમજ આ બાબતની ગંભીરતાને ધ્યાને રાખી કે. વીરસ્વામી વિરુદ્ધ યુઓઆઈના નિર્ધારિત કાયદા અનુસાર સીબીઆઈ દ્વારા ગુનો દાખલ કરવામાં આવે.

# ટ્રમ્પની ટેરિફ ધમકીને લઈ અમેરિકા સામે સૌથી મોટા વેપાર યુદ્ધની કેનેડાની ચીમકી

## વેપાર યુદ્ધને કારણે કેનેડાનો જીડીપી પાંચ ટકાથી વધુ ઘટી શકે છે, બેરોજગારી નોંધપાત્ર રીતે વધી શકે છે અને ફુગાવો પણ વધી શકે

**અબતક, નવી દિલ્હી**

કેનેડા અને અમેરિકા વચ્ચે વેપાર યુદ્ધ શરૂ થવાની શક્યતા વધી રહી છે. કેનેડાએ શુક્રવારે ધમકી આપી હતી કે જો નવા ચૂંટાયેલા યુએસ રાષ્ટ્રપતિ કેનેડિયન ઉત્પાદનો પર ટેરિફ વધારશે તો તેઓ અમેરિકનોને 'ટ્રમ્પ ટેરિફ ટેક્સ' ચૂકવવા દબાણ કરશે. કેનેડાના વિદેશ મંત્રી મેલાની જોલીએ વોશિંગ્ટનમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના કોઈપણ વેપાર યુદ્ધનો કડક જવાબ આપવાની પ્રતિક્રિયા આપી આવતા અઠવાડિયે પદ સંભાળનારા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ કેનેડિયન આયાત પર ૨૫ ટકા ટેરિફ લાદવાની યોજના ધરાવે છે. પ્રસ્તાવિત ટેરિફ અમેરિકન નોકરીઓ જોખમમાં મૂકશે. અમેરિકન ગ્રાહકો માટે કિંમતો વધારશે. ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા તેમજ અન્ય પડોશીઓ મેક્સિકો અને ચીન પર ભારે ટેરિફ લાદવાની વાત કરી છે. સ્કોટીયાબેંકનો અંદાજ છે કે વેપાર યુદ્ધને કારણે કેનેડાનો જીડીપી પાંચ ટકાથી વધુ ઘટી શકે છે. બેરોજગારી નોંધપાત્ર રીતે વધી શકે છે અને ફુગાવો વધી શકે છે. આ દાયકાઓમાં કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેનું સૌથી મોટું વેપાર યુદ્ધ હશે," કેનેડાના વિદેશ પ્રધાન મેલાની જોલીએ જણાવ્યું. અમેરિકનો આપણી સામે વેપાર યુદ્ધ શરૂ કરશે. "અમે મહત્તમ દબાણ લાવવા માટે તૈયાર છીએ," જોલીએ કહ્યું. તેમણે વધુમાં કહ્યું કે કેનેડાએ ટ્રમ્પના ધમકીનો સામનો કરવા માટે અનેક પગલાં તૈયાર કર્યા છે.

# રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી અંતર્ગત ઈન્ટર ગ્રુપ એવોર્ડ સમારોહ યોજાયો

**અબતક,રાજકોટ**

ઈન્ડિયન સ્કાઉટ ગાઈડ ફેલોશીપ તથા ગુજરાત માનવાધિકાર પંચ દ્વારા સુરત ખાતે 'નેશનલ યુથ ડે સેલિબ્રેશન એન્ડ ઈન્ટર યુથ એવોર્ડ સેરેમની' યોજાઈ હતી. જેમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, ઓડિશાના નિવૃત્ત ચીફ જસ્ટીસ કે.એસ.ઝવેરી અને ગુજરાત રાજ્ય માનવાધિકાર પંચના ચેરમેન કે.જે.ઠાકર, શક્તિમાન સિરિયલથી પ્રખ્યાત થયેલા મુકેશ ખન્ના વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ઓડિશા હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટીસ અને ઈન્ડિયન સ્કાઉટ ગાઈડ ફેલોશીપના પ્રેસિડેન્ટ ઈન ચીફ કે.એસ.ઝવેરીએ જણાવ્યું હતું કે, સ્કાઉટીંગ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંસ્કાર, પ્રામાણિકતા, સેવાભાવ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રસેવાના ગુણો વિકસે તેમજ માનવાધિકારો વિષે બાળકો જાગૃત્ત થાય એ માટે સુરત ખાતે ૭૦૦૦ બાળકોની ઉપસ્થિતિમાં સમારોહ યોજાશે. દેશના ૧૮ રાજ્યોના પ્રતિનિધિઓ તેમજ શ્રીલંકાથી ૨ અને મલેશિયાથી ૧ સ્કાઉટસ ઉપસ્થિત રહેશે. સાથોસાથ સ્કાઉટીંગ થકી સમાજને ઉપયોગી થનાર અને શ્રેષ્ઠ યોગદાન આપનાર યુવાનોને સન્માનિત કરાશે. સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ દ્વારા બાળકના ચારિત્ર્યનું ઘડતર કરીને સારા નાગરિક બનાવવાનો મુખ્ય હેતુ છે. સ્કાઉટીંગ વિષે સમજ આપતા તેમણે કહ્યું કે, બાળકો નાનપણથી જ વિકટ સ્થિતિ, કુદરતી કે માનવસર્જિત આપત્તિઓમાં મદદરૂપ થઈ શકે, મુશ્કેલીઓનું સમાધાન શોધી શકે એ માટે વિશ્વના ૨૧૮ દેશોમાં સ્કાઉટ ગાઈડ સંસ્થાઓ કાર્યરત છે. આ પ્રવૃત્તિમાં દેશના ૪૬ સરકારી-ખાનગી એસોસિએશનો-એજન્સીઓ તેમજ ગુજરાતના ૨૭ જિલ્લા જોડાયેલા છે. આ પ્રકારના સમારોહ છેલ્લા ૧૫ વર્ષથી યોજવામાં આવે છે.

# સાવધાનઃ છેલ્લા ૩ વર્ષમાં માનસિક સ્વાસ્થ્યની દવાઓના વેચાણમાં ૫૬%નો ઘરખમ વધારો

## ડિસે. ૨૦૨૧માં કુલ વેચાણ રૂ.૪૫૬ કરોડ હતુ જે વધી ડિસે.૨૦૨૪ સુધીમાં રૂ.૭૧૦ કરોડે પહોચ્યું

**અબતક, રાજકોટ**

શ્વાસ લેવામાં તકલીફ, ગૂંગળામણની લાગણી, અચાનક ભય, અનિદ્રા, કારણ વગર સતત રડવું, સતત નકારાત્મક વિચારો, રોજિંદા કાર્યો કરવામાં અનિચ્છા, અથવા તો વાઈના હુમલાનો અનુભવ - આ લક્ષણો ચિંતા, હતાશા અથવા અન્ય માનસિક સ્વાસ્થ્ય સ્થિતિઓ તરફ ઈશારો કરી શકે છે. આવા મુદ્દાઓ, જે એક સમયે ભાગ્યે જ ચર્ચામાં આવતા હતા, હવે ચિંતાજનક રીતે સામાન્ય બની ગયા છે.

માનસિક સ્વાસ્થ્ય વિકૃતિઓનો વ્યાપ વધ્યો છે, અને તેનો પુરાવો ન્યુરોસાયકિયાટ્રિક દવાઓના વધતા વપરાશમાં રહેલો છે. ફાર્મરિકના ડેટા અનુસાર, છેલ્લા ત્રણ વર્ષમાં ન્યુરો-સીએનએસ (સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ) શ્રેણી હેઠળ દવાઓના બજાર કદમાં ૫૬% નો આશ્ચર્યજનક વધારો જોવા મળ્યો છે.

ડિસેમ્બર ૨૦૨૧ માં, ન્યુરો-સીએનએસ દવાઓ માટે મૂવિંગ વાર્ષિક કુલ (MAT) વેચાણ રૂ. ૪૫૬ કરોડ હતું. ડિસેમ્બર ૨૦૨૪ (જાન્યુઆરીથી સમયગાળો) સુધીમાં, આ આંકડો રૂ. ૭૧૦ કરોડ સુધી પહોંચી ગયો. MAT પાછલા ૧૨ મહિનામાં વેચાણનો રોલિંગ સરવાળો દર્શાવે છે, જે આ દવાઓની વધતી માંગને દર્શાવે છે.

"તણાવ, ચિંતા અને અનિદ્રાના બનાવો વધી રહ્યા છે, અને વધુ લોકો મદદ માંગી રહ્યા છે, જે સ્વાભાવિક રીતે આ દવાઓના વેચાણમાં વધારો કરે છે. તે ઉપરાંત, આવી દવાઓનો દુરુપયોગ પણ આ વધારાનું એક કારણ છે. ઓનલાઈન ખરીદી કરતી વખતે, દર્દીઓ દ્વારા ચકાસણીની કોઈપણ સિસ્ટમ વિના એક જ પ્રિસ્ક્રિપ્શનનો ઘણી વખત ઉપયોગ કરવામાં આવે છે," ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સ એસોસિએશન (FGSCDA) ના અધ્યક્ષ અલ્પેશ પટેલે જણાવ્યું.

"અને પછી એવા લોકો છે જે પ્રિસ્ક્રિપ્શન વિના ઊંઘની ગોળીઓ અને ચિંતાની દવાઓ પણ વેચે છે, જે આ દવાઓના દુરુપયોગમાં પણ વધારો કરે છે," એક દવા વિતરકે નામ ન આપવાની શરતે જણાવ્યું. ફાર્મરિકના ડેટા સૂચવે છે કે ૨૦૨૪ માં સૌથી વધુ વેચાતી દવાઓમાં એપીલેપ્ટિક દવાઓ (૩૦.૭%), એન્ટી-ડિપ્રેસન્ટ્સ અને મૂડ લિફ્ટ દવાઓ (૧૮%), ન્યુરોપેથિક પીડા માટેની દવાઓ (૧૩.૫%), અને એન્ટી-સાયકોટિક દવાઓ (૫.૬%) નો સમાવેશ થાય છે. ઊંઘની ગોળીઓનું વેચાણ પણ વાર્ષિક ધોરણે ૨૩% વધ્યું છે, જે ૨૦૨૩ માં રૂ. ૧૩ કરોડ હતું.

# રોહિત શર્માની આગેવાનીમાં ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટિમ ઈન્ડિયાની આજે જાહેરાત

## ચેમ્પિયન્સ ટ્રોફી ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ સુધી પાકિસ્તાન અને યુએઈમાં ૪ સ્થળોએ યોજાશે

**અબતક, મુંબઈ**

ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમની જાહેરાત આજે કરવામાં આવી છે. ચીફ સિલેક્ટર અજીત અગરકર અને કેપ્ટન રોહિત શર્મા મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં બપોરે ૧૨:૩૦ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. મોહમ્મદ શમીની ટીમમાં વાપસી થઈ શકે છે. સૂર્ય-શાર્દુલ બહાર થઈ શકે છે. ચેમ્પિયન્સ ટ્રોફી ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ સુધી પાકિસ્તાન અને યુએઈમાં ૪ સ્થળોએ યોજાવાની છે. જેમાં લાહોર, કરાચી, રાવલપિંડી અને દુબઈનો સમાવેશ થાય છે. ભારતીય ટીમની તમામ મેચ દુબઈમાં રમાશે. નિશ્ચિત છે કે ૨૦૨૩ ઓડીઆઈ કપ રમનારા પ્લેયરની પસંદગી કરવામાં આવશે. સૂર્યકુમાર યાદવ, ઈશાન કિશન, શાર્દુલ ઠાકુર અને રવિચંદ્રન અશ્વિન આ ટીમમાંથી બહાર થઈ શકે છે. અશ્વિન નિવૃત્ત થઈ ગયો છે, જ્યારે ગૌતમ ગંભીર કોચ બન્યા ત્યારથી શાર્દુલની ટીમમાં પસંદગી કરવામાં આવી નથી. બીજી તરફ, ખરાબ ફોર્મ અને વર્તનને કારણે સૂર્યા અને ઈશાનને ઓડીઆઈ ટીમમાંથી તેમના કાર્ડ કાઢી નાખવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં, ટીમ મેનેજમેન્ટે આ ખેલાડીઓની જગ્યા શોધવી પડશે. બીસીસીઆઈ ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહના ફિટનેસ રિપોર્ટની રાહ જોઈ રહ્યું છે. અહેવાલો અનુસાર, બુમરાહ ગ્રુપ સ્ટેજ રમી શકશે નહીં. મોહમ્મદ શમી ઈજામાંથી સાજો થઈ ગયો છે. તેને ટીમમાં જગ્યા મળી શકે છે. તેણે ૧૪ મહિનાથી કોઈ ઈન્ટરનેશનલ મેચ રમી નથી, જ્યારે કુલદીપ યાદવની પણ તાજેતરમાં સર્જરી થઈ હતી.

# આગામી ગુરૂવારે વિરાટ કોહલી રાજકોટમાં રણજી રમવા આવશે!

## દિલ્હીની ૨૨ સદસ્યોની રણજી ટીમમાં વિરાટ કોહલીનો સમાવેશ

**અબતક, નવી દિલ્હી**

ઓસ્ટ્રેલિયામાં કંગાળ પ્રદર્શન બાદ આકરી ટીકાનો ભોગ બની રહેલા ભારતના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીને દિલ્હીની રણજી ટ્રોફી માટેની ૨૨ સદસ્યની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. દિલ્હીની ટીમ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર સામે રણજી મેચ રમનારી છે પરંતુ તેમાં કોહલી રમશે કે કેમ તે અંગે શંકા સેવાઈ રહી છે કેમ કે એમ જાણવા મળ્યું છે કે તે હાલમાં ઈજાની સારવાર લઈ રહ્યો છે.વિરાટ કોહલીએ દિલ્હી એન્ડ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશનને જાણ કરી હતી કે ઓસ્ટ્રેલિયા સામેની તાજેતરની સિડની ટેસ્ટ દરમિયાન તેની ગરદન પાસે ઈજા થઈ હતી. એ સમયે સિડનીમાં જ ફિઝિયો દ્વારા તેની સારવાર કરવામાં આવી હતી અને હાલના તબક્કે રણજી મેચમાં તે રમી શકશે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. દિલ્હી અને સૌરાષ્ટ્ર વચ્ચે ૨૩મી જાન્યુઆરીથી રાજકોટ ખાતે રણજી મેચ રમાનારી છે.



તે રમશે કે ટીમની સાથે માત્ર રાજકોટ જશે તે બાબત કોહલી ડીડીસીએના પ્રમુખ રોહન જેટલીને પોતાની વિગતો આપે ત્યાર પછી જ નક્કી થશે. વિરાટ કોહલી છેલ્લે ૨૦૧૨ના ફેબ્રુઆરીમાં દિલ્હી માટે રણજી મેચ રમ્યો હતો. ગાઝિયાબાદ ખાતેની ઉત્તર પ્રદેશ સામેની મેચમાં તેણે ૧૪ અને ૪૩ રન ફટકાર્યા હતા. તેના એક વર્ષ બાદ સચિન તેંડુલકર લાહલી ખાતે હરિયાણા સામે તેની અંતિમ ફર્સ્ટ ક્લાસ મેચ રમ્યો હતો. દરમિયાન વિકેટકીપર-બેટ્સમેન રિશભ પંત પણ સૌરાષ્ટ્ર સામેની રણજી મેચમાં રમવાનો છે. જોકે તેણે ટીમની આગેવાની લેવાનો ઈનકાર કરી દીધો છે. તેનો અર્થ એ થયો કે આયુષ બદોની જ આ મેચમાં કપ્તાની સંભાળશે. પંત સાત વર્ષ બાદ રણજી મેચ રમનારો છે.રિશભ પંત માને છે કે આયુષ બદોની જ આ ભૂમિકામાં જારી રહેવો જોઈએ. પંત માને છે કે તે સતત રમતો નથી ત્યારે ટીમની નેતાગીરીમાં આ રીતે ફેરફાર કરવો જોઈએ નહીં. સૂત્રોએ જણાવ્યું હતું કે રિશભ પંતને કપ્તાનીની ઓફર કરવામાં આવી હતી પરંતુ તેણે જ કહ્યું હતંર કે બદોનીના નેતૃત્વ હેઠળ રમતા તેને આનંદ થશે. અમે આ મેચ માટે ૨૨ ખેલાડીની પસંદગી કરી છે જે પૈકીના પાંચ ખેલાડી અંડર-૨૩ ટીમના છે અને તેઓ સીકે નાયડુ ટ્રોફીની છત્તીસગઢ સામેની મેચ રમવા ભિલાઈ જશે.

# વપરાયેલા મેડિકલ સાધનોની આયાત ઉપર રોક લગાવતી સરકાર

## સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશને કસ્ટમ્સને લખ્યો પત્ર : આ પ્રતિબંધથી મેક ઇન ઈન્ડિયાને બળ મળશે તેવું નિષ્ણાંતોનું અનુમાન

**અબતક, નવી દિલ્હી**

સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશને સ્પષ્ટ કર્યું છે કે દેશમાં સેકન્ડ-હેન્ડ મેડિકલ ડિવાઈસની આયાતને મંજૂરી નથી. આ ઓર્ગેનાઈઝેશને કસ્ટમ્સને એક સૂચના જારી કરી છે ઓફિસના પ્રિન્સિપલ કમિશનરને લખેલા સ્પષ્ટીકરણમાં કહેવામાં આવ્યું છે કે કસ્ટમ્સ ઓફિસે દેશમાં જૂના અને રિકન્ડિશન્ડ મેડિકલ સાધનોની આયાત કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. આ સ્પષ્ટતા ૧૧ જાન્યુઆરીના રોજ કસ્ટમ્સ ઓફિસને લખેલા પત્રમાં આપવામાં આવી હતી. સંબંધિત પરિપત્રની નકલ શુક્રવારે અહીં જારી કરવામાં આવી હતી.

સ્પષ્ટતામાં કહેવામાં આવ્યું છે કે તબીબી ઉપકરણોની ગુણવત્તા, સલામતી અને કામગીરી ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૧ અને તબીબી ઉપકરણો નિયમો, ૨૦૧૭ દ્વારા નિયંત્રિત થાય છે. આ બંનેમાં જૂના અથવા રિપેર કરાયેલા તબીબી ઉપકરણો અંગે કોઈ જોગવાઈ નથી. આવા સાધનોની આયાત માટે નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવતું નથી. તેથી, જૂના અને રિકન્ડિશન્ડ તબીબી ઉપકરણોની આયાત કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં.

પેશન્ટ સેફ્ટી એન્ડ એક્સેસ ઈનિશિયેટિવ ઓફ ઈન્ડિયા ફાઉન્ડેશને સેકન્ડ હેન્ડ મેડિકલ સાધનોની આયાત અંગેના સ્પષ્ટતાનું સ્વાગત કર્યું છે અને કહ્યું છે કે આનાથી દેશના લોકોને ગુણવત્તાયુક્ત સારવાર સુનિશ્ચિત થશે. પીએચડી ચેમ્બર્સના ભૂતપૂર્વ પ્રમુખ ડો. સુધીર શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે આ એક મહત્વપૂર્ણ નિર્ણય છે. આનાથી મેક ઈન ઈન્ડિયા અભિયાનને વેગ મળશે અને દેશ તબીબી ઉપકરણોના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનશે. તેમણે કહ્યું કે દેશમાં સેકન્ડ હેન્ડ અને રિકન્ડિશન્ડ તબીબી ઉપકરણોની આયાત આરોગ્યસંભાળ સેવાઓ પર અસર કરે છે અને રોકાણ, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને નિરુત્સાહિત કરે છે. તેમણે કહ્યું કે ભારતીય ફાર્મા ઉદ્યોગ તબીબી ઉપકરણોના સંશોધન અને વિકાસમાં સતત રોકાણ કરી રહ્યું છે. સીડીએસએસઓના આ નિર્ણયથી રોકાણમાં વધારો થશે. ઈનોવેશન હેલ્થવેરના મેનેજિંગ ડિરેક્ટર ગૌરવ અગ્રવાલે જણાવ્યું હતું કે સીડીએસસીઓનો નિર્ણય ભારતીય લોકોને ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડવાની ખાતરી કરશે.સ્કેનરે ટેકનોલોજીસના મેનેજિંગ ડિરેક્ટર વિશ્વ પ્રસાદ આલ્વાએ જણાવ્યું હતું કે દેશમાં જૂના તબીબી ઉપકરણોની આયાત કરવી એ એક ભૂલ હતી જેને સુધારી લેવામાં આવી છે. આ એક યોગ્ય નિર્ણય છે જેના દૂરગામી પરિણામો આવશે.

# ઈઝરાયેલે યુદ્ધ સંધિ મંજુર કરતા જ ગાઝા હવે ૩૩ બંધકોને છોડશે

## યુદ્ધવિરામ ત્રણ તબક્કામાં પૂર્ણ થશે : પ્રથમ તબક્કામાં ઈઝરાયેલ પણ ૨૫૦ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે

**અબતક, નવી દિલ્હી**

ગાઝામાં છેલ્લા ૧૫ મહિનાથી ચાલી રહેલ હમાસ અને ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ લગભગ સમાપ્ત થઈ ગયું છે. ઈઝરાયલના મંત્રીમંડળે શનિવારે ગાઝામાં યુદ્ધવિરામ કરારને મંજૂરી આપી હતી. આ પછી, ત્યાં બંધક બનાવવામાં આવેલા ડઝનબંધ લોકોની મુક્તિનો માર્ગ મોકળો થઈ ગયો છે. આ સાથે, હમાસ સાથે ૧૫ મહિનાથી ચાલી રહેલ યુદ્ધનો અંત આવશે.આ યુદ્ધવિરામ ત્રણ તબક્કામાં પૂર્ણ થશે. પ્રથમ તબક્કામાં, ૩૩ ઈઝરાયલી બંધકોને મુક્ત કરવામાં આવશે. બદલામાં, ઈઝરાયલ ૨૫૦ પેલેસ્ટિનિયન કેદીઓને પણ મુક્ત કરશે. ઈઝરાયલી સેના પણ ગાઝામાંથી પાછી ખેંચી લેશે. ઈઝરાયલના ન્યાય મંત્રાલયે રવિવારથી મુક્ત થનારા ૯૫ પેલેસ્ટિનિયનોની યાદી બહાર પાડી છે. હમાસ સાથે લડાઈ બંધ કરવાનો કરાર રવિવારથી અમલમાં આવશે.

આ સોદામાં મધ્યસ્થી કરનાર કતાર અને યુનાઈટેડ સ્ટેટ્સે બુધવારે યુદ્ધવિરામની જાહેરાત કરી હતી, પરંતુ કરાર એક દિવસથી વધુ સમય માટે અટવાઈ રહ્યો હતો કારણ કે નેતન્યાહૂએ કહ્યું હતું કે છેલ્લી ઘડીની મુશ્કેલીઓ હતી જેના માટે તેમણે હમાસને જવાબદાર ઠેરવ્યા હતા. રિપોર્ટ્સ અનુસાર, આ કરારનો કેટલાક કટ્ટરપંથી નેતાઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. પરંતુ નેતન્યાહૂની ગઠબંધન સરકારના ૨૪ મંત્રીઓએ કરારના પક્ષમાં મતદાન કર્યું, જ્યારે આઠ મંત્રીઓએ તેનો વિરોધ કર્યો.અગાઉ, ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ શુક્રવારે કહ્યું હતું કે ગાઝા પટ્ટીમાં હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લોકોને મુક્ત કરવા માટે એક કરાર થયો છે. જાહેરાતની શરૂઆતમાં, નેતન્યાહૂના કાર્યાલયે જણાવ્યું હતું કે ગાઝામાં યુદ્ધવિરામ અને પેલેસ્ટિનિયન કેદીઓની મુક્તિના બદલામાં બંધકોને મુક્ત કરવાની વાટાઘાટો છેલ્લી ઘડીએ અવરોધોનો સામનો કરી રહી છે. યહૂદી સેબથની શરૂઆત પછી મંત્રીમંડળની બેઠક મળી હતી, જે આ પ્રસંગનું મહત્વ દર્શાવે છે. યહૂદી કાયદા અનુસાર, ઈઝરાયલી સરકાર સામાન્ય રીતે સેબથ પર જીવન-મરણની કટોકટીના કિસ્સાઓ સિવાય તમામ કામ બંધ કરે છે. સેબથ એટલે અઠવાડિયાનો સાતમો દિવસ, જે શુક્રવાર સાંજથી શનિવાર સાંજ સુધી યહૂદીઓ અને કેટલાક ખ્રિસ્તીઓ દ્વારા આરામ અને પૂજાના દિવસ તરીકે ઉજવવામાં આવે છે.ઈઝરાયલમાં છ હોસ્પિટલોને બંધકો રાખવા માટે તૈયાર કરવામાં આવી છે. "અમારી મુખ્ય ચિંતા બંધકોની લાંબા ગાળાની અટકાયત છે... તેમને કદાચ ખૂબ જ ખરાબ સ્થિતિમાં રાખવામાં આવ્યા છે, જેમાં પોષણ અને સ્વચ્છતાનું પાલન ઓછું છે," ઈઝરાયલના મેડિકલ ડિરેક્ટોરેટના વડા ડો. હાગર મિઝરાહીએ જણાવ્યું. આશરે ૧૦૦ બંધકોમાં થાઈલેન્ડ, નેપાળ અને તાંઝાનિયાના નાગરિકોનો સમાવેશ થાય છે. યુદ્ધવિરામ કરાર હેઠળ, રવિવારે ૩૩ બંધકોને મુક્ત કરવામાં આવી શકે છે. આમાં ૫૦ વર્ષથી વધુ ઉંમરના તમામ મહિલાઓ, બાળકો અને પુરુષોનો સમાવેશ થશે. બાકીના બંધકો, જેમાં સૈનિકોનો પણ સમાવેશ થશે, તેમને આગામી રાઉન્ડમાં મુક્ત કરવામાં આવશે. બદલામાં, ઈઝરાયલ આગામી છ અઠવાડિયામાં સેંકડો પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે. કેદીઓ સાથે કામ કરતા હમાસ કાર્યાલયના વડા ઝહેર જબરીને શુક્રવારે જણાવ્યું હતું કે ઈઝરાયલી જેલમાંથી મુક્ત કરાયેલા લોકોના નામ પ્રકાશિત કરવામાં આવશે.

# ૩૧થી શરૂ થતાં બજેટ સત્રમાં સરકાર આવકવેરાનું નવું બિલ પ્રસ્તૃત કરશે

## ૬૩ વર્ષ જૂનો આવકવેરાનો કાયદો બદલાશે : નવો કર કાયદો બે કે ત્રણ ભાગમાં સરળ રીતે રજૂ કરાશે

**અબતક, નવી દિલ્હી**

બજેટ રજૂ કરવા માટે હવે બહુ સમય બાકી નથી. આવી સ્થિતિમાં, સરકાર તરફથી ક્યા ફેરફારો જોવા મળી શકે છે તેના પર બધાની નજર ટકેલી છે. અહેવાલો અનુસાર, કેન્દ્ર સરકાર દ્વારા આ વખતે ડાયરેક્ટ ટેક્સ કાયદા માટે એક નવું બિલ રજૂ કરવામાં આવી શકે છે. સરકાર આ નવા બિલ દ્વારા વિષયોને સરળ બનાવવા અને તેની મુશ્કેલ ભાષા સુધારવાનો પ્રયાસ કરી રહી છે. જેથી સામાન્ય માણસને તેને વાંચવામાં અને સમજવામાં કોઈ મુશ્કેલી ન પડે.અહેવાલ મુજબ, સમિતિ નક્કી કરી રહી છે કે ૬૩ વર્ષ જૂના આવકવેરા કાયદાને બદલે નવો કર કાયદો બે કે ત્રણ ભાગમાં હશે. જો આપણે સરકાર તરફથી મળી રહેલા સંકેતો પર નજર કરીએ તો સ્પષ્ટ લાગે છે કે અધિકારીઓનું કામ પૂર્ણ થયા પછી, તેના પર જાહેર ટિપ્પણીઓ લેવામાં આવશે. સરકાર હાલમાં કડક કર કાયદાઓને કારણે ટીકાઓનો સામનો કરી રહી છે. પરંતુ નવો કાયદો કરદાતાઓ અને નિષ્ણાતોના અભિપ્રાયથી તૈયાર કરવામાં આવશે.

સરકાર આ નવા બિલને બજેટમાં રજૂ કરવાનો પ્રયાસ કરી રહી છે. આ જ કારણ છે કે પ્રધાનમંત્રી કાર્યાલયના અધિકારીઓ અને નાણાં મંત્રાલય સાથે સંકળાયેલા અધિકારીઓ છેલ્લા ૬ થી ૮ અઠવાડિયાથી સતત કામ કરી રહ્યા છે. જેથી આ બિલ બજેટ દરમિયાન રજૂ કરી શકાય. એવું માનવામાં આવે છે કે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ તેમના બજેટ ભાષણમાં આ બિલનો ઉલ્લેખ કરવાનું નક્કી કરી શકે છે.જોકે, હજુ સુધી એ નક્કી નથી કે બિલ પહેલા ભાગમાં રજૂ કરવામાં આવશે કે બીજા ભાગમાં.

આ બાબતથી વાકેફ એક વ્યક્તિના મતે, સામાન્ય માણસ માટે કાયદાની ભાષા સમજવી ખૂબ જ મુશ્કેલ છે. આવી સ્થિતિમાં, સમિતિને તેને વધુ સરળ બનાવવા માટે કહેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે સરકાર હાલમાં આ તબક્કે તેમાં કોઈ નવા મુદ્દા ઉમેરી રહી નથી. જોકે, ભાષામાં ફેરફારને કારણે કરદાતાઓ ફરી એકવાર કોર્ટમાં જશે અને નવું અર્થઘટન માંગશે.

# ભાજપના રાજમાં ભયમૂકત ભ્રષ્ટાચારનો ભોરીંગો : શક્તિસિંહના પ્રહાર

## કોંગ્રેસના પ્રદેશના નેતાઓની ઉપસ્થિતિમાં જામનગર-પોરબંદર અને દ્વારકા જિલ્લાની રીવ્યુ બેઠક યોજાઈ





**અબતક,જામનગર**

જામનગર માં કોંગ્રેસ દ્વારા આજે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જામનગર શહેર અને જિલ્લા તેમજ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર ના કોંગ્રેસના આગેવાનો જોડાયા હતા. આ તકે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અને રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ભાજપના રાજમાં ભયમુક્ત ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે , બ્રિજ તૂટી રહ્યા છે., પાટીદાર યુવતી નું સરઘસ કાઢવામાં આવે છે. ચૂંટણીઓ સમયસર કરવામાં આવતી નથી અને વહીવટદાર ભાજપ નો વહીવટ કરી રહ્યા છે.

જામનગર માં આજે કોંગ્રેસ દ્વારા કુંવરબાઈ જૈન ધર્મશાળા માં સમીક્ષા બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં રાજ્યસભાના સાંસદ અને પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ , પ્રદેશ કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક સહિત ના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

શકિતસિંહ ગોહિલ એ જણાવ્યું હતું કે અમીર અને ગરીબ વચ્ચેનું અંતર ભાજપના રાજમાં વધ્યું છે. અત્યારે માત્ર ૨૦ ટકા લોકો પાસે જેટલી સંપત્તિ છે તેટલી સંપતી ૭૦ ટકા લોકો પાસે પણ નથી. ભાજપના રાજ માં ભય મુક્ત ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. બ્રીજ તૂટી રહ્યા છે ,પેપર ફૂટી રહ્યા છે. અમરેલી માં ભાજપ ના જૂથવાદને કારણે પાટીદાર સમાજ ની દીકરીનું સરઘસ કાઢવામાં આવ્યું હતું, જ્યારે ભ્રષ્ટાચારીઓ અને બુટલેગરો ખુલ્લેઆમ ફરી રહ્યા છે. ખેડૂતોની દશા દયનીય બની છે.

કોંગ્રેસ ના શાસન મા ખેડૂતો ને મગફળી નો ભાવ ૧૩૦૦ થી ૧૪૦૦ રૂપિયા મળતો હતો, અને સિંગતેલના ડબ્બાનો ભાવ ૧૭૦૦ રૂપિયા હતો. જ્યારે આજે ખેડૂતોને મગફળી ના ૧૦૦૦ થી ૧૧૦૦ રૂપિયા મળે છે. અને તેલના ડબ્બા નો ભાવ ૨૭૦૦ રૂપિયા છે. ખેડૂતોની આવક બમણી કરશું તેવા ભાષણોનો ફિયાસ્કો થયો છે. હકીકતે આવક બમણી ની બદલે અડધી થઈ છે. તેની સામે બિયારણ., ડીઝલ., દવા , વગેરે નો ખર્ચ બમણો થયો છે. ડિમોલિશનના નામે નાના માણસોના ઘરે તોડી પાડવામાં આવે છે. જ્યારે ભાજપ સાથે સંકળાયેલા મોટા ગુનેગારો ને રક્ષણ મળે છે.

આજ નાં કાર્યક્રમ મા પ્રદેશ સંગઠન પ્રભારી શૈલેષ પરમાર ,િજલ્લા પ્રભારી હેમાંગ વસાવડા , શહેર પ્રભારી જસવંતસિંહ ભટ્ટી , સેવાદળ નાં પ્રમુખ પ્રગતિબેન આહીર ,પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમ, પૂર્વ મંત્રી એમ કે બ્લોચ, અને ડો.દીનેશભાઈ પરમાર ,વરિષ્ઠ આગેવાન ભીખુભાઈ વારોતરિયા , પાલભાઈ આંબલીયા ,જિલ્લા પ્રમુખ મનોજ કથીરીયા, શહેર પ્રમુખ દીગુભા જાડેજા , બિપેન્દ્રસિંહ જાડેજા, સહારાબેન મકવાણા , મહાનગર પાલિકા નાં વિપક્ષ નાં નેતા ધવલ નંદા, અલ્તાફ ખફી, જેનબબેન ખફી, ભરત વાળા ,રચનાબેન નંદાણીયા, પ્રવીણભાઈ જેઠવા , યુવક કોંગ્રેસ ના અને એન એસ યુ આઈ ના હોદ્દેદારો વગેરે જોડાયા હતા.

# એસ.ટી. ડેપોમાં નેશનલ રોડ સેફટી માસની ઉજવણી



**અબતક,જામનગર**

જામનગરના એસ.ટી. ડેપોમાં નેશનલ રોડ સેફટી માસની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં એસ.ટી.ના વિભાગીય નિયામક બી.સી. જાડેજા, આર.ટી.ઓ કે. કે. ઉપાધ્યાય, ડી.વાય.એસ.પી. શ્રી ઝાલા, આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર શ્રી રૂપાણી, ડી.ટી.ઓ. જે.વી. ઈશરાણી, પીઆઈ (ટ્રાફિક) શ્રી અક્ષત, ડેપો મેનેજર એન.બી. બરપોટા, ટીઆઈ (અકસ્માત) શ્રી સુંબડ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમમાં સ્ટાફને રોડ સેફટી, અકસ્માત નિવારણ માટે અવગત કરવામાં આવ્યા હતાં.અને અકસ્માત નહી કરનારા એસ.ટી.ના ડ્રાઈવરો ને સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# રાજ્યસભાના સાંસદ-કોર્પોરેટર સામે થયેલી ફરિયાદ રદ કરવા થયેલી અરજી હાઈકોર્ટે ફગાવી

## જામનગરમાં સીટી એ. ડિવિઝનમાં દાખલ થયેલી ફરિયાદના અનુસંધાને બંનેની ધરપકડ કરવાનો માર્ગ મોકળો થયો

**અબતક,જામનગર**

જામનગરમાં વર્તમાન કોર્પોરેટર અને વિરોધ પક્ષના પૂર્વ નેતા અલ્તાફ ખફીના જન્મદિવસ નિમિત્તે સંજરી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમુહ સાદી નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજ્યસભાના સાંસદ ઈમરાન પ્રતાપગઢી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની ઓડિયો વીડિયો ક્લિપ ના બેકગ્રાઉન્ડ માં ઉશ્કેરણી જનક સંવાદો સાથેનું ગીત વગાડવા અંગે રાજ્યસભાના સાંસદ અને સ્થાનિક કોર્પોરેટર સામે પોલીસ માં ફરિયાદ નોંધાવાઈ હતી. જે ફરિયાદ રદ કરવા માટે ગુજરાત હાઈકોર્ટ નું શરણું લેવાયું હતું, જેમાં હાઈકોર્ટે તે અરજી રદ કરી નાખી છે, અને બંનેની ધરપકડનો માર્ગ મોકળો બન્યો છે.

ગત તા.૨૯ ૧૨ ૨૦૨૪ ના રોજ જામનગર મા કોંગ્રેસના કોર્પોરેટર અલ્તાફ ખફી ના જન્મદિવસે સંજરી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમૂહ શાદી નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજ્ય સભાના સાંસદ ઈમરાન પ્રતાપગઢી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ અને સ્થાનિક કોર્પોરેટર ની સમુહસાદીમાં એન્ટ્રી સમયે નો વિડીયો બનાવ્યો હતો. જેને સોશિયલ મીડિયામાં વાયરલ કરાયો છે. તેના બેક ગ્રાઉન્ડમાં હૈ ખૂન કે પ્યાસો બાત સુનો...... વાંધા જનક અને ઉશ્કેરણીજનક ગીત વગાડવામાં આવ્યું હતું. આ ઓડિયો-વીડિયો ક્લિપ વાયરલ થયા પછી મામલો



ગરમાયો હતો, અને જામનગરના એક આગેવાન દ્વારા આ બાબતે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં એક સમાજની લાગણી દુભાય, અને બે કોમ વચ્ચે ઉશ્કેરાટ ફેલાય અને વૈમનસ્ય ઊભુ થાય તેવી ભાષાનો પ્રયોગ થયો હોવાની ફરિયાદ કરવામાં આવી છે.

આ ફરિયાદના આધારે પોલીસે રાજ્ય સભાના સાંસદ ઈમરાન પ્રતાપગઢી અને સમુહ શાદિ નાં આયોજક એવા કોર્પોરેટર અલ્તાફ ખફી સામે ગુનો નોંધ્યો હતો.ત્યારબાદ રાજ્ય સભાના સાંસદ ઈમરાન પ્રતાપ ગઢી તેમજ જામનગરના કોર્પોરેટર અલ્તાફ ખફી દ્વારા ગુજરાત હાઈકોર્ટ નું શરણ લેવામાં આવ્યું હતું, અને ઉપરોક્ત ફરિયાદ રદ કરવા માટેની અરજી કરવામાં આવી હતી. જેમાં લંબાણપૂર્વકની દલીલ બાદ આજે હાઈકોર્ટે અરજી રદ કરી નાખી છે, અને બંનેની ધરપકડનો માર્ગ મોકળો બન્યો છે.

આ પ્રકરણમાં જામનગર પોલીસ દ્વારા અલગ અલગ વ્યક્તિના ૭ જેટલા નિવેદનો લેવામાં આવ્યા હતા, અને સાહેદ તરીકે હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. ઉપરાંત ઈન્સ્ટાગ્રામ ના પ્લેટફોર્મ પરથી ઓડિયો ક્લિપ તૈયાર કરીને તેમજ તે અંગેનો વાયરલ વિડીયો વગેરે પુરાવા અદાલત સમક્ષ રજૂ કરાયા હતા. જામનગરના સિટી એ. ડિવિઝનના પી.આઈ.એન.એ. ચાવડા પોતાના સ્ટાફના મગનભાઈ ચંદ્રપાલ, સંદીપભાઈ વગેરે સાથે હાજર રહ્યા હતા, અને તમામ પુરાવાઓ રજૂ કર્યા હતા. જેને ધ્યાને લઈને હાઈકોર્ટ દ્વારા ફરીયાદ કવોશિંગ કરવાની અરજી રદ કરી હતી.

# હાપા સ્થિત મંદિરે જલારામ બાપાને ૧૧૧ પ્રકારના રોટલાનો અન્નકુટ ધરાવાયો

## સતત ૧૩માં વર્ષે આયોજનમાં ગિનિશ બુકમાં સ્થાન પામેલો ૭ ફૂટ બાય ૭ ફૂટનો રોટલો પણ પ્રસાદ રૂપે ધરાવાયો

**અબતક, જામનગર**

જામનગરના હાપા સ્થિત જલારામ મંદિરે આજે જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા સતત ૧૩મી વખત ૧૧૧ પ્રકારના રોટલા ના અન્નકૂટ દર્શન નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.સાથો સાથ ગિનેશ બુકમાં સ્થાન પામલો વિશ્વવિક્રમી ૭ ફૂટ બાય ૭ ફૂટનો વિશાળ કદનો રોટલો પણ પ્રસાદ રૂપે ધરવામાં આવ્યો હતો.



વિક્રમ સંવત ૧૮૨૦ ને તારીખ ૧૭ જાન્યુઆરીના માતૃશ્રી વીરબાઈમાં તેમજ પૂજ્ય જલારામ બાપા દ્વારા શરૂ કરાયેલા અન્નક્ષેત્ર આજે પણ વિશ્વભરમાં અજોડ છે, ત્યારે આ અન્નક્ષેત્ર ના શુભારંભ ની ઉજવણી ના ભાગરૂપે જામનગરના જલારામ સેવા ટ્રસ્ટ-હાપા દ્વારા સતત ૧૩મી વખત ૧૧૧ પ્રકારના રોટલાના અનકોટ દર્શન નું આયોજન કરવામાં આવ્યું છે, અને બપોરે ૪.૦૦ વાગ્યા થી રાત્રિના ૮.૦૦ વાગ્યા સુધી જલારામ ભક્તો માટે દર્શનનો સમય રાખવામાં આવ્યો હતો. જેમાં અનેક જલારામ ભક્તો જોડાયા હતા. ત્યારબાદ જલારામ બાપાની મહા આરતી કરવામાં આવી હતી.

જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં વસવાટ કરતા જલારામ ભકતો દ્વારા પોતાના ઘેર મહાપ્રસાદ ના રોટલા તૈયાર કરવામાં આવ્યા હતા, અને તમામ રોટલા ને અન્નકૂટના દર્શનાર્થે પૂજ્ય જલારામબાપા સમક્ષ ધરવામાં આવ્યા હતા. સાથો સાથ ૭ ફૂટનો વિશાળ કદનો રોટલો પણ પ્રસાદ રૂપે ધરવામાં આવ્યો હતો, અને ત્યારબાદ તમામ રોટલાની પ્રસાદી રૂપે જલારામ ભકતોમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

# વડાપ્રધાનના ‘પરીક્ષા પે ચર્ચા’ કાર્યક્રમ માટે યોજાયેલી પેનલ ડિસ્કશનમાં જામનગરની વિદ્યાર્થીનીની પસંદગી

## મુંબઈ ખાતે આયોજિત શુટિંગમાં શ્રી જી.એસ.મહેતા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની અને શાળાના આચાર્ય થયા સામેલ

**અબતક, જામનગર**

બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પરીક્ષાના તણાવથી દુર રહી શકે અને તણાવ મુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, તેમના માતાપિતા અને શિક્ષકો સાથે વાર્તાલાપ કરે છે. વર્ષ ૨૦૨૫માં આ કાર્યક્રમની આઠમી કડીનું આયોજન કરવામાં આવશે. આ પહેલા વિવિધ ટોપિક પર ગ્રુપ ડિસ્કશન કરવા માટે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજ્યમાંથી ૩ વિદ્યાર્થીઓ પૈકી



જામનગર જીલ્લાની વિદ્યાર્થીનીની પણ પસંદગી કરાઈ હતી. અને તેઓના એસ્કોર્ટ ટીચર તરીકે પણ જામનગરના જ શિક્ષકની પસંદગી કરવામાં આવી હતી.

જામનગરની જી.એસ.મહેતા મ્યુનિ. કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની જાડેજા અપેક્ષાબા અને તે જ શાળાના આચાર્ય હીનાબેન કે. તન્ના યશરાજ સ્ટુડિયો મુંબઈ ખાતે પહોચ્યા હતા, અને પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ અંતર્ગત વિવિધ નિષ્ણાંતો સાથે આયોજિત પ્રિ-શૂટમાં વિદ્યાર્થીનીએ ગ્રુપ ડિસ્કશનમાં ભાગ લઈ શાળા પરિવારનું ગૌરવ વધાર્યું હતું. તે બદલ જીલ્લા શિક્ષણ અધિકારી વિપુલ મહેતા અને શિક્ષકો દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# દ્વારકા: રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા જરૂરીયાતમંદોને અનાજકીટનું વિતરણ

અબતક,મહેન્દ્ર કકકડ, દ્વારકા

રઘુવંશી સોશ્યલ ગ્રુપ, જલારામ મંદિર, દ્વારકા દ્વારા યજમાન કાંતિભાઈ રૂધાણી, પરિવાર મે. રૂધાણી બ્રધર્સ, મુંબઈના સહયોગથી હોટલ દામજીમાં મકર સંક્રાંતિ મહાપર્વને અનુલક્ષીને જરૂરીયાત મંદ ૨૨૫ પરિવારને યજમાન પરિવાર તથા દ્વારકાના અગ્રગણ્ય મહાનુભવોની હાજરીમાં અનાજકીટ તથા સ્ટીલ ટીફીનનું વિતરણ કરવામાં આવ્યું હતુ. ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ તેમજ કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ



# દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં સાંજે ઠાકોરજીના ઉત્થાપન સમયે ભાવિક ભક્ત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી શ્રીજીને કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવેલ. શુક્રવારના શ્વેત વાઘા તથા રત્નાલંકાર સાથેના શ્રીજીના દૈદિપ્યમાન સ્વરૂપનો બહોળી સંખ્યામાં ભાવિકોએ પ્રત્યક્ષ રીતે તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી લાખો કૃષ્ણભક્તોએ દિવ્ય દર્શનને નિહાળી ભાવવિભોર થયા હતા.

# દ્વારકામાં શ્રીકૃષ્ણનું બાલ સ્વરૂપ જ્યાં સ્નાનાર્થે પધારે છે તે કૃકલાશ કુંડમાં ગંદકીની સમસ્યા અંગે ‘રાવ’

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણના બાલ સ્વરૂપ દર વર્ષે શ્રાવણ સુદ એકાદશીએ વાજતે ગાજતે સ્નાનાર્થે પધારે છે તે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં અને યાત્રાધામમાં આવેલ પ્રમુખ ચાર કુંડ પૈકીના કૃકલાશ કુંડમાં હાલ જાળવણીના અભાવે વ્યાપક ગંદકી જોવા મળી રહી છે. દ્વારકાધીશ જગતમંદિરથી અડધા કિમીના અંતરે જ આવેલ ઐતિહાસિક ધરોહર સમા કૃકલાશ કુંડની જાળવણીના અભાવે અહીં વ્યાપક ગંદકી ફેલાઈ હોય તેમજ



અહીં સૂર્યદેવ, રાંદલ માતા સહિતના પૌરાણિક મંદિર હોય અહીં ફેલાયેલ ગંદકીને લીધે હિન્દુ સનાતનધર્મીની આસ્થાને ઠેસ પહોંચતી હોય દ્વારકાના સામાજિક કાર્યકર ધવલભાઈ દાવડા દ્વારા દ્વારકા પ્રાંત કચેરીએ કૃકલાશ કુંડની ગંદકી તાત્કાલીક ધોરણે દૂર કરવા માટે રજૂઆત કરાઈ છે.

# ચેક રિટર્ન કેસમાં આરોપીને જેલ

**અબતક, જામનગર**

જામનગરનાં કલ્યાણજીનો ચોક માં રહેતા કિશનભાઈ હરીશભાઈ ચાવડાએ પોતાની અંગત જરૂરીયાત માટે પવન ચકકી, કિશન ચોક પાસે, રહેતા અંકીતભાઈ કેતનભાઈ નંદા પાસે થી સંબધ દાવે હાથ ઉછીના રૂ.૫૫,૦૦૦ મેળવ્યા હતા. જે રકમ ની ચુકવણી કરવા કિશનભાઈ હરીશભાઈ ચાવડા એ અંકીતભાઈ કેતનભાઈ નંદાને ચેક આપ્યો હતો.જે ચેક અપુરતુ ભંડોળ નાં કારણે પરત ફર્યો હતો. તેથી ફરીયાદી અંકીતભાઈ કેતનભાઈ નંદા એ જામનગર ચીફ.જયુડી.મેજી. ની કોર્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ-૧૩૮ હેઠળ ફરીયાદ દાખલ કરી હતી.

જે એડી.ચીફ. જયુડી.મેજી. શ આર.બી. ગોસાઈ ની કોર્ટમાં ચાલી જતા ફરયાદી તરફે રજુ થયેલ મોખીક દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ આરોપી કિશનભાઈ હરીશભાઈ ચાવડાને એક વર્ષ ની જેલ સજા ત્થા ચેક ની રકમ રૂપીયા પંચાવન હજાર નો દંડ કરી જે દંડ ની રકમ ફરિયાદીને વળતર સ્વરૂપે ચુકવવા હુકમ કરેલ છે.

ફરિયાદી તરફે વકીલ તરીકે અશોક એસ. ગાંધી રોકાયા હતા.

# દીકરીઓને ભણી-ગણી પરિવાર અને દેશનું નામ રોશન કરવા નિમિત બનવું જોઇએ: અજયસિંહ જાડેજા

## કન્યાઓને ભણતર અને ઘડતરના પાઠ શીખવનાર સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલનો ૯૦મો સ્થાપના દિવસ ઉજવાયો

**અબતક, જામનગર**

જાન્યુઆરી, સમગ્ર વિશ્વના શિક્ષણક્ષેત્રે ક્રાંતિ લાવનાર ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણજીએ યથાર્થ કહ્યું છે કે,‘‘ઉંચો ધ્યેય પહેલી સિદ્ધિ, અતૂટ શ્રદ્ધા બીજી સિદ્ધિ, પ્રયત્નશીલ રહેવું ત્રીજી સિદ્ધિ અને શક્તિનો ઉપયોગ કરવો એ ચોથી સિદ્ધિ.‘‘ ઉપરોક્ત વિચારસરણીને વરેલી જામનગર જિલ્લાની સરકારી શાળા પૈકી ઐતિહાસિક વારસો ધરાવતી તેમજ દાયકાઓથી સૌરાષ્ટ્રભરની કન્યાઓના ભણતર, ગણતર અને ઘડતરને પ્રોત્સાહન આપનારી અને રાજાશાહી વારસાની



પ્રતીક તેમજ કન્યા કેળવણીના વિરાટ વટવૃક્ષ સમાન માતૃ સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલની તા.૧૧-૦૧-૨૦૨૫ શનિવારના રોજ ૯૦માં સ્થાપના દિવસની ઉત્સાહ અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી.તા.૧૨ જાન્યુઆરી ૧૯૩૬ ના રોજ નવાનગર સ્ટેટના રાજવી જામ દિગ્વિજયસિંહજીના વરદ હસ્તે પ્રારંભ કરવામાં આવેલ શાળાની આ ઉજવણીમાં વિદ્યાર્થીનીઓ દ્વારા શાળાનો ઈતિહાસ અને સ્વામી વિવેકાનંદ વિશે વકતવ્ય, શિવ તાંડવ નૃત્ય, હેલ્લારો નૃત્ય તેમજ ઉત્કૃષ્ટ રીતે સ્વ રચિત કાવ્ય પઠન રજૂ કરવામાં આવ્યા હતા.

પ્રાસંગિક ઉદબોધન દરમિયાન શાળાના આચાર્યા બીનાબેન દ્વારા શાળાની આગાવી સિદ્ધિ અને માહિતી રજૂ કરવામાં આવી હતી જ્યારે જિલ્લા શિક્ષણાધિકારી વિપુલ મહેતા દ્વારા શિક્ષણની ચિંતનાત્મક વાત રજૂ કરવામાં આવેલ.સાથો સાથ જામનગર યુવરાજ અજયસિંહજી જાડેજાએ વિદ્યાર્થીનીઓને શિક્ષણનું મહત્વ અને શાળાનું મહત્વ સમજાવી આગળ અભ્યાસ ક્ષેત્રે પ્રગતિ કરે તેવી પ્રેરણા આપી હતી.અને વિદ્યાર્થીનીઓ પોતાની કારકિર્દી ઉત્તમ બનાવી સફળ થાય અને પોતાના માતા-પિતા, કુટુંબ, સમાજ, શાળા તેમજ જામનગરનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

જામનગર શહેરના પ્રાચીન વારસા અને વૈભવના પ્રતીક સમાન કન્યા કેળવણી આપતી શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે નવાનગર સ્ટેટના યુવરાજ અને પૂર્વ ક્રિકેટર અજયસિંહજી જાડેજા, અતિથિ વિશેષ તરીકે જિલ્લા શિક્ષણાધિકારી વિપુલભાઈ મહેતા, શાળાના વય નિવૃત ગુરૂજનો, શાળાના આચાર્યા, શાળાનો સ્ટાફ પરિવાર અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી.તેમજ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સર્વે સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીનીઓ દ્વારા જહેમત ઉઠાવાઈ હતી.

ગુજરાત સરકાર

# ગુજરાત

## જ્યાં વિચારો વૈશ્વિક સફળતામાં પરિણમે છે





### ગુજરાતમાં રોકાણ કરવાના 7 કારણો

**01 ઈકોસિસ્ટમ**

- અવિરત વીજળી, ગૅસ અને પાણી પુરવઠો
- 200+ દેશો માટેનું પ્રવેશદ્વાર
- 230થી વધુ ઔદ્યોગિક વસાહતો અને 3 કાર્યરત SIRs
- 49 બંદરો, 4 આંતરરાષ્ટ્રીય સાથે 19 એરપોર્ટ્સ

**02 પ્રૉએક્ટિવ ગવર્નમેન્ટ**

- 200+ મલ્ટિ-ડિપાર્ટમેન્ટલ મંજૂરી માટે સિંગલ વિન્ડો
- રોકાણકારોની સુવિધા માટે સમર્પિત સંસ્થા
- MSMEsને મંજૂરી માટે 3 વર્ષની મુક્તિ

**03 ક્ષેત્રીય આગેવાની**

- કેમિકલ, ફાર્મા, ટેક્સટાઇલ્સ, સિરામિક્સ અને ઑટોમોટિવ જેવાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી
- સેમિકન્ડક્ટર, ઇવી અને ફિનટૅક જેવાં ઉભરતાં ક્ષેત્રો માટે વ્યૂહાત્મક ફ્રેમવર્ક
- કુશળ માનવબળની ઉપલબ્ધતા

**04 નીતિ આધારિત અભિગમ**

- 20થી વધુ ક્ષેત્ર માટે વિશિષ્ટ નીતિઓ

**05 ફ્યૂચરિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર**

- DREAM City, Dholera SIR, MBSIR અને PCPIR જેવાં મેગા પ્રૉજેક્ટ્સ સાથે અગ્રણી
- ભારતની પ્રથમ હાઇસ્પીડ રેલ પ્રૉજેક્ટ કાર્યરત
- GIFT City: વૈશ્વિક નાણાકીય સેવા માટે ભારતનું પ્રથમ સ્માર્ટ સિટી

**06 સસ્ટેનેબિલિટી**

- વિશ્વનું ગ્રીન હાઇડ્રોજન કેપિટલ બનવા માટે સજ્જ
- પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતામાં અગ્રેસર રાજ્ય
- પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રૉજેક્ટ્સ માટે માન્ય NA જમીન

**07 ઇઝ ઑફ લિવિંગ**

- ઇઝ ઑફ લિવિંગની યાદીના ટોપ-10માં 4 શહેરો સાથે સૌથી સુરક્ષિત રાજ્યોમાં એક
- વૈશ્વિક સ્તરની આરોગ્ય સુવિધાઓ
- વૈશ્વિક સ્તરની સ્પોર્ટ્સ તથા મનોરંજક સુવિધાઓ
- વ્યાપક અને ઉત્તમ રીતે રીતે જોડાયેલ જાહેર પરિવહનની સુવિધા

**ગુજરાતની અસીમિત સંભાવનાઓમાં સમગ્ર વિશ્વ કરી રહ્યું છે રોકાણ**

ગુજરાત એટીએસએ ઝડપેલા એક હજાર કરોડના ડ્રગ્સનો મામલો

# અમદાવાદના બે શખ્સો નાણાં હવાલાથી દુબઈ મોકલતા હોવાનો ઈડીની તપાસમાં ખુલાસો

## કાઝી અબ્દુલ વદૂદ, રાઝી હૈદર ઝૈદી અને તેના સાગરિતો સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કેસ દાખલ

**અબતક, રાજકોટ**

ગુજરાત એટીએસએ પકડેલા ૧૦૩૯ કરોડના હેરોઈનની હેરાફેરીની તપાસમાં મોટો ઘટસ્ફોટ થવા પામ્યો છે. ઈડીની તપાસમાં બે શખ્સોંના નામ ખુલવા પામ્યાં છે જે હવાલા મારફત નાણાં દુબઈ મોકલતા હતા. ઈડીએ આ બંને શખ્સોં વિરુદ્ધ અમદાવાદની સ્પેશિયલ કોર્ટમાં મનીલોન્ડરિંગ હેઠળ ચાર્જશીટ ફાઈલ કરી છે.ઈડીની અમદાવાદ ઝોનલ ઓફિસે કાઝી અબ્દુલ વદૂદ અને રાઝી હૈદર ઝૈદી અને તેના સાગરિતો સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કેસ દાખલ કર્યો છે. ઈડીએ તેમના નિવેદનમાં જણાવ્યું કે, આ ફરિયાદનું સંજ્ઞાન લીધું છે.

ઈડીએ આ કેસની તપાસ ગુજરાત એટીએસએ અહમદ અલી સામે દાખલ કરેલી ફરિયાદને આધારે શરૂ કરી છે. અહમદ અલી તથા અન્યો પર ડ્રગ ટ્રાફિકિંગનો આરોપ છે. તેની સાથે સાથે રાઝી હૈદર ઝૈદી અને તેના સાગરિતો સામે પણ બે ચાર્જશીટ ફાઈલ કરી છે.ઈડીની તપાસમાં સામે આવ્યું કે, બે મુખ્ય સૂત્રધાર વદુદ અને ઝૈદી વર્ષ ૨૦૨૦થી ડ્રગ્સની હેરાફેરીમાં સંકળાયેલા છે. ડ્રગ્સ ટ્રાફિકિંગમાંથી મેળવેલા પૈસા બેંકિંગ અને હવાલા દ્વારા દુબઈમાં રહેતા વદુદને મોકલવામાં આવતા હતા. હાલ આ કેસની વધુ તપાસ કરવામાં આવી રહી છે.

અમદાવાદ ઝોનલ ઓફિસના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ એક પ્રેસ રિલીઝમાં જણાવાયું છે કે, ગુરુવારે અમદાવાદની સ્પેશિયલ કોર્ટ (પીએમએલએ) સમક્ષ કાઝી અબ્દુલ વદુદ, રાઝી હૈદર અને તેમના સહયોગીઓ વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ), ૨૦૦૨ ની જોગવાઈઓ હેઠળ એટીએસ ગુજરાત દ્વારા રૂ. ૧૦૩૯.૭૨ કરોડ (આશરે) મૂલ્યના ૨૦૦ કિલો હેરોઈન જપ્ત કરવા સંબંધિત ચાલી રહેલી તપાસમાં ફરિયાદ નોંધાવી છે.

કોર્ટે ૧૬.૦૧.૨૦૨૫ ના રોજ પીસીની નોંધ લીધી છે. ડ્રગ હેરફેરમાં કથિત સંડોવણી બદલ એટીએસ, ગુજરાત દ્વારા નોંધાયેલી એફઆઈઆરના આધારે ઈડીએ રાઝી હૈદર ઝૈદી અને અન્ય લોકો વિરુદ્ધ તપાસ શરૂ કરી હતી. વધુમાં એટીએસ ગુજરાતે રાઝી હૈદર ઝૈદી અને અન્ય લોકો સામે ડ્રગ હેરફેરમાં સંડોવણી બદલ આરોપી તરીકે બે ચાર્જશીટ દાખલ કરી હતી, એમ રિલીઝમાં ઉમેર્યું હતું.

ઈડીની તપાસમાં જાણવા મળ્યું છે કે, રાઝી હૈદર ઝૈદી અને કાઝી અબ્દુલ વદૂદ વર્ષ ૨૦૨૦ થી ડ્રગ્સની હેરાફેરીમાં કથિત રીતે સંડોવાયેલો છે. ઈડીની તપાસમાં આગળ જાણવા મળ્યું છે કે, ઉક્ત ડ્રગ્સની હેરાફેરીમાંથી મળેલી ગુનાની રકમ રઝી હૈદર ઝૈદી દ્વારા બેંકિંગ ચેનલો તેમજ હવાલા ચેનલો દ્વારા દુબઈમાં રહેતા કાઝી અબ્દુલ વદૂદને મોકલવામાં આવી હતી.વધુ તપાસ ચાલુ છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

---

ઉનાઃ મહિલા તબીબ અને તેના પતિનો અંગત પળોનો

# વીડિયો વાયરલ કરવાની ધમકી આપવામાં વધુ ત્રણ પકડાયા

## દંપતિને વીડિયો દેખાડી રૂપિયા પડાવવામાં અગાઉ કહેવાના પત્રકારની ધરપકડ કરી'તી

**અબતક, ઉના**

ઊનાની મહિલા તબીબ અને તેમના પતિની અંગત પળો નો વિડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા પડાવવાના ગુનામા વધુ ત્રણ આરોપીઓને ઊના પોલીસે પકડી પાડયા ધરપકડનો આંક ચાર થયો મુખ્ય આરોપી પોલીસ પહોંચની બહાર છે.

ઊના શહેરમાં મહિલા તબીબ અને તેમના પતિનો અંગત પળોનો એક વિડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા પડાવવાનો ગુનો મહિલા તબીબ એ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમા નોંધાવેલ હતો જેની તપાસ ઊના પોલીસ કરી રહી છે જેમાં ગત તા.૮/૧/૨૫ના રોજ ગીર સોમનાથ જિલ્લાની ક્રાઈમ બ્રાન્ચે જૂનાગઢમાંથી જૂનાગઢના યુટ્યુબ ચેનલના પત્રકાર મનીષભાઈ અરસીભાઈ ડાકીને પકડી ઊના પોલીસને સોપેલ હતો જેની ચાર દિવસની રિમાન્ડ ઊના પોલીસે મેળવી માહિતી મેળવી હતી. ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણા અને ઊના પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફએ આ ગુનામાં સંડોવાયેલ અને વિડિયો ઉતારવામા મદદ કરનાર આરોપી મહમદ હુશેન ઉર્ફે મમલી રફીકભાઈ સોરઠીયાની પૂછપરછ કરતા તેમણે પોલીસ ને જણાવેલ કે તે અને તેમના અલ્તમસ રફીકભાઈ કુરેશી ઉપલા રહીમ નગર અને સાહિલ મન્સુરભાઈ મન્સૂરીએ મળી આ મહિલા તબીબ દંપતીનો અંગત પળોનો વીડિયો ખાનગીમા ઉતારી આ વીડિયો મણીરાજ ચાદોરાને આપેલ અને મણીરાજ ચાદોરાએ આ વીડિયો મહિલા તબીબ દંપતીને બતાવી બ્લેક મેલ કરી રૂપિયા પડાવવા વિડિયો વાયરલ કરવા ધમકી આપી હતી. પોલીસે આ ત્રણ આરોપીને પકડી પાડી વધુ તપાસ કરી રહી છે. અત્રે એ ઉલ્લેખનીય છે. આ ગુનાનો આરોપી મણીરાજ ચાદોરા હજુ પોલીસ પકડ થી દુર છે. આમ પોલીસે આ ગુનાના કુલ ચાર આરોપીને પકડી પાડ્યા છે.



---

# અંજારમાં માતા-પુત્રનાં શંકાસ્પદ મોત

## મોતનું કારણ જાણવા મૃતદેહનું ફોરેન્સીક કરાયું



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજારની ગુરુકુળ સોસાયટીમાં મુક્તાબેન દિલીપ જોશી (ઉ.વ. ૭૦) અને તેમના પુત્ર ભાવેશ દિલીપ જોશી (ઉ.વ. ૩૯)ની ભેદી સંજોગોમાં ઘરમાંથી લાશો મળી આવતાં ભારે અરેરાટી પ્રસરી હતી

અંજારની ગુરુકુળ સોસાયટીમાં ગઈકાલે ઢળતી બપોર પહેલાં માતા-પુત્રનાં મોતનો બનાવ બન્યો હતો. અહીં રહેનાર અપરિણીત એવો ભાવેશ જોશી નામનો યુવાન સવારે પાલિકામાં પંપ ઓપરેટર તથા રાત્રે હોમગાર્ડની નોકરી કરતો હતો. આ મકાનમાં માતા-પુત્ર એકલા રહેતા હતા અને ડાયાબિટીસ સહિતની બીમારીઓથી ઘેરાયેલા તથા પથારીવસ રહેતા માતાની આ યુવાન સેવા-ચાકરી કરતો હતો. આસપાસ રહેતા અન્ય મહિલા વૃદ્ધ પાસે આવતા અને દરવાજો બંધ હોવાથી તથા અંદરથી દુર્ગંધ આવતાં અન્ય લોકોને જાણ કરાઈ હતી. લોકોએ તપાસ કરતાં માતા-પુત્રની લાશ મળી આવી હતી. આ બન્નેનું ભેદી સંજોગોમાં મોત થયું હતું. તપાસકર્તા પી.એસ.આઈ. જી. ડી. ગઢવીએ જણાવ્યું હતું કે, પહેલા મુક્તાબેનનું મોત થયું હોવાનો અંદાજ છે. માતાના મોત બાદ પુત્રએ અંતિમ પગલું ભરી લીધું હતું કે શું ? તે સહિતની વિગતો માટે પોલીસે લાશના વિશેરા લઈ પૃથક્કરણ અર્થે મોકલાવ્યા છે, ત્યાંથી અભિપ્રાય આવ્યા બાદ સાચી હકીકત બહાર આવશે તેવું અંજાર પીએસઆઇ ઘનશ્યામ દાન ગઢવી જણાવ્યું હતું ઉમેર્યું હતું.

---

# ગોંડલ મારામારીના કેસમાં આરોપીઓને ત્રણ વર્ષની કેદ

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલનાં ગુંદાળારોડ પર ગત તા.૧૬ ડીસેમ્બર નાં કાલંભણીનાં દુધનો વ્યવસાય કરતા ચારણ ગઢવી પર ત્રણ શખ્સોએ લાકડી અને લોખંડનાં પાઈપ વડે હુમલો કરવાની ઘટનામાં અદાલતે ત્રણેય શખ્સોને કસુરવાન ગણી દંડ તથા ત્રણ વર્ષની કેદની સજા ફટકારી છે.

પ્રાપ્ત વિગત મુજબ કાલંભણી ગામના અરશીભાઈ લાલજીભાઈ માલાણી ચારણ ગઢવી તા.૧૬ ડીસેમ્બર ૨૦૨૦ના રોજ પોતાની મહેન્દ્રા ગાડી લઈને ગોંડલ દુધ આપી, પરત તેઓના ગામ જતા હતા ત્યારે બપોરના ગુંદાળા રોડ પર ખેડુત ડુંગળીના કારખાના પાસે પહોંચતા, ત્યા મોટર સાયકલો લઈને જેતપુરનાં રૂપાવટી ગામનાં કલીયાણ ઉર્ફે કિલાણ કરમણભાઈ નાકરાણી ગઢવી તેનો ભાઈ ગોવીંદભાઈ તથા જેતલસરના દેવાયતભાઈ દેવજીભાઈ ગઢવી અને જામકાનાં નારણભાઈ દેવરાજભાઈ ગઢવી આડા ફરી તેઓના હાથમાં રહેલ કુંડળીવાળી લાકડીઓ તથા લોખંડના પાઈપથી અરશીભાઈ લાલજીભાઈને ડાબા હાથે તથા માથામાં તથા શરીરમાં માર મારતા ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલ ખસેડાયા હતા. બનાવ અંગે અરશીભાઈએ ગોંડલ તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. જેની તપાસ હેડ કોન્સ્ટેબલ એમ.જી.જાડેજાએ કરી અને તેને આરોપીઓને પકડી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. જે અંગેનો કેસ ગોંડલની ચીફ કોર્ટના જજ સાહેબ એમ.એસ.દવેની કોર્ટમાં ચાલી જતા, ફરીયાદ પક્ષે લીધેલા સાક્ષીઓ તથા ફરીયાદ પક્ષે સરકારી વકીલ જગદીશ એમ શખનપરાએ હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના રજુ કરેલા જજમેન્ટો ધ્યાને લઈ તમામ આરોપીઓને ત્રણ વર્ષની તથા દંડની સજા કરવામાં આવેલ છે.

---

# ગોંડલ સરાજાહેર હુમલો કરનાર બે શખ્સોની 'સરભરા'

## ચાર શ્રમિકને છરી ઝીંકીઃ પોલીસે ત્વરીત કામગીરી કરી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલમાં નજીવી બાબતે કડિયા લાઈનમાં અજાણ્યા બાઈક ચાલકે ચાર યુવાનોને છરી મારી ઈજાગ્રસ્ત કરવાની સનસનીખેજ ઘટનામાં પોલીસે બે શખ્સોને જડપી લઈ આગવી સરભરા કરી કાયદાનુ ભાન કરાવ્યુ હતુ.

ટ્રાફિકથી ધમધમતા કડીયાલાઈન વિસ્તાર માં સરાજાહેર બનેલી ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ કડિયા લાઈનમા એસબીઆઈ બેંક ની સામે ઉમવાળા ચોકડી પાસે રહેતો મજૂર પરિવાર ઠાકુર ડીટ્યા સીંગડ ઉ.૨૨, કૈલાશ ડીટ્યા સીંગડ ઉ.૧૬,કમલેશ બહાદુર મીનામા ઉ.૨૫ તથા સાગર રામસિંગ ભુરીયા ઉ.૧૬ પગપાળા જઈ રહ્યા હતા. તે દરમિયાન પસાર થઈ રહેલા અજાણ્યાં બાઈક ચાલક નું બાઈક અડી જતા મજૂર પરિવારે જોઈને ચલાવવાનું કહેતા બાઈક ચાલકનો પીતો છટકતા ભરબજારે ૪ જેટલા યુવાનોને છરી મારી દીધી હતી.

ઘટના બાદ ચારેય યુવાનોને સારવાર અર્થે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.એક યુવાન ને પડખાના ભાગે, બે યુવાનોને હાથમાં અને એકને કપાળના ભાગે છરી લાગી હતી ચારેય યુવાનોને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેમાં પડખાના ભાગે ઈજા થનાર સાગર ભુરીયાને વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

બનાવને પગલે અ ડિવિઝન પોલીસના ડ્શ આનંદ ડામોર, ડ્જ્ઈ જાડેજા, સર્વેલન્સ સ્ટાફ અને કઈઈ બ્રાન્ચ ઘટના સ્થળે પોહચી હતી. પોલીસે ઈઈઝટ આધારિત તપાસ કરી શ્રમિક યુવાનો પર હુમલો કરનાર સાંઢીયાપુલ પાસે રહેતા રાહુલ રાજુભાઈ ડોડીયા ઉ.૨૦ તથા વોરકોટડા રોડ આવાસ ક્વાર્ટર માં રહેતા ઉમંગ રમેશભાઈ ગૌસ્વામી ઉ.૨૪ ને જડપી લઈ આગવી સરભરા કરી લુખ્ખાગીરીની ખો ભુલાવી દીધી હતી. રાહુલ વાહનચોરી તથા ઉમંગ મારામારી માં અગાઉ પોલીસ ચોપડે ચડી ચુકયા છે.



---

# કમલેશ શાહના એકમો પર દરોડાનો મામલો આવકવેરા વિભાગે આંતરરાજ્ય તપાસ આરંભી

## દિલ્હી, ચેન્નાઇ, રાંચી, મુંબઈ, ભીલવાડામાં પણ શાહ દંપતીની સંપતી હોવાનો ખુલાસોઃ સીબીડીટીની દેખરેખમાં તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં આવક વેરા વિભાગે કમલેશ શાહની માલિકીની અલગ અલગ મિલ્કતો પર દરોડો પાડ્યા આ મામલે દરરોજ નવા નવા બણગા ફૂટી રહ્યા છે. એકતરફ કમલેશ શાહની વિરુદ્ધની તપાસના સીબીડીટીએ ઝંપ્લાવ્યુ છે જ્યારે બીજી બાજુ શાહની સંપત્તિ ફક્ત ગુજરાત જ નહિ પરંતુ દિલ્હી, ચેન્નાઈ, રાંચી, રાજસ્થાનમાં હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદ શહેરના સાયન્સ સીટી રોડ પર રહેતા કમલેશ રંજનીકાંત શાહ વિરુદ્ધ જેટલાં દરોડા પાડવામાં આવ્યા તેમાં મોટાભાગના દરોડા વખતે પહોંચી જઈને પકડાયેલી રોકડ તેમની હોવાનો કલેઈમ કરતા હતા. કમલેશ શાહની આ મોડસ ઓપરેન્ડી અમદાવાદમાં જ નહીં સમગ્ર ગુજરાત, દિલ્હી, ચેન્નાઈ, રાચી, મુંબઈ જેવી અનેક જગ્યાએ તેમણે રોકડા તેમના હોવાનો કલેઈમ કર્યો હતો. આ હકીકતને ધ્યાનમાં લઈને જ ઈન્કમટેકસ વિભાગે તેમને ત્યાં તેમ જ તેમની સાથે સંકળાયેલા લોકોને ત્યાં દરોડાની કાર્યવાહી હાથ ધરી રોકડ, દાગીના સહિતની વસ્તુઓ કબજે કરીને તપાસ આગળ ચલાવી હતી. આ તપાસ દેશના અન્ય રાજ્યો સુધી લંબાતા સીબીડીટીની દેખરેખ હેઠળ તપાસ ચાલી રહી છે.

અમદાવાદ ઈન્કમટેકસ ડિપાર્ટમેન્ટે તાજેતરમાં પહેલી વખત નવીન પ્રકારની મોડસ ઓપરેન્ડી આચરતા એકમો અને તેમના સંચાલકો પર દરોડા પાડ્યા છે. શુક્રવાર સવારે શહેરમાં ૧૫ જગ્યાઓ પર ડિપાર્ટમેન્ટના ૬૦થી ૭૦ અધિકારીઓ આ દરોડામાં જોડાયા છે. ઈન્કમટેકસના દરોડા દરમિયાન મળતી રોકડ રકમ માટે અમદાવાદના સાયન્સ સિટી રોડ પર રહેતા કમલેશ રંજનીકાંત શાહ પહોંચી જઈને તે રોકડ તેમની અથવા તેમની કંપનીની હોવાનો કલેઈમ કરતા હતા.

સામાન્ય રીતે ઈન્કમટેકસ ડિપાર્ટમેન્ટ સર્ચ કરે અને ત્યાંથી મળેલી રોકડ રકમ માટે કોઈ દાવો કરતું નથી પરંતુ શહેરના સાયન્સ સીટી રોડ પર રહેતા કમલેશ રંજનીકાંત શાહ દરેક દરોડા વખતે પહોંચી જઈને પકડાયેલી રોકડ તેમની હોવાનો કલેઈમ કરતા હતા. કમલેશ શાહની આ મોડસ ઓપરેન્ડી અમદાવાદમાં જ નહીં સમગ્ર ગુજરાત, દિલ્હી, ચેન્નાઈ, રાચી, મુંબઈ જેવી અનેક જગ્યાએ તેમણે રોકડા તેમના હોવાનો કલેઈમ કર્યો હતો. ઈન્કમટેકસ ડિપાર્ટમેન્ટે ગુજરાત, દિલ્હી, ચેન્નાઈ, રાચી, મુંબઈમાં કમલેશ રંજનીકાંત શાહએ કલેઈમ કરેલી બોગસ મોડસ ઓપરેન્ડી પકડવા માટે દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. કમલેશ રંજનીકાંત શાહ, મીના કમલેશકુમાર શાહ, દેવાંગ જગદીશ વ્યાસ, ગોરાંગ પંચાલ, રમેશભાઈ ઠક્કર, એન.આર એન્ડ કંપની ઉપર દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. અમદાવાદના સાયન્સ સિટી રોડ પર આવેલા કમલેશ રંજનીકાંત શાહના અને પ્રગતીનગરમાં આવેલા ગૌરાંગ પંચાલના રહેઠાણ પર ઈન્કમટેકસના અધિકારીઓના દરોડા પાડ્યા હતા. આ ઉપરાંત સી.જી. રોડ પર આવેલી એન.ડી. ગોલ્ડની ઓફિસ તેમજ રતનપોળમાં આવેલી એન.આર એન્ડ કંપનીમાં દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

---

# ચોટીલાઃ ડુપ્લીકેટ યુરીયા ખાતરનું વેચાણ કરતા ત્રણ શખ્સો ઝડપાયા

## પોલીસે દરોડો પાડી નકલી ઓઈલ યુરિયાનો જથ્થો કબ્જે કર્યો

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ચોટીલા પોલીસે હાઈવે પર આવેલ અલગ-અલગ હોટલના કંમ્પાઉન્ડમાંથી પ્રતિષ્ઠિત યુરીયા કંપનીના ટ્રેડમાર્ક સ્ટીકરનો ઉપયોગ કરી નકલી ઓઈલ યુરીયાનું વેચાણ કરતા ત્રણ શખ્સોને રોકડ સહિતના મુદ્દામાલ સાથે જડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહારાષ્ટ્ર ખાતે રહેતા અને ઈઆઈપીઆર ખાનગી કંપનીમાં તપાસણી અધિકારી તરીકે ફરજ બજાવતા ફરિયાદી પરશુરામ સુખદેવ કારડેની કામગીરી ટાટા ડીઈએફ (યુરીયા) કંપની દ્વારા અલગ-અલગ ઓઈલની કંપનીઓ સાથે કરેલ કરાર મુજબ જો કોઈ વ્યકિત કંપનીનો કોપીરાઈટ કરી તેનો બિનઅધિકૃત માલ બનાવી વેચાણ કે સંગ્રહ કરતા હોવાનું જણાઈ આવે તો સ્થાનીક પોલીસની મદદથી કાર્યવાહી ચોટીલાથી સાયલા તરફ જતા હાઈવે પર આવેલ ત્રણથી ચાર હોટલોના કંમ્પાઉન્ડમાં ગેરકાયદે રીતે ટાટા ડીઈએફ (યુરીયા) કંપનીના ટ્રેડમાર્ક સ્ટીકરનો ઉપયોગ કરીને ઓઈલનો (યુરીયા)નો વેચાણ થતું હોવાનું ધ્યાને આવતા પોલીસને સાથે રાખી આ અંગે રેઈડ કરી હતી. જે દરમ્યાન હાઈવે પર આવેલ અલગ-અલગ હોટલોમાંથી ટાટા ડીઈએફ યુરીયા કંપનીના ટ્રેડમાર્ક સ્ટીકરનો ઉપયોગ કરી ડુપ્લીકેટ ઓઈલ યુરીયાનું વેચાણ કરતા ત્રણ શખ્સો (૧) મુકેશકુમાર બેહનારામ, કિર્તારામ કાલુરામ, જોગારામ જેહારામને ડુપ્લીકેટ ઓઈલ યુરીયા ભરેલ ડોલ નંગ-૫ કિંમત રૂા.૫,૦૦૦, ખાલી ડોલ, પાઈપ, નોજલ સહિત કુલ રૂા.૫,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. જે અંગે કંપનીના અધિકારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

# શાપર-વેરાવળઃ બે માર્ગ અકસ્માતમાં પ્રૌઢ સહિત બેના મોત

## ટ્રકની હડફેટે રાજકોટના આધેડનું અને ભારે વાહનની ઠોકરે અજાણ્યા યુવાનનું મોત

**અબતક,રાજકોટ**

રાજકોટ-ગોંડલ હાઈવે પર દિન પ્રતિદિન અકસ્માતના સતત બનાવો વધી રહ્યા છે પુર ઝડપે દોડી રહેલા વાહનો નિર્દોષ લોકોને મોતના મુખમાં ધકેલી રહ્યા છે. ત્યારે વધુ બે હિટ એન્ડ રનનાં બનાવ સામે આવ્યા છે. જેમાં રાજકોટથી ગોંડલ તરફ નેશનલ હાઈવે પર આવેલા ટોયોટા શો રૂમની સામે ટ્રક ચાલકે રાજકોટમાં બાઈક સવાર પ્રૌઢને અડફેટે લેતા મોત નિપજયાનો બનાવ અને શાપર નજીક ગંગા ગેઈટ સામે ટ્રક ચાલકે અજાણ્યા યુવકને ઠોકરે લેતા તેનું કરૂણ મોત થયાનો બનાવ શાપર પોલીસ મથકમાં નોંધાયો છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજકોટમાં આફ્રિકા કોલોની, નવકાર-૪માં રહેતા રાજેશભાઈ જયંતીલાલ શેઠ નામના પ્રૌઢ ગઈકાલે એકાઉન્ટના કામ સબબ તેનું એકટીવા લઈ શાપર જતા હતા ત્યારે રાજકોટ ગોંડલ નેશનલ હાઈવે પર આવેલા ટોયોટા શો રૂમની સામે પહોચ્યા ત્યારે જી.જે. ૩ બી વાય ૨૬૧૫ નંબરના ટ્રક ચાલકે એકટીવા ચાલક રાજેશભાઈને અડફેટે લઈ ચાલક નાશી ગયો હતો.

અકસ્માતને લઈ રાજેશભાઈના બંને પગ કપાઈ જતા તેઓનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતુ. બનાવની જાણ શાપર પોલીસને કરતા પી.એસ.આઈ. જી.બી.જાડેજા સહિતનો સ્ટાફ બનાવ સ્થળે પોચી રાજેશભાઈના મૃતદેહન રાજકોટ સરકારી હોસ્પિટલે પી.એમ. અર્થે ખસેડયો હતો. શાપર પોલીસે મૃતકના પુત્ર અક્ષતભાઈની ફરિયાદ નોંધી ટ્રક ચાલકની શોધખોળ હાથ ધરી છે.

જયારે અન્ય બનાવમાં ગોંડલ રાજકોટ નેશનલ હાઈવે પર ગંગા ગેઈટ સામે અજાણ્યા વાહન ચાલકે અજાણ્યા યુવકને ઠોકરે લેતા ગંભીર ઈજા થતા તેનું ઘટના સ્થળે મોત નિપજયું હતુ.

બનાવની જાણ શાપર પોલીસને કરતા પી.એસ.આઈ. જી.બી. જાડેજા સહિતના સ્ટાફ બનાવ સ્થળે પહોચી અજાણ્યા યુવાનના મૃતદેહને પી.એમ. અર્થે હોસ્પિટલે ખસેડયો હતો. શાપર એ.એસ.આઈ. મુકેશભાઈ ચૌહાણે અજાણ્યા વાહન ચાલક સામે શાપર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. શાપર પોલીસે અજાણ્યા વાહન ચાલકની શોધખોલ હાથ ધરી છે.

---

# ચોટીલાઃ નાવા ગામે તરૂણીનો આપઘાત

**અબતક, રાજકોટ**

ચોટીલાના નાવા ગામે રહેલી જીલુબેન નાગરભાઈ ડેડાણીયા નામની તરૂણીએ ઘરમાં પરિવારજનો હતા નહી ત્યારે કોઈ અગમ્ય કારણોસર એસીડ પી જીંદગી ટુંકાવી લીધાનો બનાવ ચોટીલા પોલીસમાં નોંધાયો છે. બનાવનાં પગલે ચોટીલ પોલીસ ઘટના સ્થળે પહોંચી જીલુબેનના મૃતદેહને રાજકોટ સરકારી હોસ્પિટલે પી.એમ. અર્થે ખસેડેલ હતો. ચોટીલા પોલીસે તરૂણીએ શા માટે આપઘાત કર્યો વગેરેની પુછપરછ હાથ ધરી છે.

---

# ધ્રાંગધ્રાઃ શેરીમાં નિકળવા બાબતે યુવાન ઉપર હુમલો

## ચાર શખ્સો સામે નોંધાતો મારામારીનો ગુનો

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાના રેલવે સ્ટેશન વિસ્તારમાં મિત્રને મળવા ગયેલ યુવાન સાથે શેરીમાં નીકળવા બાબત શખ્સે બોલાચાલી કરી ચાર શખ્સો દ્વારા યુવાન ઉપર લાકડી વડે હુમલો કરી માર મારી પગે ફેક્ચ જેવી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ધાંગધ્રા સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે

ધ્રાંગધ્રા શહેરમાં રહેતા આવેશભાઈ સલીમભાઈ મોવર ધાંગધ્રા રેલવે સ્ટેશન વિસ્તારમાં પોતાના મિત્રને મળવા ગયેલા હતા ત્યારે મિત્ર નહી હોવાથી પરત આવતી હતા રસ્તામાં એક યુવાને ને ઉભો રાખી શેરીમાં નીકળવા બાબતે બોલાચાલી કરી હતી આમ બોલાચાલી ઉગ્ર બનતા અન્ય ત્રણ શખ્સો લાકડી જેવા હથિયારો સાથે આવી યુવાન ઉપર હુમલો કરી યુવાનને ચાર શખ્સો એ માર મારી પગે ફ્રેકચર જેવી ગંભીર ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવાને ને હોસ્પિટલ માં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આમ યુવાન આવેશભાઈ સલીમભાઈ મોવર દ્વારા ધાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન માં માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવાની ફરિયાદ નોંધાવતા આ અંગે વધુ તપાસ ધાંગધ્રા સીટી પીએસઆઈ વીએમ વાઘેલા કરી રહ્યા છે.

# ખ્યાતિકાંડના માસ્ટર માઈન્ડ કાર્તિક પટેલની અમદાવાદ એરપોર્ટ પરથી ધરપકડ

## ૬૫ દિવસ બાદ ઝડપાયેલા કાર્તિકની પૂછપરછમાં મોટા ઘટસ્ફોટ થવાના એંધાણ

**અબતક, રાજકોટ**

ખ્યાતિ હોસ્પિટલ કાંડ અંગે એક મોટા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદની ક્રાઈમ બ્રાન્ચ ટીમે મોડી રાતે અમદાવાદ એરપોર્ટ પરથી ખ્યાતિ હોસ્પિટલના ડિરેક્ટર કાર્તિક પટેલને ઝડપી પાડ્યો છે. ખ્યાતિકાંડમાં છેલ્લા ૬૫ દિવસથી ભાગતા ફરતા મુખ્ય આરોપી અને હોસ્પિટલના ડાયરેક્ટર કાર્તિક પટેલની ૬૫ દિવસ બાદ ૧૭ જાન્યુઆરીની મોડી રાત્રે અમદાવાદ એરપોર્ટ પરથી ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે તબક્કાવાર આઠ આરોપીને ઝડપી પાડ્યા હતાં. આ કેસમાં નવમો મુખ્ય આરોપી કાર્તિક પટેલ



જ ફરાર હતો, જે એક દેશથી બીજા દેશમાં ભાગતો ફરતો હતો. આખરે ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ એરપોર્ટ પરથી તેની પણ ધરપકડ કરી લીધી છે. હવે આ કેસમાં અનેક ખુલાસા થવાની સંભાવના છે.

અમદાવાદના ખ્યાતિ હોસ્પિટલમાં નિર્દોષના મોત બાદ ખ્યાતિ ગ્રુપના ડાયરેક્ટર અને ચેરમેન સામે તપાસ ચાલી રહી હતી. જેમાં કાર્તિક પટેલ કેટલાક સમયથી વિદેશ ભાગી રહ્યો હતો. આ સમયે તેની સામે લુક આઉટ નોટિસ જાહેર કરવામાં આવી હતી. સતત તેને પકડવા માટે પોલીસ દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. તો આરોપી દ્વારા આગોતરા જામીન માટેના પ્રયાસો પણ કરવામાં આવ્યા, પરંતુ જામીન મંજૂર ન થયા નહોંતા. આખરે તેણે શરણાગતિ સ્વીકારી હોય તેમ ભારત આવ્યો છે અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઈન્ટરનેશનલ પોર્ટ પરથી તેની ધરપકડ કરી છે. સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે કાર્તિક પટેલ પહેલા ઓસ્ટ્રેલિયા અને ત્યારબાદ દુબઈ ભાગી ગયો હતો, હવે તેને આરોપીની જેમ ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં રાખવામાં આવશે.

ખ્યાતિ હોસ્પિટલ કેસમાં કાર્તિક પટેલે આગોતરા જામીન માટે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. જેની સુનાવણીમાં કાર્તિક પટેલના વકીલ અને સરકારી વકીલ બંનેની દલીલો સાંભળ્યા બાદ અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટે આગોતરા જામીનની અરજી ફગાવી દીધી હતી. ઉલ્લેખનીય છે કે, ખ્યાતિ હોસ્પિટલમાં દર્દીઓના બિનજરૂરી ઓપરેશન અને મોત મામલે ખ્યાતિ હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલ અને ડાયરેક્ટરો સામે વસ્ત્રાપુર પોલીસ મથકે ત્રણ ફરિયાદો નોધાઈ છે. ખ્યાતિકાંડ બાદ કાર્તિક પટેલ વિદેશ ભાગી ગયાની ચર્ચા ચાલી રહી હતી.

### શું હતો મામલો?

અમદાવાદના એસજી હાઈવે પર આવેલી ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ૧૧ નવેમ્બરના રોજ કડીના બોરીસણા ગામના ૧૯ લોકોની એન્જિયોગ્રાફી અને એ પૈકીના ૭ લોકોની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હતી, જેમાંથી બે દર્દીનાં મોત થતાં હોસ્પિટલ પર હોબાળો થયો હતો. ખ્યાતિ હોસ્પિટલના સંચાલકો અને તબીબો દ્વારા પીએમજેએવાય યોજનાનો લાભ લેવા માટે લોકોને ઓપરેશનની જરૂર ન હોવા છતાં ખોટી રીતે કરી નાખ્યાં હોવાનું સામે આવ્યું હતું. આ મામલે ફરિયાદ નોંધાયા બાદ પ્રથમ તમામ લોકોના ઓપરેશ કરનારા ડો. પ્રશાંત વઝીરાણીની ધરપકડ કરવામાં આવી હતી. એ બાદ ક્રાઈમ બ્રાન્ચે એક બાદ એક એમ સાત લોકોને દબોચી લીધા છે, જ્યારે બે આરોપી રાજશ્રી કોઠારી અને કાર્તિક પટેલ ફરાર હતાં. જેમાં ક્રાઈમ બ્રાન્ચે રાજશ્રી કોઠારીની ૩૨ દિવસ બાદ રાજસ્થાનથી ધરપકડ કરી હતી. તો આજે (૧૮જાન્યુઆરી) છેલ્લા અને મુખ્ય આરોપી કાર્તિક પટેલની પણ ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ એરપોર્ટ પરથી ધરપકડ કરી છે.

### કૌભાંડના નવ આરોપીઓ

- ડો. પ્રશાંત વઝીરાણી
- ચિરાગ રાજપૂત
- મિલિન્દ પટેલ
- રાહુલ જૈન
- પ્રતીક ભટ્ટ
- પંકિલ પટેલ
- ડો. સંજય પટોળિયા
- રાજશ્રી કોઠારી
- કાર્તિક પટેલ

### આયુષ્યમાન યોજના હેઠળ કરાયેલા ૩૮૪૨ ઓપરેશન પૈકી ૧૧૨ દર્દીઓના થયાં'તા મોત

થોડા દિવસો પહેલા ખ્યાતિ હોસ્પિટલકાંડ કેસની તપાસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સૌથી મોટો ખુલાસો કર્યો હતો. જેમાં ખ્યાતિ હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં ૩૮૪૨ ઓપરેશન કરવામાં આવ્યાની માહિતી અપાઈ હતી અને તેમાં ૧૧૨ દર્દીઓના ઓપરેશન દરમિયાન કે ત્યારબાદની સારવાર દરમિયાન મોત નિપજ્યાનો દાવો કરાયો હતો.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાનું ગુજરાતમાં: સંગઠનનું કોંકડુ ઉકેલશે

## જિલ્લા અને મહાનગરોના પ્રમુખો ગુંચવાયેલું કોંકડુ ઉકેલાય જાય તેવી શક્યતા: નવા પ્રદેશ પ્રમુખની નિયૂક્તી માટે પણ પ્રક્રિયા હાથ ધરાશે

**અબતક, રાજકોટ**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી.નડ્ડા ગુજરાતના મહેમાન બન્યા છે. તેઓ બે દિવસનું રોકાણ કરશે. સંગઠન પર્વ અંતર્ગત હાલ જિલ્લા અને મહાનગરોના પ્રમૂખોની નિયૂક્તી પ્રક્રિયા ગોટે ચડી છે. નડ્ડા આ ગુંચવાયેલી ગાંઠ ઉકેલે તેવી સંભાવના પણ જણાય રહી છે. આ ઉપરાંત નવા પ્રદેશ પ્રમુખની નિયૂક્તી માટેની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે.

ભાજપ દ્વારા હાલ સંગઠન પર્વની ઉજવણી અંતર્ગત રાજ્યભરમાં બૂથ સમિતિની રચના કરી દેવામાં આવી છે. આ ઉપરાંત મંડલ પ્રમુખની પણ નિયૂક્તી કરી દેવામાં આવી છે. જ્યારે જિલ્લા અને મહાનગરોના પ્રમૂખ માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા આટોપી લેવાયા બાદ રાજ્યભરમાં વિરોધ વંટોળ અને જૂથવાદના લબકારા ફાટી નિકળ્યો હતો. જેના કારણે જિલ્લા અને મહાનગરોના પ્રમુખોના નામની જાહેરાત પાછી ઠેલાઈ રહી છે. સ્થાનિક કક્ષાએથી જે નિર્ણયો લેવા જોઈએ તે મામલો દિલ્હી સુધી પહોંચ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ પણ ત્રણ દિવસ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. પરંતુ તેઓ પણ નામો નક્કી કરી શક્યા ન હતા. હવે આજે સાંજે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ, કેન્દ્રીય મંત્રી અને ગુજરાતના રાજ્યસભાના સાંસદ જે.પી. નડ્ડા આજે સાંજે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આજે સાંજે તેઓ અમદાવાદમાં ડોક્ટર્સ સાથે બેઠક યોજાશે. ત્યારબાદ ભાજપના કાર્યકરો સાથે બેઠક કરશે.

ભાજપના સંગઠન પર્વની પ્રક્રિયા હાલ વિલંબમાં પડી છે. પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડા આજથી બે દિવસ માટે ગુજરાતમાં વિવિધ કાર્યક્રમમાં હાજરી આપશે. ગુજરાતની મુલાકાત દરમિયાન નડ્ડા ગુજરાતમાં ભાજપના સંગઠનના હોદ્દેદારોને મળશે. સૌ પ્રથમ નડ્ડા અમદાવાદમાં શનિવારે મુખ્યમંત્રી



ભૂપેન્દ્ર પટેલની સાથે કેન્દ્ર સરકારની સ્વામિત્વ યોજનાના આરંભ પ્રસંગે સોલા વિસ્તારમાં યોજનારા કાર્યક્રમમાં હાજરી આપશે.આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સિંગથી સંબોધન કરશે. તે પછી નડ્ડા આઈઆઈએમ અમદાવાદમાં આરોગ્ય વ્યવસ્થાપનનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓની સાથે સંવાદ કરશે. સાંજે તેઓ ફાર્માસ્યુટિકલ રિસર્ચ સંસ્થા નાઈપર-ગાંધીનગરમાં જઈ અહીંના સંશોધકો અને છાત્રો સાથે એક પરિચર્ચામાં ભાગ લેશે.

રવિવારે તેઓ અમદાવાદની એક ખાનગી હોટેલમાં ભાજપના ડોક્ટર સેલના નેતાઓ તથા શહેરના નામાંકિત તબીબો સાથે ચર્ચા કરવાના છે. બાપુનગરમાં સંવિધાન દિવસની ઉજવણીમાં પણ નડ્ડા હાજર રહેશે. આ દરમિયાન શનિવારે સાંજે અને રવિવારે સવારે નડ્ડાએ કેટલોક સમય પોતાના માટે અનામત રાખ્યો છે.જેમાં તેઓ પ્રદેશના નેતાઓ સાથે બેઠક કરશે અને નવા પ્રદેશ અધ્યક્ષની નિયુક્તિ ઊપરાંત જીલ્લા અને મહાનગરોના પ્રમુખના નામો નક્કી કરવા અંગે નિર્ણય લઈ શકે છે.

કમુરતા બાદ ભાજપ દ્વારા જિલ્લા અને શહેર પ્રમુખના નામો જાહેર કરવામાં આવશે તેવી શક્યતા જણાતી હતી.પરંતુ ગુંચ વધુ હોવાના કારણે નામો નકકી થઈ શકતા નથી.ભાજપના નવા પ્રદેશ સુકાનીની પણ જાહેરાત થવાની છે. આ જાહેરાત થવામાં વિલંબ થઈ રહ્યો છે. શહેર ભાજપ પ્રમુખ અને જિલ્લા ભાજપ પ્રમુખોની નિયુક્તિઓની પ્રક્રિયામાં કોકડું ગુંચવાયું છે. શહેર અને જિલ્લા ભાજપ પ્રમુખોના નામો જાહેર થવામાં હજુ પણ વિલંબ થઈ શકે છે. ઉમેદવારી ફોર્મ ભરાયાના બે અઠવાડિયાથી વધુ સમય બાદ પણ હજુ પણ નામો જાહેર થવાના બાકી છે. જિલ્લા અને શહેર ભાજપ પ્રમુખોના નામો અંગે દિલ્હીથી લીલી ઝંડીની રાહ જોવાય રહી છે. સંગઠનની નિયુક્તિ પ્રક્રિયાના વિલંબ વચ્ચે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા ગુજરાતની

(અનુ. આઠમા પાને)

# સિંહોને બચાવવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મેદાને!

## રેલવે વિભાગ દ્વારા હાલ પ્રાયોગિક ધોરણે ૫૦ કિમીના વિસ્તારમાં એઆઈ બેઝ્ડ ઈન્ટ્રુશન ડિટેક્શન ડિવાઈસ લગાવવાનો નિર્ણય કરાયો: ડિવાઈસના કારણે રેલવેટ્રેકની ૫૦ મીટરમાં સિંહ આવતાં જ ટ્રેનના પાઈલટ અને વન વિભાગના અધિકારીને જાણ થઈ જશે, જેથી સંભવિત અકસ્માતને નિવારી શકાશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં રેલવેટ્રેક પર સર્જાતા સિંહના અકસ્માતને ઘટાડવા માટે રેલવે વિભાગે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદ લેવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલી સુઓમોટો પિટિશનની સુનાવણી દરમિયાન રેલવે વિભાગ દ્વારા આ માહિતી આપવામાં આવી હતી. રેલવે વિભાગ દ્વારા હાલ પ્રાયોગિક ધોરણે ૫૦ કિમીના વિસ્તારમાં એઆઈ બેઝ્ડ ઈન્ટ્રુશન ડિટેક્શન ડિવાઈસ લગાવવાનો નિર્ણય કર્યો છે. આ ડિવાઈસના કારણે રેલવેટ્રેકની ૫૦ મીટરમાં સિંહ આવતાં જ ટ્રેનના પાઈલટ અને વન વિભાગના અધિકારીને જાણ થઈ જશે, જેથી સંભવિત અકસ્માતને નિવારી શકાશે. ગુજરાતના એશિયાટિક સિંહોના અપમૃત્યુના મામલે હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલા સુઓમોટો રિટ પિટિશનની સુનાવણી શુક્રવારે થઈ હતી. જે રિટમાં રેલવે વિભાગ દ્વારા સિંહોના રક્ષણ અને સંરક્ષણ માટેના નવતર પ્રયોગો અંગેની માહિતી આપવામાં આવી હતી. જેમાં રેલવે તરફથી જણાવાયું હતું કે,'રેલવે ટ્રેકની ૫૦ મીટરની આસપાસ સિંહોની અવરજવરનો અંદાજ લગાવવા ઈન્ટ્રુશન ડિટેક્શન નામની એક ખાસ ડિવાઈસ લગાવાશે. જેમાં જંગલમાંથી પસાર થતી રેલવે લાઈનને સમાંતર ફાઈબર કેબલ નાખવામાં આવશે. જેથી સિંહોની અવર જવર એટલે કે તેમની મુવમેન્ટ અંગે રેલવેના પાયલટ અને વન વિભાગના અધિકારીઓને અગાઉથી ખબર પડી શકશે. જેના પરિણામે અકસ્માતો અટકાવી શકાશે. રેલવે આ માટે ટેન્ડર જાહેર કર્યું છે. પહેલા ૫૦ કિ.મી. રેલ લાઈનમાં પ્રાયોગિક ધોરણે તેનો અમલ કરવામાં આવશે. પછી યોગ્ય પરિણામો મળતા આગળ બીજા ટેન્ડર બહાર પાડવામાં આવશે.વન વિભાગ તરફથી ફાઈલ થયેલી એફિડેવિટમાં ટ્રેન સાથે થયેલા ૨૫ જુલાઈના અકસ્માત બાબતે માહિતી આપવામાં આવી હતી. જ્યારે સિંહણ અને તેના બચ્ચા વિશેના મૃત્યુની માહિતી નહોતી. જેથી કોર્ટે નારાજગી દર્શાવી હતી. વન વિભાગે જણાવ્યું હતું કે, ૨૫ જુલાઈના અકસ્માતમાં અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કોર્ટે પૂછ્યું હતું કે, એસઓપી બન્યા બાદ કેવી રીતે અકસ્માત બન્યો? કોર્ટે આ અંગે સરકારનો ખુલાસો માગ્યો હતો. જોકે, આજે તે અંગે વધુ ચર્ચા થઈ નથી. હાઈકોર્ટે અગાઉ હુકમ કર્યો હતો કે, રેલવે અને વન વિભાગ ભેગા મળીને એક હાઈ લેવલ કમિટી બનાવે.

# જીએસઆરટીસીમાં હવે ક્લાર્કની ભરતી માટે સ્નાતક હોવું ફરજિયાત

## અત્યાર સુધી, ધોરણ ૧૨ પાસ ઉમેદવારો સીધી ભરતી દ્વારા જીએસઆરટીસીમાં ક્લાર્કની નોકરી મેળવી શકતા હતા

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વર્ગ-૩ની સીધી ભરતી માટેની લાયકાતમાં મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. હવેથી, જીએસઆરટીસીમાં વર્ગ-૩ની નોકરીઓ માટે અરજી કરવા ઈચ્છતા ઉમેદવારો માટે સ્નાતકની ડિગ્રી હોવી ફરજિયાત રહેશે. અત્યાર સુધી, ધોરણ ૧૨ પાસ ઉમેદવારો સીધી ભરતી દ્વારા જીએસઆરટીસીમાં ક્લાર્કની નોકરી મેળવી શકતા હતા. જોકે, હવે આ નિયમમાં બદલાવ કરવામાં આવ્યો છે. ત્યારે આ નિયમને લઈ અમુક ઉમેદવારોને પરેશાન થવાની વારી આવી છે. આ ફેરફાર સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક : ૦.-૦૫/૨૭/૨૦૧૪/ કભપ/૧૦૨૦૧૪/૮૭/૦, તા.૩૦/૯/૨૦૧૯ અને નિગમના સંચાલક મંડળના ઠરાવ નં.૧૦૦૩૬, તા.૨૯/૧/૨૦૨૪ અનુસાર કરવામાં આવ્યો છે. નવા નિયમ મુજબ કલાર્ક કક્ષાની સીધી ભરતી માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત હવે ધોરણ ૧૨ને બદલે ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સીટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય

(અનુ. આઠમા પાને)

# મહાકુંભના શ્રધ્ધાળુઓ માટે ગુજરાત સરકારે હેલ્પલાઈન નંબર જાહેર કર્યા

## ભાવિકોને સહાયરૂપ બનશે ગુજરાત પેવિલિયન: ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ ઉપરથી તમામ માહિતી મળશે

**અબતક, રાજકોટ**

ભારતનો સૌથી ભવ્ય આધ્યાત્મિક મેળો એટલે કુંભનો મેળો. પૂર્ણ કુંભ મેળો દર ૧૨ વર્ષે આયોજિત થાય છે. આ વર્ષ એટલે કે ૨૦૨૫નો મહા કુંભ મેળો આધ્યાત્મિક દ્રષ્ટિએ અતિ મહત્વપૂર્ણ છે. કારણ કે, હિન્દુ સંસ્કૃતિ મુજબ ચારેય મુખ્ય ગ્રહો-સૂર્ય, ચંદ્ર, ગુરુ અને શનિ સંરેખિત થશે. આ સંયોગ દર ૧૪૪ વર્ષમાં એકવાર આવતો હોવાથી આ મહાકુંભ અતિ વિશિષ્ઠ માનવામાં આવે છે. ભારત સહિત વિશ્વભરના ભકતો મહાકુંભ-૨૦૨૫માં સહભાગી થઈ ગંગા, યમુના અને સરસ્વતી જેવી પવિત્ર નદીઓના ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવીને ધન્યતા અનુભવે છે.

ગુજરાતમાંથી લાખો ભાવિકો મહાકુંભ-૨૦૨૫માં સહભાગી થવા ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ જઈ રહ્યાં છે. ગુજરાતના શ્રદ્ધાળુઓને ત્યાં તમામ સેવા-સુવિધા પૂરી પાડવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પ્રયાગરાજ ખાતે તા. ૧૩ જાન્યુઆરી થી ૨૬ ફેબ્રુઆરી સુધી 'ગુજરાત પેવિલિયન' બનાવામાં આવ્યું છે. ગુજરાત પેવિલિયનનો મુખ્ય ઉદ્દેશ ભારત સહિત વિશ્વભરના પ્રવાસીઓને ગુજરાતના વૈવિધ્યસભર વારસાથી પરિચિત કરાવી તીર્થયાત્રીઓને શક્ય તમામ પ્રકારની મદદ કરવાનો છે.

આ ઉપરાંત ગુજરાત પ્રવાસન નિગમ દ્વાર ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ જાહેર કરવામાં આવ્યો છે. આ નંબર પર સંપર્ક કરીને ગુજરાતીઓ મહાકુંભ-૨૦૨૫ને લગતી તમામ માહિતી ઉપરાંત પેવેલિયનની વિવિધ સેવાઓ વિશે જાણકારી મેળવી શકશે.

ગુજરાત પેવિલિયનની મુખ્ય વિશેષતાઓ પર નજર કરવામાં આવે તો " મહાકુંભમાં આવતા શ્રદ્ધાળુઓને માર્ગદર્શન તથા મહાકુંભને લગતી તમામ માહિતી સરળતાથી મળી રહે તે હેતુસર ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ૨૪ કલાક કાર્યરત હેલ્પ ડેસ્કની સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે, જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ છે. વિશ્વભરમાંથી આવતા શ્રદ્ધાળુઓ ગુજરાતના સાંસ્કૃતિક, પ્રાકૃતિક તથા ઐતિહાસિક વારસાથી માહિતગાર થઈ શકે તે હેતુથી ગુજરાતના શ્રેષ્ઠ પર્યટક સ્થળોની ઝાંખી ત્યાં ઊભી કરવામાં આવી છે. " મહાકુંભમાં આવતા ભક્તો અને પ્રવાસીઓ ગુજરાતના હસ્તકલા વારસાથી માહિતગાર થઈ શકે

(અનુ. આઠમા પાને)

# જસદણના ખાંડા હડમતીયા ગામે કપાસના પાકમાંથી ગાંજાનું વાવેતર પકડાયું

## એસઓજીએ દરોડો પાડી ૨૪૦૦૦ની કિંમતનો બે કિલો અને ૪૧૬ ગ્રામ ૩૦ લીલા ગાંજાના છોડ કબજે કર્યા, ખેડૂતની ધરપકડ

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાના ખાંડા હડમતીયા ગામની સીમમાં કપાસના પાકમાં ગાંજાની ખેતી કરતા ખેડૂતને એસસોજીએ ઉઠાવી લઈ રૂપિયા ૨૪૦૦૦ ની કિંમતના બે કિલો અને ૪૧૬ ગ્રામના ૩૦ ગાંજાના ૩૦ છોડ કબજે કરી સ્થાનિક પોલીસ મથકે ગુનો નોંધી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ વ્યસન થી યુવાઓને બચાવવા માટે નશીલા પદાર્થને હેરાફેરી અને વાવેતર ને અટકાવવા રાજકોટ જિલ્લા એસ.પી. હિમકરસિંહ એ આપેલી સૂચનાને પગલે એસસોજીના પીઆઈ એફ .એમ. પારગી ચેતના સ્ટાફે ઠાગા વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે જસદણ તાલુકાના ખાંડા હડમતીયા ગામે રહેતા ખોડા વાઘજી રોજાસરા નામના ખેડૂતે પોતાના વાડીમાં કપાસના પાક્માં ગાંજાનું વાવેતર કર્યું હોવાને હેડ કોન્સ્ટેબલ



હિતેશભાઈ અગ્રાવત અને વિજયગીરી ગોસ્વામીને મળેલી બાતમીના આધારે પીએસઆઈ બી સી મીયાત્રા, એએસઆઈ જયવીરસિંહ રાણા, સંજયભાઈ નિરંજની, ઈન્દ્રસિંહ જાડેજા ,અમિતભાઈ કનેરીયા, અતુલભાઈ ડાભી , હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ અને શિવરાજભાઈ ખાચર સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન બે કિલો ૪૧૬ગ્રામ ૩૦ ગાંજાના છોડ સાથે ખોડા રોજાસરા ની ધરપકડ કરી રૂપિયા ૨૪૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

ઝડપાયેલા ખોડા એ આર્થિક જરૂરિયાત માટે પ્રથમ વખત ગાંજાનું વાવેતર કરવા જતા પોલીસના હાથમાં દબોચાય ગયો છે. જસદણ પોલીસ મથકના ચોપડે ખોડા વાઘજી રોજાસરા વિરુદ્ધ એનડીપીએસની કલમ હેઠળ ગુનો નોંધી તપાસનો ધમધમાટ આદર્યો છે

